# ગોપીપ્રેમ




## - શ્રી યોગેશ્વર

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




e-book

| | |
|---|---|
| Title | : Gopi Prem |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 65 |
| Created | : April 30th 2009. |


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

## પ્રસ્તાવના

પરમહંસોની પવિત્ર પરમપ્રેરક સંહિતા, મહાપુરાણ તરીકે પ્રખ્યાત મહાગ્રંથ શ્રીમદ્ ભાગવતમાં ગોપી પ્રેમના પ્રસંગોનું મહત્વ મોટું છે. દશમ સ્કંધને ભાગવતનું હૃદય કહી શકાય. અને એમાં આલેખાયલી ગોપીઓના પ્રેમ ને એમના પ્રાણ, એના આરાધ્યદેવ અથવા એમના આત્મારૂપે અલંકૃત થયેલા ભગવાન કૃષ્ણના પરમપ્રેમની કથાને દસમા સ્કંધનું હાર્દ ગણી શકાય. એથી ગોપીપ્રેમને શ્રીમદ્ ભાગવતનું સારતત્વ કે જીવનતત્વ કહેવામાં કશી અતિશયોક્તિ નથી થતી.


ગોપીઓનો શુદ્ધતમ સ્નેહ સરિતાના પાવન પ્રવાહની પેઠે ભગવાન કૃષ્ણના સનાતન સાગર તરફ વહ્યા કરે છે. એને લીધે ગોપીઓ કૃતાર્થ બની છે. પ્રત્યેક માનવ એવી રીતે પરમાત્મા સાથે સ્નેહસંબંધ બાંધી, પરમાત્માને સર્વ પ્રકારે, સર્વાવસ્થામાં, સમર્પિત બનીને કૃતાર્થ થઈ શકે છે.

વિશ્વનું વિશાળ વૃંદાવન છે ને જીવમાત્ર ગોપી, એમાં પ્રેમાસ્પદ કૃષ્ણનું સ્નેહસંગીત સંભળાયા જ કરે છે. કેવળ સાંભળનાર જોઈએ. જે સાંભળે છે તે સાર્થક બને છે.

પ્રસ્તુત પુસ્તકમાં આલેખાયલા ગોપીપ્રેમના પ્રસંગો ગોપીઓના વિશદ વ્યક્તિત્વોને સમજવામાં સહાયતા પહોંચાડશે અને પ્રેરક ઠરશે એવી આશા છે.



**- યોગેશ્વર**



## અનુક્રમ


૧) પ્રારંભ

૨) કાત્યાયનીવ્રત

૩) વેણુસ્વર

૪) અહંભાવ

૫) ગોપીઓનો અનુરાગ

૬) ગોપીગીત

૭) ગોપીઓના પ્રશ્નો

૮) રાસલીલા

૯) યુગલગીત

૧૦) વિયોગ

૧૧) ઉદ્ધવની વ્રજયાત્રા--૧

૧૨) ઉદ્ધવની વ્રજયાત્રા--૨

૧૩) કુરુક્ષેત્રમાં કૃષ્ણનો સમાગમ.

## ૧. પ્રારંભ

ભક્તિરસથી ભરપૂર, ભક્તિતત્વથી અત્યંત અલંકૃત, ગ્રંથરત્ન શિરોમણી શ્રીમદ્ ભાગવતનું હૃદય એના સુંદર, પરમ પ્રેમપરિપ્લાવિત, પરમ રસભંડાર દસમા સ્કંધમાં છે, અને એનો આત્મા એમાં અતિશય આકર્ષક અને આહ્લાદક રીતે આલેખાયેલા ગોપીપ્રેમમાં અવલોકી શકાય છે. ગોપીપ્રેમને શ્રીમદ્ ભાગવતનું સારતત્વ કહીએ તો ચાલે. એને ભાગવતનું જીવનતત્વ કહેવામાં કશી અતિશયોક્તિ નથી થતી.

વ્રજની ગોપીઓને વિદ્વાનો વેદની ઋચાઓ સાથે સરખાવે છે. વેદની વિવિધ ઋચાઓ જ લીલાતનુને ધારણ કરીને અભેદજ્ઞાનપૂર્ણ પરમપવિત્ર પરમાત્મપ્રેમના મહિમાને સમજાવવા પાર્થિવ પૃથ્વી પર પ્રકટી હતી એવું એ માને છે. એ માન્યતા સાચી હોય કે ના હોય તો પણ એક વાત તો સંપૂર્ણ સાચી છે અને લેશ પણ વિવાદાસ્પદ નથી કે ગોપીઓ વેદની ઋચાઓ સરખી સરળ, પવિત્ર તથા પરમાત્માના પરમપ્રેમના મંગલમય મહામહિમાથી મંડિત હતી. એમના રૂપમાં પરમાત્માના પ્રખર પવિત્ર પ્રેમનું જ પ્રકટીકરણ થયેલું અથવા એ સનાતન સ્નેહ કે વિશુદ્ધ ભક્તિભાવના સાકાર સ્વરૂપ સમી હતી, એવી પ્રતીતિ એમના જીવન પરથી થયા વિના નથી રહેતી. પતિતપાવની પુણ્યમયી ગંગાએ અને ભક્તિરસથી રંગાયલી યમુનાએ એમના સ્વરૂપમાં પ્રકટવાનું પસંદ કર્યું હોય એવું લાગતું.

ગોપીઓના ભગવાન કૃષ્ણ પ્રત્યેના પવિત્ર પ્રેમના પ્રતિધ્વનિ વ્રજમંડળનો પુણ્યપ્રવાસ કરનારને ત્યાંની ભક્તિભાવથી ભરપૂર શ્રદ્ધાસમન્વિત પાવન ભૂમિમાં આજે પણ સહેલાઈથી સાંભળવા મળે છે. પ્રવાસીનું અંતર એમને સાંભળીને ભાવવિભોર અને ગદ્ ગદ્ બને છે. એનો પ્રાણ પરમાત્માની પ્રેમભક્તિથી પરિપ્લાવિત બને છે. ગોપીઓના ભગવાન કૃષ્ણ પ્રત્યેના શુદ્ધતમ સ્નેહની સ્મૃતિ તો ત્યાં થાય જ છે, અંતર એમના અનુરાગનું અનેકવિધ અનુમાન કરવાના કલ્યાણકાર્યમાં લાગી જાય છે. સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય મહર્ષિ વ્યાસે એમની સ્નેહસ્મૃતિને શ્રીમદ્ ભાગવતના દસમાં સ્કંધમાં અમર કરી છે. એનું અવલોકન કરતાં લાગે છે કે ગોપીઓ કેવળ પ્રેમમયી ન હતી પરંતુ ઉચ્ચ પ્રકારના વિશુદ્ધ આત્મજ્ઞાનથી અલંકૃત હતી.

ગીતામાં ભગવાન કૃષ્ણે અર્જુનને જણાવ્યું છે કે "હું સૌનો આદિ છું અને મારે લીધે જ જગત કાર્ય કરે છે, એવું સમજીને ભક્તિભાવથી ભરપૂર જ્ઞાની પુરૂષો મને ભજે છે. એ ચિત્તને મારામાં જોડીને, પ્રાણને મારામાં પરોવીને, પરસ્પર મારી વાતો કરતા અને સદા મારી ચર્ચાવિચારણાનો આશ્રય લેતા આનંદ અનુભવે છે અને સંતોષ પામે છે. એવા મને પ્રેમપૂર્વક ભજનારા અને મારી સાથે સતત રીતે જોડાયેલા શરણાગત ભક્તોને હું બુદ્ધિયોગ આપું છું. તેથી તે મને મેળવી લે છે. એમના ઉપર અનુકંપા કરીને એમના અંતરમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારને હું જ્ઞાનના પરમપ્રકાશવાન પ્રદીપને પ્રકટાવીને દૂર કરૂં છું.'' (અધ્યાય ૧૦, શ્લોક ૮ થી ૧૧)

ભગવાન કૃષ્ણનું એ કથન વ્રજની ગોપીઓના સંબંધમાં જાણે કે સંપૂર્ણપણે સાચું પડેલું. એમના અંતરમાં પરમાત્માની પરમકૃપાને પરિણામે જ્ઞાનનો પવિત્ર પ્રકાશ પથરાઈ ચૂકેલો. એથી એમનું સમસ્ત

જીવન ધન્ય બનેલું. બહુજનસમાજ એમને કેવળ પ્રેમમૂર્તિ તરીકે ઓળખે છે અને ઓળખાવે છે પરંતુ એ જ્ઞાનમૂર્તિ પણ હતી એ ખાસ જાણવા જેવું છે.

મહાકવિ કાલિદાસે રઘુવંશના આરંભમાં અહંકારરહિત ઉદગારોમાં કહ્યું છે કે ક્યાં રઘુવંશ અને ક્યાં મારી અલ્પવિષયવાળી મતિ ? રઘુવંશનું વર્ણન કરવાની શુભેચ્છાથી હું પ્રેરાયો છું ખરો, પરંતુ એનું વર્ણન કરવાની શક્તિનો મારામાં અભાવ છે. નાનકડી નાવથી સુવિશાળ સુદુસ્તર સિંધુને તરવાની મહત્વાકાંક્ષાવાળા મોહમગ્ન માનવના જેવી મારી અવસ્થા છે. વૃક્ષ પરના ફળને ઊંચો માનવ હસ્તગત કરી શકે છે પરંતુ હું તો વામન છું. છતાં પણ એને હસ્તગત કરવા માટે મેં હાથ ઊંચો કર્યો છે. મારી દશા કેટલી બધી દયાનીય અને હાસ્યાસ્પદ છે ? ગોપીઓના પ્રેમપ્રસંગના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. એના અગાધ સાગરને માપવાનું કાર્ય કઠિન છે. એ પ્રેમફળને હસ્તગત કરવાનું કાર્ય આકાશકુસુમવત્ અશક્ય છે. પણ...ફળ ગમે તેટલું ઊંચું હોય તો પણ મોટા માણસની અનુકંપાથી હસ્તગત કરી શકાય છે. એવી રીતે ગોપીઓનો પ્રેમ અતિશય અલૌકિક અને અવર્ણનીય હોવા છતાં મારી સીમિત શક્તિની મને ચિંતા નથી. ઈશ્વરની પરમકૃપાથી મારે માટે એ પ્રેમના આલેખનનું કલ્યાણકાર્ય સફળ બનશે એવો મને વિશ્વાસ છે.

ગોપીઓના પવિત્ર પ્રેમભાવને પેખીને, એથી પ્રસન્ન થઈને, ભગવાને એમના પર અનુગ્રહનો વરસાદ વરસાવ્યો એ હકીકત શું સૂચવે છે ? એ જ કે આજે પણ જે જીવ ગોપીઓની પેઠે પરમાત્માના પરમપવિત્ર પ્રેમભાવથી પુલકિત બને ને પરમાત્માને અથવા સૃષ્ટિના એકમાત્ર સાચા સુહૃદને શરણે જાય એના પર એમની અલૌકિક અમોઘ અનુગ્રહવર્ષા વરસે એમાં લેશ પણ સંદેહ નથી. આવશ્યકતા છે માત્ર સમજપૂર્વકના સાચા પવિત્ર પ્રખર પ્રેમની.

વિશ્વના વિશદ વિશાળ વાયુમંડળમાં પરમાત્માની પ્રેમવેણુ સદાય વાગી રહી છે. માનવના હૃદયરૂપી વિમળ વૃંદાવનમાં પણ પળેપળ એના પ્રતિધ્વનિ પડી રહ્યા છે. પોતાની દૃષ્ટિ તથા રસવૃત્તિને વિશાળ કરીને અને પોતાના દિલની દુનિયામાં ઊંડા ઊતરીને જે એને સાંભળશે તે એ પ્રેમનિધાન પ્રિયતમ સાથે રાસ રમીને આત્માની અખંડ એકતાને અનુભવી શકશે એ ચોક્કસ છે. ગોપીઓના પ્રેમ પરિપ્લાવિત ભક્તિભરપૂર જ્યોતિર્મય જીવનનો એ સનાતન સંદેશ છે. એ સ્વર્ણસંદેશને સાંભળી, જીવનમાં ઝીલીને ધન્ય બનીએ.

ગોપીઓ આત્મવિકાસની સાધનાના સર્વોચ્ચ સુમેરુશિખર પર આરૂઢ થયેલી. મોહમાંથી મુક્તિ મેળવી ચૂકેલી. લૌકિક રાગદ્વેષ અને સ્થૂળ અહંતા મમતાથી મુક્ત હતી. જીવનમુક્ત બનેલી. પરમહંસપદે પહોંચેલી. પરમાત્માનો પરમપવિત્ર પ્રબળ પ્રેમ કેવો હોય તે દર્શાવવા માટે જ પાર્થિવ પૃથ્વી પર પ્રકટેલી. ભક્તિના સર્વશ્રેષ્ઠ સાકાર સ્વરૂપ સરખી હતી.

એમના પરમપ્રેમમય વિશદ વ્યક્તિત્વના નિર્માણ પાછળ અનંત જન્મોની સાધનાપરંપરા કામ કરી રહેલી. એમનાં તપવ્રત, યોગયજ્ઞાદિ પુણ્યોનો પરિપાક પરાકાષ્ઠા પર પહોંચેલો, માટે જ એ પરમાત્માની થઈ શકેલી અને પરમાત્માના અનુગ્રહની અધિકારિણી બનેલી. મોટામોટા મુનિવરો પણ એમને માટે અસાધારણ આદરભાવ રાખતા, એમને આદર્શ સમજતા, અને એમનામાંથી પ્રેરણાની પ્રાપ્તિ કરતા, એટલે તો પરમાત્માના પરમકૃપાપાત્ર પ્રાતઃસ્મરણીય સ્વાનુભૂતિસંપન્ન સંતશિરોમણી દેવર્ષિ નારદે પોતાના નારદભક્તિસૂત્ર ગ્રંથરત્નમાં ભગવાનની આદર્શ ભક્તિથી ભરપૂર અસાધારણ આત્માઓ પ્રત્યે અંગુલિનિર્દેશ

કરતાં **यथा ब्रजगोपिकानाम्** કહીને વ્રજમંડળની ગોપીકાઓનો આદરપૂર્ણ ઉલ્લેખ કર્યો છે. એમના ભગવાનને માટેના પરમપવિત્ર પતિતપાવન પ્રેમનું વર્ણન પરિપૂર્ણપણે કરવાનું અશક્ય હોવા છતાં, એનો અલ્પ આસ્વાદ પણ આનંદદાયક, આરામકારક, શ્રેયસ્કર થઈ પડશે એવું સમજીને, એ પ્રેમસરિતાનું યથાશક્તિ સ્નાન, પાન, આચમન કરવાની પ્રવૃત્તિ કરીને જીવનના બહુમૂલ્ય સમયને સુધારવાનો સંકલ્પ કર્યો છે. ભગવાનની અહેતુકી કૃપાથી એ સંકલ્પ સાર્થક થશે એવી શ્રદ્ધા છે.

* * *

## ૨. કાત્યાયીની વ્રત

પરમાત્માનો પરમપવિત્ર પ્રેમ કાંઈ જેના તેના જીવનમાં જાગે છે ? એ પ્રેમનું પતિતપાવન પ્રાકટ્ય જેના તેના પ્રાણમાં થઈ શકે છે ? એ પ્રેમની સુધામયી વીણા જ્યાં ત્યાં અને જેનો તેના અંતરમાં વાગે છે ખરી ? ના. સંસારમાં પરમાત્માના પરમપવિત્ર પ્રેમનું દર્શન કોઈક ધન્ય ક્ષણે, પાવન પળે, સ્વર્ગીય સ્થળે જ થઈ શકે છે. સહસ્ત્રોમાંથી કોઈકને જ એની પ્રાપ્તિ થાય છે. જ્ઞાની થવું સહેલું, યોગી થવાનું સહેલું, પરંતુ પરમાત્માના પ્રેમી બનવાનું કઠિન હોય છે.

પરમાત્માના પરમકૃપાપાત્ર સ્વનામધન્ય દેવર્ષિ નારદજીએ પોતાનાં ભક્તિસૂત્રોમાં જણાવ્યું છે કે કોઈક સુપાત્ર પુરૂષના જીવનમાં જ એ પ્રેમ પ્રકાશી ઊઠે છે. **प्रकाशते क्वापि पात्रे ।** જેના જન્માંતર સંસ્કારો અતિશય પ્રબળ હોય, જેણે પૂર્વજન્મમાં સદ્ બુદ્ધિથી સંપન્ન બનીને પરમાત્માની શરણાગતિ સ્વીકારી હોય ને ભક્તિ કરી હોય, તે વર્તમાન જીવનમાં પરમાત્માના પવિત્ર પ્રેમથી પરિપ્લાવિત બનીને જન્મે છે ને જીવે છે. તેના જીવનમાં જ પરમાત્માનો પ્રેમરસ પ્રાદુર્ભાવ પામે છે ને સ્થિર થાય છે. કવિ દયારામે એ સંદર્ભમાં ઠીક જ કહ્યું છે કે

જે કોઈ પ્રેમઅંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે.

ગોપીઓ એવો પરમપવિત્ર પરમાત્મપ્રેમનું પ્રતિનિધિત્વ કરતાં પાર્થિવ પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામેલી. એમના જન્માંતર સંસ્કારો અતિશય ઉચ્ચ હતા. પૂર્વજન્મમાં એમણે ભગવાનની ભાવભીની ભક્તિ કરેલી, તીવ્રતમ તપશ્ચર્યાનો આધાર લીધેલો. એને લીધે એમનાં અંતઃકરણ વિશુદ્ધ બનેલાં અથવા અલૌકિક થયેલાં. એમની અંદર પરમાત્માનો પવિત્ર પ્રેમ પ્રકાશી ચૂકેલો.

એમના જીવનનો એક પ્રસંગ છે. શ્રીમદ્ ભાગવતના દસમા સ્કંધના બાવીસમાં અધ્યાયમાં કહ્યું છે કે વ્રજની કુમારિકાઓએ એકવાર કાત્યાયની વ્રત કર્યું.

**हेमन्ते प्रथमे मासि नन्दव्रजकमारिकाः ।**

**चेरुर्हविष्यं भुञ्जानाः कात्यायन्यर्चनव्रतम्** ॥०१॥ (અધ્યાય ૨૨, શ્લોક ૧)

'નંદના વ્રજમંડળની કુમારિકાઓએ હેંમત ઋતુના પ્રથમ માસ દરમિયાન હવિષ્યનું ભોજન કરીને અસાધારણ શ્રદ્ધાભક્તિપૂર્વક કાત્યાયની દેવીનું વ્રત કર્યું.'

ભાગવતના એ શબ્દો પરથી સ્પષ્ટ રીતે જણાય છે કે ભારતવર્ષના એ ભવ્ય ભાતીગળ ભૂતકાળમાં વિવિધ દેવદેવીઓની આરાધના પ્રવર્તમાન હતી. માનવના ભક્તિભાવયુક્ત અંતઃકરણને એક અથવા બીજા આધારની આવશ્યક્તા હોય છે. એવા આધાર વિના એને માટે આગળ વધવાનું અથવા આધ્યાત્મિક અભ્યુત્થાન કરવાનું કાર્ય કઠિન હોય છે. વિશ્વની ધાત્રી, વિધાત્રી, સર્વેશ્વરી જગદંબા તો એક જ છે. એ સર્વશ્રેષ્ઠ પરમાત્મ સત્તા કે ચેતનાને પરબ્રહ્મ પરમાત્મા કહીએ, જગદંબા કહીએ, અંબિકા, ત્રિપુરાસુંદરી કે કાત્યાયની કહીએ અથવા અન્ય ગમે તે નામે ઓળખીએ તો પણ તત્વતઃ એ એક જ છે. પરમસત્ય તો એક જ છે પરંતુ વિદ્વાનો એને પોતાની રૂચિ, પ્રકૃતિ તથા પસંદગી પ્રમાણે અનેક રૂપે આરાધે છે.

ગોપીઓ વ્રતના દિવસો દરમ્યાન રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને યમુનાસ્નાનથી નિવૃત્ત થઈને સૂર્યોદયે સરિતાતટે શાંતિપૂર્વક બેસીને રેતીની મૂર્તિ બનાવીને દેવીને પૂજતી અને નૈવેદ્યાદિ ધરીને કહેતી કે હે કાત્યાયનીદેવી, હે મહામાયા, હે મહાયોગિની, યોગાધિષ્ઠાત્રી ! અનુગ્રહની અલૌકિક વર્ષા વરસાવીને શ્રીકૃષ્ણને અમારા પતિ તરીકે પ્રદાન કરો. ગોપીઓની એ મૂળ પ્રાર્થના આ રહી :

कात्यायनि महामाये महायोगिन्यधीश्वरि ।

नन्दगोपसुतं देवि पतिं मे कुरु ते नमः ।

इति मन्त्रं जपन्त्यस्ताः पूजां चक्रुः कमारिकाः ॥०४॥ (અધ્યાય, ૨૨ શ્લોક ૪)

ગોપીઓની અંદર કૃષ્ણને માટેના એવા અસાધારણ અનુરાગનો આવિર્ભાવ કેવી રીતે થયો ? કહે છે કે મોટાભાગની વ્રજગોપીઓ રામાવતારની ઋષિઓ હતી. એમને રામની સાથે રહીને એમની એકાંતિક અનુરાગયુક્ત એકનિષ્ઠ મધુર ભક્તિ કરવાની અને આત્મિક આનંદને અનુભવવાની આકાંક્ષા હતી. રામે એમની એ આકાંક્ષાને પરિપૂર્ણ કરવાનું આશ્વાસન આપેલું. એ આશ્વાસનના અનુસંધાનમાં કૃષ્ણાવતાર દરમિયાન ઋષિઓને ગોપીઓના લીલાતનુની પ્રાપ્તિ થઈ, એ કથનને સાચું માનીએ કે ના માનીએ તો પણ એટલું તો માનવું જ પડે છે કે ગોપીઓ પૂર્વજન્મના મહાન સર્વોચ્ચ સંસ્કારવારસને લઈને પ્રાદુર્ભાવ પામેલી. એમના સમગ્ર જીવનની સમીક્ષા કરવાથી સમજાય છે કે ગોપી બનવું કાંઈ સહેલું નથી. ગોપી બનાતું નથી, થવાય છે. પૂર્વજન્મોના પુણ્યસંસ્કારો જ્યારે સંપૂર્ણપણે ખીલી ઊઠે અને ઈશ્વરનો અપાર્થિવ અનુરાગ અસાધારણતા પર પહોંચે ત્યારે ગોપી થવાય છે. આધ્યાત્મિક અભ્યુત્થાનની એ એક અવશ્યંભાવિ સ્વાભાવિક પવિત્ર પ્રક્રિયા છે. ગોપીપદે પહોંચેલો અથવા ગોપીભાવમાં આરૂઢ બનેલો આત્મા ઈશ્વરના અસાધારણ અલૌકિક અનુરાગથી અલંકૃત બનીને વિશ્વના વિમલ વૃંદાવનમાં એકમાત્ર ઈશ્વરને જ ઝંખે છે અને ઈશ્વરને પોતાના પ્રિયતમ તથા પરમકૃપાપાત્ર બનાવવાનાં સ્વપ્નાં સેવે છે.

ગોપીઓએ આખા મહિના દરમિયાન એવી રીતે પરમ પ્રેમપૂર્વક શ્રદ્ધાભક્તિ સહિત વ્રત કર્યું. વ્રતની સમાપ્તિ સમીપ આવી ત્યારે એક દિવસ વસ્ત્રોને યમુનાના પ્રશાંત પવિત્ર તટપ્રદેશ પર મૂકીને એમણે સરિતામાં સ્નાન કરવા માટે પ્રવેશ કર્યો. એ દેહાધ્યાસ અને એના પરિણામે પેદા થતી ને વધતી દેહવાસનાથી સર્વથા મુક્ત હોવાથી એમને માટે એવી નિર્દોષ સહજ વૃત્તિ સ્વાભાવિક હતી. ત્યાં સ્નાન કરતાં કરતાં એમણે અચાનક આશ્ચર્યપૂર્વક જોયું તો એમના પરમ પ્રેમાસ્પદ પ્રેમમૂર્તિ કૃષ્ણ એમનાં વસ્ત્રોને લઈને સરિતા તટવર્તી કદંબ વૃક્ષ પર ચઢી ગયા. એમની સાથે કેટલાક ગોપબાલો પણ આવેલા.

એ આખી ઘટના આકસ્મિક, અકલ્પ્ય ને અસાધારણ હતી. ગોપીઓને એ ઘટનાથી આનંદ થયો અને સંકોચ પણ. જીવ પોતાના વાસ્તવિક શુદ્ધબુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપને ઓળખતો નથી ત્યાં સુધી વસ્ત્રોને પોતાનાં માને છે. અવિદ્યાજન્ય આવરણને પોતાનું સમજીને એની આસક્તિમાં પડે છે. ઈશ્વર એમની અલૌકિક અનુગ્રહ દ્વારા એને આવરણથી મુક્ત કરવા માગે છે. એ આવરણને લીધે જ જીવ પોતાના વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર નથી કરી શકતો.

લૌકિક રીતે વિચારીએ તો પણ, જાહેર જળાશયોમાં તદ્દન વસ્ત્રરહિત બનીને સ્નાન કરવાની પદ્ધતિ પ્રશસ્ય ના કહેવાય. નાની ઉંમરથી એ ટેવ પડી જાય તો મોટી ઉંમરે એને કાઢવાનું કાર્ય કઠિન થઈ પડે.

એવી ટેવ જાહેર હિતની દૃષ્ટિએ તંદુરસ્ત, આવકારક અને અનુકરણીય ના કહી શકાય. જાહેર જળાશયો, ઉદ્યાનો અને સ્થાનોને માનસિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ પવિત્ર અને આદર્શ રાખવાં જોઈએ. ત્યાં ભૂલેચૂકે પણ કોઈ પ્રકારનો વિકારી વાસનાવર્ધક વ્યવહાર ના કરવો જોઈએ. સમાજના વાતાવરણને વિશુદ્ધ રાખવા માંગતા પ્રત્યેક સમજુ નાગરિકની એ જવાબદારી છે. ભગવાન કૃષ્ણ પોતાના વિચિત્ર વ્યવહાર દ્વારા ગોપીઓને અને સમસ્ત સમાજને એ જવાબદારીનું ભાન કરાવવા માગતા હતા કે પછી એથીયે આગળ વધીને દેહાધ્યાસની સૂક્ષ્માતિસૂક્ષ્મ નિવૃત્તિનો તત્વજ્ઞાનવિષયક શાશ્વત સર્વશ્રેયસ્કર સંદેશ આપવા માગતા હતા તે તો અનુમાનનો વિષય છે, પરંતુ એમનો વસ્ત્રહરણનો એ વ્યવહાર અત્યંત વિલક્ષણ અને કલ્યાણકારક હતો એમાં સંદેહ નથી. એની પ્રતીતિ આગળના પ્રસંગો પરથી થઈ રહે છે.

એ વ્યવહારમાં કોઈ પ્રકારની દેહવાસના તો હતી જ નહિ, એની પ્રતીતિ પણ એ પ્રસંગો પરથી થયા વિના નથી રહેતી. દેહવાસનાયુક્ત વ્યક્તિનો બાહ્ય વ્યવહાર વિપરીત હોત. એવી વ્યક્તિએ વસ્ત્રો સાથે શાંતિપૂર્વક વૃક્ષ પર ચઢી જવાને બદલે ગોપીઓની મશ્કરી તથા છેડતી કરવાનું અથવા એમને યેન કેન પ્રકારેણ પોતાના પ્રભાવમાં લેવાનું પસંદ કર્યું હોત. પાછળથી પણ એણે પોતાના પશુભાવને પ્રકટ કર્યો હોત. પરંતુ કૃષ્ણ અને ગોપીઓના પવિત્ર પ્રેમસંબંધમાં એવી વિકારિતાની કલ્પના કરવાનું પણ અસ્થાને છે. એમનાં જીવન ઈન્દ્રિયાતીત અપાર્થિવ આત્મિક પવિત્ર પ્રેમના પ્રતીકરૂપ હતાં.

ગોપીઓએ વસ્ત્રોની માગણી કરી એટલે કૃષ્ણે એમને વારાફરતી આવીને વસ્ત્રોને લઈ જવાની સૂચના કરી. ગોપીઓ યમુનાના પવિત્ર પાણીમાં આકંઠ ડૂબીને વસ્ત્રો માટે પ્રાર્થના કરવા લાગી, અને અમે દાસી છીએ એવું જણાવ્યું. કૃષ્ણે કહ્યું કે દાસી હો તો બહાર આવીને વસ્ત્રોને લઈ જાવ. ભગવાન કૃષ્ણ એમની સ્ત્રીસહજ લજ્જાને અને એમના દેહભાવને દૂર કરવા માગતા હતા. ગોપીઓને માટે અન્ય કોઈ વિકલ્પ ના રહ્યો એટલે આખરે સંકોચવશ જેમતેમ કરીને બહાર નીકળી. એમનાં લોચન પૃથ્વી તરફ સ્થિર થયેલાં.

કૃષ્ણે કહ્યું : તમે સૌએ કાત્યાયનીવ્રત કર્યું છે તો પણ વસ્ત્રરહિત અવસ્થામાં યમુનાસ્નાન કર્યું એ વરુણદેવનો અપરાધ છે. એ અપરાધના નિવારણને માટે બે હાથને જોડી, નીચે નમીને વસ્ત્રોને ગ્રહણ કરો.

यूयं विवस्त्रा यदपो धृतव्रता व्यगाहतैतत्तदु देवहेलनम् ।
बद्ध्वाञ्जलिं मूर्ध्न्यपनुत्तयेंहसः कृत्वा नमोऽधोवसनं प्रगृह्यताम् ॥१९॥
(અધ્યાય ૨૨, શ્લોક ૧૯)

ગોપીઓને બે હાથ જોડીને નમેલી જોઈને કૃષ્ણે વસ્ત્રો આપ્યાં.

ગોપીઓ વસ્ત્રોને પહેરીને ત્યાં જ ઊભી રહી. ભગવાન એમના મનોભાવને સમજી ગયા. એ અંતર્યામી હતા. વ્રતની પાછળના પવિત્ર પ્રયોજનની એમને ખબર હતી. એટલે એમણે જણાવ્યું કે તમારા મનોભાવોની મને માહિતી છે. હે સતીઓ, તમે જે પ્રયોજનથી પ્રેરાઈને વ્રત કર્યું છે એ પ્રયોજનની પૂર્તિ હું અવશ્ય કરીશ. આગામી શરદપૂર્ણિમાની રસમય રાત્રી દરમિયાન તમારા પર પ્રેમની અમૃતવર્ષા વરસાવીને તમને સર્વ પ્રકારે સંતોષ આપીશ. याताबला व्रजं सिद्धा ।

ભગવાન કૃષ્ણે ગોપીઓ સાથેની વાતચીત દરમિયાન એમને સિદ્ધ કહી છે. એનો અર્થ એટલો જ કે એમની સાધના સફળ થઈ. એમને ભગવાને મનોવાંછિત વરદાન આપ્યું. એ ઉપરાંત એ દેહભાવનામાંથી પણ મુક્ત બની. દેહભાવનામાંથી મુક્ત ના બનાય ત્યાં સુધી રસનો અખંડ રસમય રાસ કેવી રીતે રમાય ?

ગોપીઓને સતી તરીકે સંબોધવામાં આવી છે એથી અનેકને આશ્ચર્ય થશે. પરંતુ એ સંબોધન સહેતુક, સૂચક, સાર્થક છે. વિશ્વના વિશાળ વ્રજમંડળમાં જન્મીને ગોપીઓએ કૃષ્ણને જ પોતાના પ્રિયતમ તરીકે પસંદ કરેલા. એ મનથી કૃષ્ણને જ વરી ચૂકેલી એ અર્થમાં એ સતી જ હતી. કૃષ્ણને એ સત્યસ્વરૂપ પરમાત્માના પ્રતીક તરીકે માનતી હોવાથી કૃષ્ણ દ્વારા એમણે સત્યનો સંબંધ બાંધેલો ને સત્યનો અનુરાગ જગાવેલો. સત્યના અનુરાગવાળી, સત્યનો સંબંધ બાંધનારી, સત્યદર્શી સત્યનિષ્ઠ સ્ત્રીઓને કે ગોપીઓને સતી તરીકે ઓળખવામાં અને ઓળખવામાં કશું ખોટું નથી. ભાગવતકાર એ શબ્દપ્રયોગ દ્વારા સૂચવવા માગે છે કે ગોપીઓનાં મન એકદમ નિર્મળ હતાં. એમાં વાસના કે વિકારોનો છાંટો પણ નહોતો.

ગોપીઓ પોતાના મનોરથને સફળ કરવાની આશા સાથે ઘેર ગઈ. એમને કૃષ્ણને છોડીને જવાનું ગમતું તો નહોતું પરંતુ બીજો કોઈ વિકલ્પ નહોતો. કૃષ્ણનું સુખદાયક સુંદર સ્વરૂપ એમના હૃદયમાં તો રમતું જ હતું.

કૃષ્ણે વનમાંથી પસાર થતી વખતે વૃક્ષોને વિલોકીને કહેવા માંડ્યું કે વૃક્ષોનું જીવન કેટલું બધું પ્રેરક છે ! એ પરાર્થે જીવે છે. ફળ, કાષ્ઠ, ફૂલ, છાયા આપે છે. સ્વયં શીતોષ્ણ તથા વૃષ્ટિ વેઠે છે તો પણ બીજાને આરામ આપે છે. તેમ જે પરાર્થે જીવે છે, બીજાને સુખ, શાંતિ, આનંદ, આરામ આપે છે, બીજાનો સમુત્કર્ષ સાધવાની પ્રવૃત્તિ કરે છે, તે ધન્ય છે. જેની લક્ષ્મી, બુદ્ધિ, શક્તિ, સત્તા, પ્રતિષ્ઠા, પદવી, જીવનની ગતિવિધિ તથા પ્રવૃત્તિ બીજાને માટે વપરાય છે તેનું શરીરધારણ સાર્થક છે. તેનું જીવન જ જીવન છે. બીજાનું તો જીવતું મરણ છે.

ભાગવતના એ જીવનોપયોગી સુંદર સર્વહિતકર ભાવો તથા વિચારોને પ્રતિઘોષ પેલા પ્રસિદ્ધ પદમાં સારી રીતે પાડવામાં આવ્યો છે :

वृक्षनसे मत ले, मन तू वृक्षनसे मत ले.
काटे वाको क्रोध न कर हीं, सिंचन न कर हीं नेह.

धूप सहन अपने शिर उपर, और को छांह करेत.
जो वाहीको पथ्थर चलावे, ताहीको फल देत.

धन्य धन्य ये पर-उपकारी, वृथा मनुजकी देह ;
सुरदास प्रभु कहं लगि बरनौ, हरिजन की मत ले.

વૃક્ષોને કોઈ પથ્થર મારે, કાપે, સાચવે નહીં તો પણ એ સેવામાં પ્રવૃત્ત રહે છે. વિવિધ રંગી વિહંગો વૃક્ષોની શાખાઓ પર માળા બાંધે છે ને વિહરે છે. પ્રવાસીઓ એમની નીચે વિશ્રાંતિ મેળવે છે, પરબો મંડાય છે, મૂંગાં પશુઓ બેસે છે, અને જેમને ક્યાંય આશ્રય નથી મળતો એમને પણ એની વિશાળ ગોદમાં આશ્રય

મળે છે. એવી રીતે જીવન પણ અન્યને આશ્રયરૂપ થઈ જાય, કોઈકને માટે આશ્વાસનરૂપ બની જાય, કોઈની હૂંફનું, શાંતિનું, સંજીવનીનું, કોઈક પિપાસુની પિપાસાના શમનનું, કોઈની બંધનમુક્તિનું, કારણ થાય તો એને સાર્થક કહી શકાય, એનો ઉત્સવ ઊજવી શકાય.

જીવન દ્વારા સમાજસેવાના મંગલમય મહામંત્રને એવી રીતે શ્રીમદ્ ભાગવતના એ કથા પ્રસંગમાં સરસ રીતે સમાવી લેવામાં આવ્યો છે.

* * *

## ૩. વેણુસ્વર

ગોપીઓને ભગવાન કૃષ્ણ પ્રત્યે કેટલો બધો પ્રેમ હતો ? એ પ્રેમને અકલ્પ્ય, અસાધારણ, અવર્ણનીય કહી શકાય. ગોપીઓ ભગવાન કૃષ્ણના પરિપૂર્ણ પવિત્ર પ્રેમસિંધુની વિમળ વીચિમાળા જેવી, કૃષ્ણની સનાતન સ્નેહસિતારની સરસ સ્નેહપૂર્ણ સુરાવલિ સમી, અથવા કૃષ્ણચંદ્રની ચારુ, અભિચારુ ચાંદની જેવી હતી. સાગરની દિશામાં સ્વભાવિક રીતે અભિસરણ કરનારી સરિતાઓની પેઠે એમનાં અંતર કૃષ્ણ તરફ વહ્યા કરતાં, એમનાં જીવન કૃષ્ણમય હતાં. કૃષ્ણ વિના એમાં કશો રસકસ નહોતો દેખાતો. ભગવાન કૃષ્ણ વેણુવાદન કરતા વ્રજમંડળની પવિત્ર ભૂમિમાં પ્રવેશતા કે વિહરતા ત્યારે ગોપીઓ મંત્રમુગ્ધ થતી ને વિમોહિત બનતી. એમના સૌભાગ્યનો સૂર્યોદય સોળે કળાએ ખીલી ઊઠતો. વિધાતાની એમની ઉપર પરિપૂર્ણ કૃપા છે એવું એમને લાગ્યા કરતું.

શ્રીમદ્ ભાગવતના દસમા સ્કંધના એકવીસમા અધ્યાયના પાંચમા શ્લોકમાં કહ્યું છે :

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं ।
बिभ्रद्वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ॥
रन्ध्रान्वेणोरधरसुधयापूरयन्गोपवृन्दैर् ।
वृन्दारण्यं स्वपदरमणं प्राविशद्गीतकीर्तिः ॥०५॥ (અધ્યાય ૨૧, શ્લોક ૫)

વેણુનાં વિવિધ છિદ્રોને પોતાના અલૌકિક અધરામૃતથી પરિપ્લાવિત કરતા શોભાધામ શ્રી કૃષ્ણ ગોપબાળકો સાથે વ્રજની દૈવી ભૂમિમાં ગીત ગાતાં પધાર્યા. એમની આકૃતિ અલૌકિક અને આહ્ લાદક હતી. એમના કાનમાં કર્ણિકાર પુષ્પો દેખાતાં. માથે મોરમુકુટ હતો. કનકવરણી સુંદર વસ્ત્રો પહેરેલાં. એમના ગળામાં વૈજયંતી માળા શોભતી.

સ્વનામધન્ય સ્વાનુભવ સંપન્ન પરમાત્મનિષ્ઠ શ્રી શુકદેવજી મહારાજે રાજા પરીક્ષિતને સંબોધીને જણાવ્યું કે રાજન્, વેણુનો એ સુરીલો સુસંવાદી સ્વર સર્વે જીવોના મનનું સંમોહન તથા હરણ કરવાની ક્ષમતાવાળો હતો. એ સ્વરને અને એવા અસંખ્ય સ્વરોને સાંભળીને પ્રેમમૂર્તિ ગોપીઓએ એમને હૃદયમાં ધારીને વર્ણવવા માંડ્યા.

इति वेणुरवं राजन्सर्वभूतमनोहरम् ।
श्रुत्वा व्रजस्त्रियः सर्वा वर्णयन्त्योऽभिरेभिरे ॥०६॥ (અધ્યાય ૨૧, શ્લોક, ૬)

ગોપીઓ વેણુને અતિશય સૌભાગ્યશાળી સમજતી ને વિચારતી કે વેણુ, તેં કેટલાં બધાં પુણ્યો એકઠાં કર્યાં હશે, કેટલાં બધાં સત્કર્મો કર્યાં હશે ! તને કૃષ્ણ કેટલા બધા પ્રેમથી પોતાની પાસે રાખે છે, અધરામૃતથી અલંકૃત કરે છે, ને વગાડે છે ! તારા સરખું સૌભાગ્ય બીજા કોનું હોય ? તને એમનો શાશ્વત સાથ સાંપડ્યો છે. કૃષ્ણની તારા પર કેટલી બધી કૃપા છે ! તારામાં એવી કઈ વિશેષતા છે જેથી તે કૃષ્ણના મનને જીતી લીધું ? તું કોઈ મંત્ર, તંત્ર, યંત્ર કે વિદ્યા જાણે છે ?

વેણુ કહેતી કે હું મંત્ર, તંત્ર, યંત્ર કે વિદ્યાને શું જાણું ? હું તો એકદમ અબુધ છું. એટલું ચોક્કસ છે કે હું ખાલી થઈ ગઈ છું. માનવને ભારે બનાવનારો, ભાન ભુલાવનારો પદાર્થ અહંકાર છે. એ અહંકારને ઓગાળી

નાખીને જે નમ્રાતિનમ્ર બને છે ને ઈશ્વરને પોતાનું સઘળું સમર્પે છે, તે ઈશ્વરને ગમે છે. એ ઈશ્વરનો પરમ કૃપાપાત્ર થઈ જાય છે ને ઈશ્વરની સંનિધિથી ધન્ય થાય છે. સરળ થવું તથા ઈશ્વરના બનવું એ જ સર્વ કાંઈ છે. એથી વિશેષ વિદ્યા, મંત્ર, તંત્ર, યંત્ર, તપસ્યા અન્ય કોઈ જ નથી.

ભગવાનની સતત સુખદ સંનિધિમાં શ્વાસ લેવા કરતાં શ્રેષ્ઠ બીજું કોઈ સુખ હોઈ શકે, એવું ગોપીઓ સમજતી નહોતી. ભગવાનના દિવ્ય દર્શન સિવાય આંખનો અન્ય અધિક આનંદ એમને નહોતો લાગતો, ભગવાનના સુધાસભર શબ્દોના શ્રવણસુખ સમાન બીજું સુખ નહોતું લાગતું, અને ભગવાનના સ્વર્ગીય સમાગમની શાંતિ સમી અન્ય શાંતિ નહોતી દેખાતી. ભગવાન જ એમના જ્યોતિર્મય જીવનના સારસર્વસ્વ હતા. એ જીવનમાંથી ભગવાન કૃષ્ણને બાદ કરવાથી કાંઈ પણ નહોતું બચે તેમ.

કૃષ્ણની વેણુથી ગોપીઓ જ નહીં, જડચેતનાત્મક સમસ્ત જગતમાં જાદુ ફરી વળતું. સઘળું મંત્રમુગ્ધ બનતું. યમુના, વૃક્ષો, વ્રજમંડળની રજ, ગાયો - સઘળાં એના અસાધારણ સંમોહનનો સ્વાનુભવ કરતાં.

જે ભગવાનને સર્વસ્વ સમર્પે છે, ભગવાનના થાય છે, તે ભગવાનને અને ભગવાનના વિશ્વને પણ વિમોહિત કરે છે.

ગોપીઓ કાત્યાયનીવ્રતની સમાપ્તિ સમયે વરસેલા ભગવાન કૃષ્ણના અનુગ્રહને ભૂલી નહોતી. એ એને અતિશય અનુરાગપૂર્વક અહર્નિશ યાદ કરતી. કૃષ્ણને પણ ગોપીકાઓને અપાયલા વચનનું વિસ્મરણ થયું નહોતું. અને કેવી રીતે થાય ? સામાન્ય માનવો પોતાના વચનને, પોતે આપેલા આશ્વાસનને, કોઈવાર ભૂલી જાય છે ને બદલે છે પણ ખરા, પરંતુ ભગવાન નથી ભૂલતા ને નથી બદલતા. ભૂલે ને બદલે તો એમને ભગવાન ના કહી શકાય; જીવની સામાન્ય શ્રેણીમાં મૂકી શકાય. ભગવાન જો પોતાની વાતને ભૂલે તો જગત ચાલે કેવી રીતે ? સર્વત્ર અવ્યવસ્થા અને અશાંતિ છવાઈ જાય.

શરદપૂર્ણિમાની સુંદર રસીલી રાત આવી, શરદપુષ્પે સુશોભિત. એને પેખીને યોગની સમસ્ત શક્તિથી સંપન્ન ભગવાને રાસ રમવા માટે મનમાં સંકલ્પ કર્યો.

भगवानपि ता रातृईः शारदोत्फुल्लमल्लिकाः ।

वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥०१॥ (સ્કંધ ૧૦, અધ્યાય ૨૯, શ્લોક ૧)

એ શ્લોકમાં વપરાયલા શબ્દો ધાર્યા કરતાં વધારે મહત્વના છે. સ્વનામધન્ય સંતશ્રેષ્ઠ શ્રીશુકદેવજી પરીક્ષિતને અને એમના દ્વારા સમસ્ત માનવજાતિને સૂચવવા માગે છે કે રમત રમવાની ઈચ્છા કરનાર, રાસક્રીડામાં પાછળથી પ્રવૃત્ત થનાર કૃષ્ણ કોઈ સામાન્ય અથવા અસામાન્ય પુરૂષ નથી. એવા પુરૂષ પર વાસનાનું શાસન ચાલી શકે. એ દેવ પણ નથી. દેવતાને પણ રાગદ્વેષની, અહંતા મમતાની અસરો પહોંચી શકે. એ સિદ્ધ યોગી કે તપસ્વી પણ નથી. કેવળ જ્ઞાની પણ નથી. પરમહંસ પણ નથી. ભગવાન છે. ભગવાનને વિકાર નથી હોતા, વાસનાઓ નથી સ્પર્શતી, રાગદ્વેષાદિ નથી અસર કરતા.

ભગવાન માનવજીવનના આત્મિક વિકાસની અંતિમ અવસ્થા છે. એમનાથી આગળ કશો વિકાસ નથી હોતો. એ પૂર્ણાવસ્થા, સર્વ તંત્ર સ્વતંત્રાવસ્થાના પ્રતીક છે. કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ - સમર્થ હોય છે, અઘટિત ઘટનાપટીયસી - માયાના અધીશ્વર તરીકે ઓળખાય છે, રાસ રમવાનો સંકલ્પ એમણે કર્યો છે એટલે એ રાસ કેટલો બધો પવિત્ર હોય, ચિન્મય હોય, અપાર્થિવ હોય, કલ્યાણકારક હોય ! એ આત્માની

ભૂમિકા પરથી જ રમાતો હોય. એની પાછળ અહંતા, મમતા, આસક્તિ, રાગદ્વેષ કશું જ ના હોય. કેવળ ધર્મ અથવા સહજ કર્તવ્યભાવ જ હોય. એ શ્લોકમાં ભગવાન શબ્દને બદલે ગોવિંદ શબ્દ પ્રયોજવાથી કે ગોપાલ, મધુસૂદન, નંદનંદન, કૃષ્ણ કે બીજા કોઈ પણ શબ્દનો પ્રયોગ કરવાથી ભગવાન શબ્દમાં જે ગૌરવ, અર્થગૌરવ, માંગલ્ય, મહિમા છે તે ના આવી શકત. એટલે ભગવાન શબ્દનો પ્રયોગ સુસંગત તથા સાર્થક છે.

આજે આપણી આજુબાજુ ભગવાનો વધતા જાય છે એ એક સારી વાત છે. સમાજમાં શયતાનો વધે એના કરતાં ભગવાનો વધે એ આવકારદાયક છે. પરંતુ ભગવાનોની સ્પર્ધા ના થવી જોઈએ. વાસ્તવિક રીતે વિચારીએ તો પ્રત્યેક આત્મા પરમાત્મા સ્વરૂપ છે. શુદ્ધ, બુદ્ધ, મુક્ત, પૂર્ણ, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એનું વિસ્મરણ થયું છે એટલું જ. સૌએ પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપનો સાક્ષાત્કાર સાધવાનો છે. ભગવાન શબ્દના પ્રયોગની રુચિ રાખનારે પણ પોતાની જવાબદારીને સમજવાની છે અને જીવનના પરિશોધનનો પ્રયાસ કરતાં ભગવાનમય બનવાનું છે. એવા બનવાનો પ્રમાણિક પ્રયત્ન કરવાનો છે. કોઈ ભગવાન બને એટલે માનવતાથી મુક્તિ નથી મેળવતો. ઊલટું, આદર્શ માનવ બને છે. ભગવાન સર્વવ્યાપક, સર્વસમર્થ, સર્વજ્ઞ છે. વિવેક, વૈરાગ્ય, શમ-દમ, જ્ઞાનવિજ્ઞાન, શાંતિના અધિષ્ઠાતા છે. એમનું આસન એમની પાસે રહે તે જ બરાબર છે. છતાં કોઈને ભગવાન તરીકે ઓળખવામાં આનંદ આવતો હોય તો પણ એણે એને માટેની યોગ્યતાને મેળવવી જોઈએ. એના વિના વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવનમાં અવ્યવસ્થા અથવા વિસંવાદિતા જાગવાનો સંભવ વધારે છે.

શ્રુતિએ કહ્યું છે. **एकाकी न रमते** એકલા ભગવાન કોની સાથે રમે ? એ તો આત્મારામ છે. એમને બીજાની સાથે શા માટે રમવું પડે ? એમને તો પોતાની અંદરથી જ આનંદ મળે છે. પરંતુ કૃષ્ણે ગોપીઓને આશ્વાસન આપેલું, એટલે એને અનુસરીને એમણે રાસ રમવાનો સંકલ્પ કર્યો.

શ્રુતિએ કહ્યું છે કે પરમાત્માએ સંકલ્પ કર્યો કે હું એકમાંથી અનેક થઈ જઉં. **स ईच्छा चक्रे ।**

અહીં ભાગવતમાં પણ કહ્યું છે કે એમણે ઈચ્છા કરી **मनश्चक्रे**,

એ શ્લોકનો એ પછીનો શબ્દ સવિશેષ મહત્વનો છે - યોગમાયામુપાશ્રિતઃ

એ શબ્દનો ભાવાર્થ ખૂબ જ સૂચક છે. શુકદેવજી સૂચવવા માગે છે કે રાસલીલાની પ્રવૃત્તિ કરવાની ઈચ્છાવાળા ભગવાન કૃષ્ણ ભોગભાવનાથી નહીં પરંતુ યોગની સર્વોચ્ચ સિદ્ધિઓનો સમાશ્રય લઈને રાસ રમવા તૈયાર થયા. રાસમાં શરીર કે ઈન્દ્રિયોના સ્થૂળ ભોગને માટે કોઈ અવકાશ ન હતો. એની ભૂમિકા અત્યંત ઊંચી હતી. એ એક પ્રકારનો યોગ હતો-મહાન યોગ. આત્માનો મધુમય મંગલ મેળાપ. પવિત્ર પ્રેમ દ્વારા પરમાત્માનો મેળાપ. એના અસાધારણ અલૌકિક આયોજનને માટે યોગસાધના દ્વારા સાંપડતી અષ્ટ સિદ્ધિઓની અને યોગની અચિંત્ય શક્તિની આવશ્યકતા હતી. ભગવાનને માટે એવી સિદ્ધિ અથવા શક્તિ સહજ હતી. એને માટે એમને કોઈ પ્રકારનો વિશેષ પ્રયાસ નહોતો કરવો પડે તેમ. એવી સિદ્ધિ-શક્તિ એમણે વારસામાં મેળવી એમ કહીએ તો ચાલે.

શરદપૂનમની શાંત રસીલી રાતે ભગવાન કૃષ્ણે વેણુ વગાડી. વેણુ વગાડીને એમણે ગોપીઓને પોતાના સુરદુર્લભ, સનાતન શુચિ સ્નેહની સંસ્મૃતિ કરાવીને અનુરાગપણે આમંત્રણ આપ્યું. પ્રેમની કંકોત્રી લખી.

વેણુ એટલે આત્માનો અલૌકિક સંદેશો કે અવાજ. એ અવાજ, પરમાત્માનો એ સનાતન સ્નેહસંદેશ, સદાય છૂટ્યા કરે છે. એ સંદેશો શાસ્ત્રો દ્વારા અને પરમાત્માના પરમકૃપાપાત્ર પ્રેમી સંતો કે ભક્તો દ્વારા સંભળાવવામાં આવે છે. આજથી નહીં, અનાદિકાળથી, ભગવાન કૃષ્ણના કાળથી જ નહીં, અનંતકાળથી. બ્રહ્માંડના અને અંતરના વૃંદાવનમાં, હૃદયની રસમયી રમણરેતી પર, શ્રદ્ધાભક્તિની પરમ યશસ્વી યમુના નદીના પ્રશાંત પાવન તટપ્રદેશ પર, એ વાંસળી વાગ્યા જ કરે છે. પરમાત્માનો શાશ્વત સ્નેહસંદેશ સંભળાવ્યા જ કરે છે. એ કહે છે આવો, મારી પાસે આવી પહોંચો. મને જાણો. મારાં બનો. હું તમારો છું. તમે મારાં છો. તમારા આત્માને છોડીને, વિસ્મરીને, અનાત્મ પદાર્થોની પ્રીતિ ના કરો. એમની અંદર આસક્ત ના બનો. મારી પાસે પહોંચવાથી તમારું જીવન ધન્ય થશે. સુખશાંતિથી સંપન્ન બનશે. તમે મને કદાચ ભૂલ્યાં હશો પરંતુ હું તમને ભૂલ્યો નથી. હું તમને બોલાવ્યા જ કરું છું. તમને મળવા માટે આતુર છું. પરંતુ એ સનાતન સ્નેહસંદેશ કોણ સાંભળે છે ?

**मनुष्याणां सहस्त्रेषु कश्चित् ।** કરોડોમાંથી કોઈક જ. એકાદ નારદ, એકાદ શુકદેવ, એકાદ વાલ્મીકિ, વ્યાસ, ધ્રુવ, પ્રહ્લાદ, બુદ્ધ, શંકર, તુલસી, સૂર, કબીર, મીરાં, એકાદ ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણદેવ, દયાનંદ, વિવેકાનંદ, રામતીર્થે એને સાંભળ્યો. કોઈ બીજાએ સાંભળીને ના સાંભળ્યો કર્યો. જેમણે સાંભળ્યો અને પરમાત્માનો પ્રેમપંથ પકડ્યો, પરમાત્માની સાથે સંબંધ બાંધ્યો, પરમાત્માનો પરમ અનુગ્રહ મેળવ્યો તે કૃતાર્થ બન્યા. એમનું સર્વ કાંઈ સફળ ને સાર્થક થયું. એના મહિમાને બીજું કોઈ જાણી ના શક્યું; કેવળ એમણે જ જાણ્યો. જીવ, ગોપીરૂપી જીવ શિવના એ શાશ્વત સર્વશ્રેયસ્કર સ્નેહસંદેશને સાંભળે તો ? સાંભળીને અનુસરે તો ? એની અશાંતિ, ઉદ્વિગ્નતા, યાતના તથા વૃદ્ધાવસ્થા રહી શકે ? જે એ શાશ્વત સ્નેહસંદેશને સાંભળે એ સ્નેહસિંધુથી અલગ રહી જ ના શકે. એમનો સમાશ્રય લઈને એમનું સંમિલન સાધે.

ગોપીઓના સંસ્કારો સર્વોત્તમ હતા. એમનો અંતરાત્મા જાગ્રત અથવા અનુપ્રાણિત હતો. એને લીધે વેણુનાદને સાંભળીને એમનાથી અલગ ના રહેવાયું. એ કૃષ્ણને મળવા માટે તૈયાર થઈ.

વેણુનાદનું અન્ય આધ્યાત્મિક સાધનાત્મક અર્થઘટન પણ કરી શકાય તેમ છે. આત્મવિકાસનો સાધક ઉત્તરોત્તર આગળ વધે છે ત્યારે એની પોતાની અંદરથી પ્રાદુર્ભાવ પામતા નાદનું શ્રવણ કરે છે. એ શ્રવણ સ્વાભાવિક અને અતિશય સુખદ હોય છે. એની સાથે મનનું અનુસંધાન સાધવાથી મન શાંત થાય છે ને સમાધિમાં પ્રવેશે છે. નાદાનુસંધાનની એ સાધના પુરાતન તેમજ પ્રખ્યાત છે. જુદાજુદા જે નાદ સંભળાય છે તેમાં વાંસળીનો નાદ પણ હોય છે. હૃદયના વિશુદ્ધ વૃંદાવનમાં ભગવાન કૃષ્ણની સનાતન સ્નેહવાંસળી વાગ્યા જ કરે છે. મનની વૃત્તિ ગોપી છે. ચિત્તની બહિર્મુખ બનીને વિષયોમાં વહી જતી ધારાને અંતર્મુખ પરમાત્મા પ્રત્યે પ્રવાહિત કરવાથી એ રાધા બને છે. રાધા ને કૃષ્ણ, ગોપી ને કૃષ્ણનો એવી રીતે મેળાપ થાય છે. રાસ રમાય છે. વેણુનાદના એવા આધ્યાત્મિક મર્મને જે પણ જાણે છે તે કૃતકૃત્ય બને છે. એના જીવનમાં રસની કમી નથી રહેતી.

ભગવાનના સ્નેહસંદેશને સાંભળનાર એનાથી અલિપ્ત અથવા દૂર રહી શકે છે ? ના. સાંભળનાર પ્રેમી હોય, ભક્ત હોય, ભગવાનના મહિમાને અલ્પ અથવા અધિક પ્રમાણમાં પણ સમજતો હોય તો તો દૂર

રહી શકતો જ નથી. એ અલૌકિક સનાતન સ્નેહસંદેશની શક્તિ જ એવી અજબ છે. એ સ્નેહસંદેશને સાંભળ્યા પછી અન્યત્ર મન લાગતું જ નથી. બીજેથી આપોઆપ ઉપરામ થઈ જાય છે.

ગોપીઓની જેમ જીવ પણ આત્માના અંદરના અવાજને સાંભળે છે. એટલે એનું અનુકરણ કર્યા વિના રહી શકતો નથી. એનું બીજું બધું જ બાહ્ય મમત્વ મટી જાય છે, એની આસક્તિનો અંત આવે છે. એ પોતાની અંદરની, આત્માની દુનિયામાં ડૂબવા અથવા એકરૂપ બનવા માટે તૈયાર થાય છે.

વાંસળીના સુધાસભર સુસ્વરોને સાંભળીને ગોપીઓ કૃષ્ણ પાસે જવા તૈયાર થઈ. કોઈએ ગાયોને દોહવાનું છોડ્યું, કોઈએ ચૂલે દૂધ રહેવા દીધું, કોઈએ ભોજન પીરસવાનું મૂકી દીધું, કોઈએ લીંપવાનું રહેવા દીધું, તો કોઈ અસ્તવ્યસ્ત વાળે કે વસ્ત્રે વિદાઈ થઈ. કોઈને બહાર જવાનો અવસર ના મળ્યો. એમણે આંખને મીચીને કૃષ્ણનું ધ્યાન કરીને મનોમન કૃષ્ણની સુખદ સંનિધિનો સ્વાનુભાવ કર્યો.

વેણુસ્વરશ્રવણના એ પાવન પ્રસંગને વર્ણવતાં ભાગવતકારે

**निशम्य गीतां तदनङ्गवर्धनं व्रजस्त्रियः कृष्णगृहीतमानसाः ।**

(અધ્યાય ૨૯, શ્લોક ૪,પુર્વાર્ધ)

એવા અનોખા શબ્દોનો પ્રયોગ કરેલો છે.

એમાં 'અનંગવર્ધનં' શબ્દપ્રયોગ ખૂબ જ નોંધપાત્ર ને સૂચક છે. કોઈ કોઈ વિચારકો જણાવે છે કે ભગવાન કૃષ્ણનું વેણુગીત અનંગવર્ધનમ્ એટલે કામવર્ધક હતું એવું એ શબ્દપ્રયોગ પરથી સ્પષ્ટ સમજાય છે. એટલે કૃષ્ણનો ગોપીઓ સાથેનો સંબંધ પવિત્ર પ્રેમ પર પ્રસ્થાપિત થયેલો હતો એવું કહેવું ખોટું છે. પરંતુ એવા વિચારકોની દલીલ અનુચિત છે. 'અનંગવર્ધનમ્' શબ્દને જરાક જુદી રીતે જોવા જેવો છે, અનંગ એટલે સામાન્ય રીતે કામ અર્થ લેવામાં આવે છે તો પણ અનંગ એટલે અંગ વગરનો અથવા આત્મા અર્થ કરીને 'અનંગવર્ધનમ્ 'નો અર્થ આત્મભાવની અભિવૃદ્ધિ કરનાર અથવા આત્મીયતાને વધારનાર એવો પણ લઈ શકાય. કૃષ્ણ તથા ગોપીઓના પવિત્ર, અતિપવિત્ર પ્રેમસંબંધને સંપૂર્ણપણે સમજવા, ન્યાય કરવા, અને વિવાદમુક્ત રાખવા માટે એવો અર્થ કરવાનું જ સર્વથા ઉચિત છે. એ સંબંધ કામયુક્ત હોત તો મહર્ષિ વ્યાસ અને શુકદેવજીએ એનું અનુરાગપૂર્ણ ગૌરવગીત ના ગાયું હોત.

* * *

## ૪. અહંભાવ

ગોપીઓ યમુનાના પ્રશાંત પવિત્ર તટપ્રદેશ પર પહોંચી ગઈ.

ભગવાન કૃષ્ણની સંનિધિમાં સ્વર્ગસુખ અનુભવવા લાગી.

પૂર્ણિમાના ચારુ ચંદ્રના પાવન પ્રકાશમાં કૃષ્ણે ગીત ગાયેલું.

પ્રાચી દિશામાં આકાશમાં એક ચંદ્ર હતો અને સામે પૃથ્વી પર શ્રી કૃષ્ણચંદ્રનો પ્રકાશ પથરાયલો. બંને ચંદ્રમાં અધિક ચારુ ચંદ્ર કયો હતો તે કહેવાનું કઠિન નહોતું. કૃષ્ણનું આકર્ષણ અધિક હતું. એમની આહ્લાદકતા પણ અનેરી. આકાશનો ચંદ્ર તો બોલી શકે તેમ ન હતો, મુક ભાષામાં જ પોતાના સંદેશાને વહેતા કરતો, પરંતુ પૃથ્વી પરના પૂર્ણ પ્રકટ કૃષ્ણચંદ્રમાં વૈખરી વાણીમાં વાત કરવાની શક્તિ હતી. આકાશના ચારુ ચંદ્રનું પ્રાકટ્ય કૃષ્ણચંદ્રની અંદરથી જ થયું હોય એવું લાગતું. ચંદ્રના સ્નેહસ્વરો શાંત હતા પરંતુ કૃષ્ણની વંશીમાંથી વિસ્તરતા સ્નેહસ્વરો વાયુમંડળમાં સર્વત્ર વ્યાપી રહેતા.

ગોપીઓ પૃથ્વી પરના એ પૂર્ણ ચંદ્રને પ્રેમપૂર્વક નિર્નિમેષ નેત્રે નિહાળી રહી. એમની અવસ્થા ચકોરી જેવી થઈ ગઈ. એમને કેમે કરીને તૃપ્તિ ના થઈ. કેટલાય કાળથી ખોવાયલું જીવનધન ફરી પાછું પ્રાપ્ત થયું હોય એવું એમને લાગવા માંડ્યું.

ભગવાન કૃષ્ણે એમનું સ્મિત સહિત સાનંદ સ્વાગત કર્યું ત્યારે એમનું સદભાગ્ય સોળે કળાએ સંપૂર્ણપણે ખીલી ઊઠ્યું. એમના અંતરમાં અને અણુઅણુમાં આનંદનો અલૌકિક અર્ણવ ઊછળવા લાગ્યો.

કોઈ કોઈનું સ્વાગત કરે છે ત્યારે જેનું સ્વાગત કરવામાં આવે છે એને કેટલો બધો આનંદ થાય છે ? અને સ્વાગત કરવામાં નથી આવતું ત્યારે ?

ભગવાન કૃષ્ણે કહ્યું : મહાભાગ્યશાળી ગોપીઓ, તમારું સ્વાગત કરું છું. કહો, તમારું શું પ્રિય કરું ? વ્રજમાં કોઈને કશું દુઃખ તો નથી ? તમારા શુભાગમનનું કારણ કહો.

स्वागतं वो महाभागाः प्रियं किं करवाणि वः ।
व्रजस्यानामयं कच्चिद्ब्रूतागमनकारणम् ॥१८॥
(અધ્યાય ૨૯, શ્લોક ૧૮)

આવી શાંત રજની સમયે આવા એકાંત સ્થળમાં આવવાનું પ્રયોજન ? આવે વખતે તો માતાપિતા કે પતિની પાસે જ રહેવાનું હોય. પરપુરૂષની પાસે પહોંચવાનું ના હોય. તમારી પ્રવૃત્તિ લોકાચાર તથા શાસ્ત્રસંદેશની વિરૂદ્ધ છે. તમારાં સ્વજનો તમને શોધતાં હશે. હવે વનને જોઈ લીધું માટે ઘેર જાવ.

ભગવાન કૃષ્ણના શબ્દો કેટલા બધા વિચિત્ર, કલ્પનાતીત તથા વેધક હતા ? કોઈ કોઈને ભોજન સમારંભમાં સામેલ થવાનું સપ્રેમ આમંત્રણ આપે અને એને અનુસરીને કોઈ ભોજન સમારંભમાં જાય તો એને એના આગમનનું કારણ પૂછે તો કેવું લાગે ? કૃષ્ણે પોતાના વચનને વિસારે પાડ્યું ? એમણે પોતે તો એમને અનુરાગપૂર્વકનું આમંત્રણ આપેલું. તો પછી એમણે આવા અનોખા ઉદગારો કેમ કાઢ્યા ? એ ગોપીઓની પ્રેમપરીક્ષા કરી રહ્યા છે ?

ગમે તેમ પણ ગોપીઓને માટે એ શબ્દો ખૂબ જ મર્મભેદક થઈ પડ્યા. એમની આંખમાં અશ્રુ આવ્યાં.

એમણે કહ્યું : અમારો વ્યવહાર લોકાચારથી વિરૂદ્ધ નથી.

કૃષ્ણે પૂછ્યું : કેમ ?

લોકાચારને માનનારા પુરૂષો પરપુરૂષની પાસે જવાની ના કહેતા હોય તો પણ, અમને એ વાત લાગુ નથી પડતી.

કારણ ?

કારણ કે અમે તમને પુરૂષ નથી સમજતી.

પુરૂષ નથી સમજતી તો શું સ્ત્રી સમજો છો ?

ના.

તો પછી ?

પુરૂષોત્તમ માનીએ છીએ. વેદના પુરૂષસૂક્તમાં જેમને પુરૂષ કહેવામાં આવ્યા છે તે પુરૂષ તમે જ છો. તમારા રૂપમાં એ પ્રાદુર્ભાવ પામ્યા છે એવું અમારું અનુભવપૂર્ણ મંતવ્ય છે. તમે જ વિશ્વના વિધાતા છો. તમારી અંદરથી જ વિશ્વ પેદા થાય છે, તમારા આધારે જ, તમારે લીધે જ ટકે છે, અને તમારી અંદર વિલીન બને છે. તમે પરમસત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અનંત, અનિર્વચનીય, અમૃતમય, પ્રેમસ્વરૂપ છો. વળી શાસ્ત્રોનો સારસંદેશ શો છે ? શાસ્ત્રો સર્વસંમતિથી એક જ મુખ્ય ઉપદેશ આપે છે કે આત્મા અથવા પરમાત્માને ઓળખો. માનવજીવન ઈશ્વરને ઓળખવા માટે જ મળેલું છે માટે એની સઘળી શક્તિ, સાધનસામગ્રી, સંપત્તિ અને એના સમગ્ર સમયનો સદુપયોગ એને માટે જ કરાવો જોઈએ. અમે અમારા જીવનવ્યવહાર દ્વારા એ મહત્વના મંગલમય મુખ્ય સદુપદેશને સાકાર કરવાનો જ પ્રયત્ન કરીએ છીએ. એમાં કશી ભૂલ થતી હોય એવું નથી લાગતું. એવો પ્રયત્ન ના કરીએ તો જ ભૂલ કરી કહેવાય. એટલે અમારો વ્યવહાર શાસ્ત્રાનુકૂળ છે. તમે અમારા અને અખિલ અવનીના આત્મા અથવા પરમાત્મા છો. અમે શાસ્ત્રના આદેશને અનુસરીને તમારી પાસે ના આવીએ તો બીજા કોની પાસે જઈએ ? સરિતા સાગરની દિશામાં પ્રવાહિત ના થાય, સાગરમાં ના સમાય, તો બીજી કઈ દિશામાં પ્રવાહિત થાય ને બીજા કોનામાં સમાઈ જાય ? તમારા વિના જીવનનું પ્રબળ પ્રેરક બળ, પરમ ધ્રુવપદ બીજું કયું છે ?

ગોપીઓના ભાવો તથા વિચારો ખૂબ જ ઉદાત્ત હતા. એ ઉદાત્તતા ભગવાન કૃષ્ણને સ્પર્શી ગઈ. એમના અંતરના અંતરતમમાં ઊતરી ગઈ. એમણે સ્મિત કરવા માંડ્યું. એ સ્મિત ગોપીઓને માટે સંજીવની સમાન શક્તિપ્રદાયક સાબિત થયું.

ગોપીઓના શબ્દો સૂચવે છે કે એ પરમ સાક્ષર હતી. સાક્ષર શબ્દોનો અર્થ અક્ષરજ્ઞાનથી અલંકૃત અથવા વિદ્વાન કરવામાં આવે છે. પરંતુ એનો એક બીજો અર્થ પણ કરી શકાય છે. અક્ષર એટલે અવિનાશી આત્મા કે પરમાત્માની સાથે સંબંધ બાંધે તે. સાચો સાક્ષર એ જ છે. એ અર્થમાં ગોપીઓ સાક્ષર હતી. એમનાં જીવન દર્શાવે છે કે વ્યવહારના વિરોધાભાસી વાતાવરણ વચ્ચે વસીને પણ પરમાત્માના પવિત્ર પ્રેમભાવને પ્રકટાવીને પરમાત્માભિમુખ તથા પરમાત્મદર્શી બની શકાય છે. પ્રાણમાં પરમાત્માનો પ્રેમભાવ પ્રકટે તો વાતાવરણ વિક્ષેપરૂપ નથી બનતું . એવી પરમાવસ્થા પર પહોંચેલી ગોપીઓને દેવર્ષિ નારદે પોતાના

ભક્તિદર્શનમાં યાદ કરીને આદરપૂર્ણ અંજલિ આપી છે. આદર્શ ભક્તિ અને પરમાત્મપરતા કેવી હોય તે દર્શાવવા એમણે એમના નામનો ઉલ્લેખ કર્યો છે 'યથા વ્રજગોપિકાનામ્.'

ગોપીઓના જીવન જીવનના ઘોર કોલાહલની વચ્ચે વસનારા માનવોને માટે પ્રેરણાપ્રદ છે. ગોપીઓ વનમાં વસવાને બદલે ઘરમાં રહેતી. પારિવારિક જીવન જીવતી. વિવિધ વ્યવસાયો કરતી. એ છતાં પણ મનને કૃષ્ણમાં રાખતી. કૃષ્ણમાં જ જીવતી. એવી રીતે અન્ય પણ જીવી શકે. હૃદયમાં ભગવાનને રાખી શકે. આધ્યાત્મિક અભ્યુત્થાનને માટે સર્વસંગપરિત્યાગી બનવાની આવશ્યક્તા નથી હોતી. લૌકિક પ્રવૃત્તિઓને પરિત્યાગવાની આવશ્યક્તા નથી હોતી. અંતરને નિર્મળ કરવાની, ભાવમય બનાવવાની, પરમાત્માના પ્રેમરંગે રંગી દેવાની જ આવશ્યક્તા હોય છે. ગોપીઓનાં જ્યોતિર્મય જીવન એનું સમર્થન કરે છે.

ગોપીઓએ ભાવવિભોર બનીને જણાવ્યું કે અમે ભક્ત છીએ મુમુક્ષુ છીએ. શરણાગત છીએ. અમને કઠોર વચનો ના કહો. અમારો પરિત્યાગ ના કરો. તમે સૌના આત્મા અથવા પરમ પ્રાપ્તવ્ય છો. તમારાથી કોણ ના આકર્ષાય ? અમારા અંતરમાં અને અણુઅણુમાં તમારો અસાધારણ અનુરાગ જાગ્યો છે એમાં અમારો કોઈ દોષ કે અપરાધ નથી. તમે સાક્ષાત્ પરમાત્મા છો. અવ્યક્તમાંથી વ્યક્ત થયા છો. વ્રજમંડળના ઘોર ભયને તથા કષ્ટને દૂર કરવા માટે પ્રકટ્યા છો. તમે દેવોના દેવ, આદિપુરૂષ, દેવોના અને સામાન્ય જનોના સંરક્ષક છો. અમે તમારી સેવિકાઓ છીએ. હે દીનબંધુ શરણાગતવત્સલ, તમારા સનાતન સુખશાંતિકારક વરદાયક કરકમળને અમારા સંતપ્ત અંતર પર અને મસ્તક પર મૂકીને અમને શાંતિ આપો.

व्यक्तं भवान्व्रजभयार्तिहरोऽभिजातो ।
देवो यथादिपुरुषः सुरलोकगोप्ता ॥
तन्नो निधेहि करपङ्कजमार्तबन्धो ।
तप्तस्तनेषु च शिरःसु च किङ्करीणाम् ॥४१॥ (અધ્યાય ૨૯, શ્લોક ૪૧)

ગોપીઓના પવિત્ર પ્રજ્ઞાપૂત પ્રેમભાવથી પ્રસન્ન થઈને, એમની પ્રાર્થનાને લક્ષમાં લઈને, ભગવાન કૃષ્ણે એમને અનેકવિધ અભિનયથી, વચન તથા સ્પર્શથી શાંતિ આપી. એમની અસાધારણ અલૌકિક અનુગ્રહવર્ષાથી ગોપીઓ પરમ સંતોષ પામી, સુખી થઈ, ને પોતાને કૃતાર્થ સમજવા લાગી. એમને થયું કે આપણા જેવી સદભાગ્યશાળી સુંદરી સ્ત્રીઓ બીજી કોઈ જ નથી. રમણ રેતીમાં ભગવાન કૃષ્ણે આપણી સાથે રમત કરી. આપણાં પૂર્વનાં પુણ્યો કેટલાં બધાં પ્રબળ હશે ?

કેટલીકવાર એવું બનતું હોય છે. આત્મોન્તિના મંગલ માર્ગે મુસાફરી કરનારા સાધક પર પરમાત્માની ઓછીવત્તી અનુકંપા થાય, એને એકાદ અમોઘ શક્તિ કે સિદ્ધિ સાંપડે, લોકોત્તર પ્રતિષ્ઠા કે યશ મળે, અલૌકિક અનુભવ મળે, તો એને અહંકાર થાય છે ને લાગે છે કે મારા મારા જેવું કૃતકૃત્ય બીજું કોઈ જ નથી. મારા પર પ્રભુની પૂર્ણ કૃપા છે. એ ભૂલી જાય છે કે મને જે કૃપાનુભવ થઈ રહ્યા છે એ તો કૃપાના પરમ પરિપૂર્ણ પાવન ક્ષીરસિંધુનું માત્ર બિંદુ જ છે. એ બિંદુનો અનુભવ પણ મારી કોઈ વ્યક્તિગત સાધનાત્મક સત્કર્મગત સુયોગ્યતાના સુપરિણામરૂપે નથી થઈ રહ્યો કિન્તુ કૃપાસિંધુ પરમાત્માની કૃપાને લીધે જ થઈ રહ્યો છે. કોઈને જ્ઞાનનો અહંકાર થાય છે તો કોઈને ભક્તિનો. કોઈને યોગનો તો કોઈને શક્તિનો, આશ્રમનો, વર્ણનો, ધનનો, વૈભવનો, તપનો ને સંયમનો, સૌંદર્યનો ને યૌવનનો. એ નાનામોટા અનેકવિધ

અહંકારોમાંથી મુક્તિ મેળવ્યા સિવાય સાધકનું પરમ કલ્યાણ નથી થઈ શકતું. એને પૂર્ણતા તથા મુક્તિનું મહાપદ નથી મળતું. એના પર અનુકંપા કરીને એના પરમ મંગલ માટે ઈશ્વર એને અહંકારમુક્ત કરે છે. કુશળ વૈદની પેઠે એના ઈલાજ કરે છે.

ગોપીઓના સાત્વિક સ્નેહજન્ય સુ-સૂક્ષ્મ અહંકારનો અંત આણવા માટે ભગવાન એમની આગળથી અદૃશ્ય થયા.

* * *

## ૫. ગોપીઓનો અનુરાગ

સાધક કેટલીકવાર પોતાને સર્વશ્રેષ્ઠ સમજે છે. ગોપીઓને થયું કે બીજી સ્ત્રીઓ કરતાં આપણે ઉત્તમ છીએ. વધારે સંસ્કારી તથા ભક્તિશાળી છીએ, એટલા માટે જ શ્રીકૃષ્ણે આપણી ઉપર આટલો બધો અનેરો અનુગ્રહ કર્યો. ભગવાને એમને પદાર્થપાઠ પૂરો પાડવાનો વિચાર કર્યો.

એમને એકાએક અંતર્ધાન થયેલા જોઈને ગોપીઓ બેચેન બની ગઈ. વિહ્વળ થઈ. એમને એવી કલ્પના પણ નહોતી. મસ્તક પરનો મણિ હરાઈ જતાં મણિધર નાગની જેવી દુઃખદ દશા થાય એવી દશા, એથીયે દુઃખદ દયાનીય દશા ગોપીઓની થઈ ગઈ. પિપાસુને પરબ મળે, એના પાણીને એ ગ્રહણ કરે ના કરે ત્યાં જ પરબ ક્યાંક જતી રહે; ક્ષુધાર્તને પકવાનની થાળી મળે અને એનો પૂરેપૂરો આસ્વાદ લેતાં પહેલાં જ એનાથી એને વંચિત થવું પડે; સંતપ્તને શીતળ સુધામય છાયા મળે ને જોતજોતામાં જ લુપ્ત થાય, મૃતને જીવન જડે અને એકાએક જતું રહે; એવી વિચિત્ર એમની અવસ્થા થઈ. એમના અંતરમાં આનંદને બદલે અવસાદ ફરી વળ્યો, ઉલ્લાસને બદલે શોક. આહ્લાદને બદલે એકાએક વેદનાની વીણા વાગવા લાગી. એમનાં શાંત, અતિશાંત અંતર સંતપ્ત બની ગયાં. એમની અવસ્થા હાથી વિનાની હાથિણી જેવી થઈ ગઈ. અથવા કહો કે આત્મા વિનાના અંગ જેવી. એમની પીડાનો, ચિંતાનો, આકુળવ્યાકુળતાનો પાર રહ્યો નહીં.

સ્વનામધન્ય સંતશિરોમણિ શ્રી શુકદેવજીએ પરીક્ષિતને કારુણ્ય મિશ્રિત સ્વરમાં એમની અંતર્દશાને વર્ણવતાં જણાવ્યું :

**अन्तर्हिते भगवति सहसैव व्रजाङ्गनाः**

**अतप्यंस्तमचक्षाणाः करिण्य इव यूथपम् ॥०१॥** (અધ્યાય ૩૦, શ્લોક ૧)

જન્મના દરિદ્રીને સુદીર્ઘ સમયની પ્રતીક્ષા પછી પારસમણિની પ્રાપ્તિ થાય અને એ પારસમણિના મહિમાને સમજીને એનો ઉપયોગ થાય તે પહેલાં તો એ એકાએક અદૃશ્ય થઈ જાય, તેને લીધે એનાથી વંચિત બનનારની જેવી દુઃખદ દશા થાય તેથી પણ વિશેષ દુઃખદ દશા ગોપીઓની થઈ ગઈ. કૃષ્ણ એમના જીવનના પરમપવિત્ર મહામહિમાવાન પરમધન-પ્રાણધન હતા. અણમોલ આત્મા હતા. એમના વિયોગથી એ કેવી રીતે અલિપ્ત રહી શકે અને એમના સિવાય શી રીતે શ્વાસ લઈ શકે ?

ગોપીઓ વિરહની વેદનાથી વ્યથિત બનીને કરુણાતિકરુણ સ્વરે ગાવા લાગી. પોકારવા માંડી. કૃષ્ણને એ શાંત એકાંત સ્થળમાં, ઘોર વનમાં શોધવા લાગી. વૃક્ષો તથા વલ્લરીઓ સાથે વાતે વળગી અશોક, મલ્લિકા, માલતીની પાસે પહોંચી. પત્ર, પુષ્પ, પંખીને પૂછવા લાગી. કોઈએ યમુનાની, કદંબની તો કોઈએ રમણ રેતીની મદદ માગી. કૃષ્ણનું સ્નેહસહિત સ્મરણ, મનન, અનુચિંતન કરતાં કરતાં એમનાં મન કૃષ્ણમય બની ગયાં. કોઈક ગોપી પૂતના બની. કોઈકે યશોદાનું સ્વરૂપ ધારણ કર્યું. કોઈએ પયપાન કર્યું, કોઈકે વાંસળી વગાડવા માંડી, કોઈકે ચીરહરણ કર્યું. શરદપૂનમની પ્રશાંત પાવન રાતે પોતાની પાસે પુષ્કળ પ્રેમપૂર્વક પહોંચેલી ગોપીઓને સ્મિત સહિત સત્કારીને 'કેમ આવી છો ?' એવો વિચિત્ર વિસ્મયકારક પ્રશ્ન પૂછ્યો. કોઈએ જુદી જુદી પ્રેમપૂર્વક લીલાઓ કરી, અને અંતે 'હવે હું અદૃશ્ય થઉં છું' એવું કહીને અદૃશ્ય

થવાનો અભિનય કરતાં સમીપસ્થ વૃક્ષ પાછળ છૂપાઈને 'મને શોધી કાઢો તો' એવી પ્રેમવાણીને વહેતી કરી. એ વખતે ગોપીઓનાં અંતર વલોવાઈ ગયાં. આક્રંદ કરી ઊઠ્યાં. એમના અંગમાં પ્રેમના અષ્ટ મહાભાવો અનાયાસે જ પ્રાદુર્ભાવ પામ્યા. એ રડવા લાગી, પ્રાર્થના તથા પોકારવા માંડી, રોમાંચ અનુભવવા લાગી, સ્તબ્ધ બની, પ્રલાપ કરવા તથા ગાવા માંડી. એમના અંગાંગમાં પ્રસ્વેદ પથરાઈ ગયો. પ્રેમમૂર્તિ ગોપીઓનો પ્રેમાર્ણવ એમના પ્રાણમાંથી પ્રકટીને ઉછાળા મારવા માંડ્યો. એમના રોમરોમમાં, શ્વાસપ્રશ્વાસમાં, કૃષ્ણ કૃષ્ણના જપ શરૂ થયા.

ગોપીઓની એ દશા દર્શાવે છે કે પરમાત્માના પ્રેમનો પંથ ખૂબ જ કપરો છે. એ પંથે પ્રયાણ કરનારને સહેલાઈથી સફળતા નથી સાંપડતી. તો પણ પ્રેમીજન આગળ ને આગળ પ્રવાસ કર્યા જ કરે છે. એને નિષ્ફળતા નાસીપાસ નથી કરતી. દુઃખ ડગાવતું નથી. ભય તથા ભ્રાંતિની ભૂતાવળો ભરમાવી નથી શકતી. પ્રલોભનો પ્રભાવિત કરીને પોતાના નિર્ધારિત પંથથી ચલાયમાન નથી કરતાં. ગોપીઓનો પ્રેમ સૂચવે છે કે સાધકના હૃદયમાં પરમાત્માને માટે પ્રબળ પ્રેમ હોવો જોઈએ. પરમાત્માના સાક્ષાત્કારને માટે એણે કૃતસંકલ્પ અને બેચેન બનવું જોઈએ. વ્યથિત થવું જોઈએ. ગોપીઓના જેવી ચિંતા ને વેદના કોને થાય છે ? કોનો પ્રાણ પરમાત્માના દેવદુર્લભ દર્શનને માટે પીડાને અનુભવે છે ? કોણ ક્રંદન કરે છે ? પરમાત્માનો વિયોગ કોને સાલે છે ? કોણ એમના દૈવી દર્શનને માટે મનોરથ કરે છે ? કોણ તપે છે, સહે છે, કે અશ્રુ સારે છે ? પછી એમનો સાક્ષાત્કાર કોને ને કેવી રીતે થાય ?

રામકૃષ્ણ પરમહંસદેવે કહ્યું છે કે માણસો સંસારના પદાર્થો કે વિષયોનો વિયોગ થાય છે તો ઘડા ભરાય એટલાં આંસુ સારે છે, ઉજાગરા વેઠે છે, વ્યથિત બને છે, પરંતુ પરમાત્માને માટે કોણ વ્યથિત બને છે, તપે છે, અને એકાદ આંસુ પણ કોણ સારે છે ? કોણ ઉજાગરા વેઠે છે અથવા આહ અનુભવે છે ? કોણ એકનિષ્ઠ અભ્યાસનો આધાર લે છે ? પછી પરમાત્માનો અપરોક્ષ અનુભવ કેવી રીતે થાય ? એમનું એ કથન સાચું છે. કૃષ્ણને મેળવવા માટે ગોપી બનવું જોઈએ. જે ગોપી બને છે તેને કૃષ્ણ મળી શકે છે. ગોપીઓ સંસારમાં રહેતી તો પણ એમનું મન ભગવાનમાં રહેતું. એમના હૃદયમાં ભગવાન રહેતા. વિપ્રયોગની એ અવસ્થામાં એમનું અનુરાગથી આપ્લાવિત અંતર આક્રંદ કરવા લાગ્યું. હે પ્રભુ, હે કૃષ્ણ, હે પ્રિયતમ, દર્શન આપો. પરાભક્તિની અલૌકિક અવસ્થામાં આસીન બનીને એ પ્રાર્થવા તથા પોકારવા લાગી.

દરસન દેના પ્રાણપિયારે, નંદલાલા મેરે નૈનોં કે તારે.
દીનાનાથ દયાલ સકલ ગુણ, નવલકિશોર સુંદર મુખવારે.
મનમોહન મન રુકત ન રોક્યો, દરશનકી ચિત ચાહ હમારે.
'રસીક' ખુશાલ મિલનકી આશા, નિશદિન સુમરન ધ્યાન લગારે
દરસન દેના પ્રાનપિયારે, નંદલાલા મેરે નૈનોં કે તારે.

* * *

વિરહમગ્ન વિરહાતુર ગોપીઓએ અરણ્યમાં આગળ વધતાં એક સ્થળે રેતી પર પ્રભુનાં પગલાં પેખ્યાં. એ પગલાંને એમણે ઓળખી કાઢ્યાં. કૃષ્ણના એ પવિત્ર પગલાંના અવલોકનથી એમને થયું કે હવે શ્રીકૃષ્ણને શોધી શકાશે. પરંતુ એમનો આનંદ અલ્પ વખતમાં જ અદૃશ્ય થયો. કૃષ્ણનાં પુનિત પદચિહ્નોની

તદ્દન પાસે જ એમણે એક અન્ય અજ્ઞાત સ્ત્રીનાં પગલાં પેખ્યાં. એ અપરિચિત પગલાંએ એમના મનમાં મંથન જગાવ્યું. અંતરમાં આક્રંદ, ચિત્તમાં શંકા-કુશંકા, દિલમાં દાવાનલ. એમનું ચિંતન ચગદોળે ચઢ્યું. આ પગલાં કઈ ગોપીનાં હશે ? આપણને પરિત્યાગીને ભગવાન કૃષ્ણ કઈ અજ્ઞાત ગોપીની સાથે અરણ્યમાં આગળ વધ્યા હશે ? એ ગોપીના સર્વોત્તમ સદ્ ભાગ્યની સરખામણી બીજા કોઈના સદ્ ભાગ્ય સાથે ના થઈ શકે. એ સૌભાગ્યશાલિની ગોપીએ સાચેસાચ સર્વોત્કૃષ્ટ તપ કર્યું હશે. એનો પ્રેમ અને એની શ્રદ્ધાભક્તિ અતિશય પ્રબળ હશે. એ સિવાય શ્રીકૃષ્ણ એના પર અપાર અનુગ્રહ કરીને એને આવો અનેરો અવસર આપે નહીં. એણે પૂર્વે અનંત પુણ્યો કર્યાં હશે.

ગોપીઓની આંખમાંથી અશ્રુ ચાલ્યા.

મમતા જ હૃદયને રડાવે છે. ગોપીઓ કૃષ્ણને પોતાના સમજતી. પોતાને પરિત્યાગીને એ બીજાના થઈ જાય એવું અનુમાન પણ એ નહોતી કરી શકતી. એવી કલ્પના પણ એમના કાળજાને કંપાવતી. આ તો કલ્પનાને બદલે વાસ્તવિકતા બની. એથી એમનાં હૈયાં હાલી ઊઠ્યાં.

એ વાતને આધ્યાત્મિક કે સાધનાત્મક રીતે પણ વિચારીએ. વૃત્તિઓ, ઈન્દ્રિયો પરમાત્માભિમુખ બને છે ને પરમાત્મા પ્રત્યે પ્રવાહિત થાય છે ત્યારે બાહ્ય ભાન ભૂલી જાય છે. બીજી સઘળી બાહ્ય વૃત્તિઓ શાંત થતાં અસ્મિતાની એક જ વૃત્તિ, ભક્તિમાર્ગમાં પરમાત્મમયી એક જ ભાવના શેષ રહે છે. એ વૃત્તિ અથવા ચેતના છેવટે પરમાત્માની સાથે એક થાય છે ત્યારે સુખદ સમાધિ સધાય છે. એમાંથી જાગ્યા પછી બીજી વૃત્તિઓ-ગોપીઓ-રહે છે ખરી પરંતુ એમનો પરમાત્મા સાથે રાસ રમાય છે. એ રસપૂર્ણ બની જાય છે, પ્રભુમય થાય છે.

* * *

કેટલાક વિદ્વાનો અથવા પંડિતો કહે છે કે ભાગવતમાં રાધાનું નામ નથી આવતું. જેનું નામ કૃષ્ણના જીવન સાથે જોડાયેલું છે અને જેની આસપાસ કથાકારો, કલાકારો અને કવિજનોએ કલ્પનામિશ્રિત સુંદર સૃષ્ટિ ઊભી કરી છે તે રાધાનો ભાગવતમાં નામનિર્દેશ નથી મળતો. એના ઉત્તરમાં બીજા વિદ્વાનો જણાવે છે કે રાધા કૃષ્ણનું મન અથવા હૃદય છે. કૃષ્ણ એનાથી એક ક્ષણને માટે પણ દૂર ના રહી શકે. એ કૃષ્ણની સાથે શાશ્વત સમયને માટે સર્વત્ર સંકળાયલી છે. કૃષ્ણ જે ગોપીની સાથે અન્ય ગોપીઓને પરિત્યાગીને એકાંત અરણ્યમાં ગયેલા ને જેનાં પગલાં કૃષ્ણનાં પદચિહ્નો સાથે ગોપીઓએ જોયેલાં તે ગોપી રાધા હતી. ગોપીઓએ એને માટે ઉદ્ ગારો કાઢતાં કહેલું

अनयाराधितो नूनं भगवान्हरिरीश्वरः ।

यन्नो विहाय गोविन्दः प्रीतो यामनयद्रहः ॥२८॥ (અધ્યાય ૩૦ શ્લોક ૨૮)

આ ગોપીએ ખરેખર ભગવાન, હરિ, ઈશ્વર, કૃષ્ણને આરાધ્યા છે એટલે તો આપણને છોડીને પ્રસન્ન થયેલા ગોવિંદ એને, એકાંતમાં લઈ ગયા છે.

જેણે ભગવાનને સુચારુરૂપે, અનુરાગપૂર્વક આરાધ્યા એ રાધા.

એટલે ભાગવત એ શ્લોકમાં રાધાનો પ્રકારાંતરે ઉલ્લેખ કરાયો. કૃષ્ણને માટે ભગવાન, હરિ, ઈશ્વર, ગોવિંદ શબ્દપ્રયોગ કરીને પુનઃ સૂચવવામાં આવ્યું છે કે કૃષ્ણ કોઈ સામાન્ય માનવ નથી, પરંતુ સ્વયં

ભગવાન છે. એમને માટે ગોવિંદ શબ્દપ્રયોગ કરીને દર્શાવવામાં આવ્યું છે કે એ ઈન્દ્રિયોના ને મનના અધીશ્વર છે. વિલાસી નથી, સંપૂર્ણ સંયમી છે. ઈન્દ્રિયલોલુપ નથી, ઈન્દ્રિયોના વિજેતા છે. એમના મન પર એકાંતનો કોઈ પ્રતિકૂળ પ્રભાવ નથી પડવાનો.

યોગની દૃષ્ટિએ વિચારીએ તો, મનની વૃત્તિ બહિર્મુખ બનીને બાહ્ય પદાર્થો તરફ પ્રવાહિત થાય છે. એને, એ ચેતનાની ધારોને, ઉલટાવીને આત્માભિમુખ બનાવીએ અને આત્મા તરફ વહેતી કરીએ એટલે એ રાધા થાય છે. એ ચેતનારૂપી રાધા અંતઃસ્થ આત્મારૂપી કૃષ્ણની સાથે સંબંધ સાધીને કૃતાર્થ બને છે. છેવટે રાધાકૃષ્ણનું સુખદ સંમિલન સધાય છે. જીવનની સમસ્ત સાધના સાર્થક થાય છે.

* * *

ગોપીઓએ થોડેક આગળ જઈને જોયું તો પેલી એકનિષ્ઠાથી કૃષ્ણને આરાધનારી ગોપીનાં પગલાં ના દેખાયાં. એ પગલાં ક્યાં ગયાં ? એમનું મન અનેક પ્રકારનાં અનુમાનો કરવા લાગ્યું. એમને થયું કે અહીં એનાં પગલાં નથી દેખાતાં. કૃષ્ણે એને ઉપાડી લીધી હશે. એને માટે પુષ્પો વીણ્યાં હશે.

એ ભાવે અને વિચારે એમના અંતરને સંવેદનમય કરી દીધું.

ભગવાન કૃષ્ણ પોતાની એકનિષ્ઠ અનુરાગપૂર્ણ આરાધના કરનારી જે ગોપીને લઈને વનમાં વિહાર કરી રહેલા તે ગોપી પણ પોતાને સૌથી વધારે સદભાગિની સમજવા લાગી. એને પણ થોડોક અહંકાર થયો. એને થાક લાગવાથી એ કૃષ્ણને પોતાને તેડવા માટે કહેવા લાગી. કૃષ્ણ એ વખતે એની આગળથી એકાએક અદૃશ્ય થયા. એને લીધે એની પીડાનો પાર રહ્યો નહીં. માર્ગમાં આગળ વધતી વિરહવ્યથિત હૃદયવાળી ગોપીઓને એનો મેળાપ થયો. એની પાસેથી સઘળો ઈતિહાસ સાંભળીને સઘળી ગોપીઓ પાછી ફરીને કાલિંદીતટે પહોંચીને પ્રભુને પ્રાર્થવા તથા પોકારવા લાગી.

ગોપીઓની એ પ્રેમપૂર્ણ પ્રાર્થના ભાગવતના દસમાં સ્કંધમાં જોવા મળે છે. એ પ્રાર્થના ગોપીપ્રેમના પરિપૂર્ણ પ્રતીક જેવી છે. એમાં ગોપીઓનું અનુરાગમય અંતર ધબકે છે. એમાં એમની અતિશય ઉત્કટ ભાવોર્મિ ભરી છે. એ દર્શાવે છે કે ઈશ્વરપ્રાપ્તિની ઉત્કટ ઈચ્છાવાળા સાધક ભક્તનું અંતર કેટલું બધું અનુરાગપૂર્ણ અને આતુર હોવું જોઈએ. એવો અનુરાગ અને એવી આતુરતા આવિર્ભાવ ના પામે ત્યાં સુધી ઈશ્વરદર્શન ના થઈ શકે. ઈશ્વરદર્શનને માટે સાધકનું રોમેરોમ રડવું જોઈએ. અણુએ અણુ આતુર થવું જોઈએ. અંતર બેચેન બનવું જોઈએ. કોઈક પ્રિયજનનો વિયોગ થાય છે તો કેટલો બધો કલેશ થાય છે ? સમસ્ત જીવન નીરસ લાગે છે. ઊંઘ ઊડી જાય છે, આરામનો અંત આવે છે, લૌકિક પ્રવૃત્તિમાં મન નથી લાગતું. સંસાર સ્મશાન સમો થઈ જાય છે. જીવનનો સઘળો રસકસ લુપ્ત થાય છે. જીવન મરણ જેવું બની રહે છે. પરમાત્માના સાક્ષાત્કાર અથવા સ્વરૂપના દર્શનને માટે સાધકની એવી અવસ્થા થાય છે ત્યારે એની સાધના સાર્થક બને છે. પરમાત્માના પવિત્રતમ પ્રેમની એવી અસાધારણ ઉત્કટ અવસ્થાનો અનુભવ કોને થાય છે ? સંસારના પરિવર્તનશીલ પદાર્થો માટે તો થાય છે પરંતુ એને બદલે પરમાત્માને માટે થવો જોઈએ. ત્યારે ભક્તિ જાગી એવું કહી શકાય. ગોપીગીતમાં એવો સંદેશ સમાયેલો છે.

વર્તમાનપત્રમાં કેટલીકવાર આ પ્રકારની જાહેરાત આવે છે :

ચિ. ભાઈ કલ્પેશ,

તું ઘર છોડીને ગયો ત્યારથી તારાં માતપિતા કારમું કલ્પાંત કરે છે. એમણે ખોરાકનો ત્યાગ કર્યો છે. માટે વહેલી તકે ઘેર પાછો આવી જા. તને કોઈ ઠપકો નહિ આપે. તારી બધી ઈચ્છા પૂરી થશે. આવવા માટે પૈસા જોઈતા હોય તો મંગાવી લેજે.

- લિ. તારો મિત્ર રક્ષેશ.

એવી જાહેરાત, એવો પ્રેમપત્ર, કોઈવાર ઈશ્વરને માટે લખવાનું મન થાય છે ? અરે પ્રિયતમ પરમાત્મા, તમે મારા ને સૌના સનાતન સખા છો. ન જાણે કેટલાય વખતથી વિશ્વના આ વિશાળ વૃંદાવનમાં તમે મારો પરિત્યાગ કર્યો છે ! હું તમને શોધું છું. તમારા મધુર મિલન માટે આતુર છું. તમારા દૈવી દર્શનનો મનોરથ સેવું છું. તમારા વિના મને ક્યાંય કશું જ નથી ગમતું. તમે વહેલી તકે મારી પાસે પ્રકટ થાવ. મને શાંતિ આપો. આટલા બધા વખત સુધી મારાથી દૂર રહેવા માટે હું તમને ઠપકો નહીં આપું. હવે લેશ પણ વિલંબ ના કરતા. તમારા અલૌકિક અનુગ્રહ વિના તમારું દર્શન મને નહિ થઈ શકે અને સંતપ્ત અંતરને શાંતિ પણ નહિ સાંપડે.

ઈશ્વરને માટેના અસાધારણ અનુરાગની એવી અનેરી અવસ્થાનો અનુભવ કોણ કરે છે ? કોઈક વિરલ વ્યક્તિવિશેષ જ. એને ઈશ્વરનો સાક્ષાત્કાર અવશ્ય થાય છે. જપ, તપ, સ્વાધ્યાય, યજ્ઞયાગાદિ સઘળાં સાધનો આખરે તો ઈશ્વરને માટેના એ અદભુત અનુરાગને પ્રકટાવવા તથા પ્રબળ બનાવવા માટે જ છે. ગોપીગીતમાં એ અવર્ણનીય અનુરાગનો અર્ણવ ઊછળે છે. ગોપીઓનું રાગરંગાયેલું હૃદય અને રોમેરોમ બોલે છે. એટલે જ એ એટલું બધું અસરકારક બન્યું છે. એને જીવની શિવ પ્રતિ લખાયલી પ્રેમપત્રિકા કહી શકાય. એનો પરિચય પ્રસન્નતાપ્રદાયક થઈ પડશે. એનો આસ્વાદ અંતરને આલોકિત કરનારો બનશે.

* * *

## ૬. ગોપીગીત

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દસમાં સ્કંધના પૂર્વાર્ધના એકત્રીસમા અધ્યાયમાં આલેખવામાં આવેલા ગોપીગીતના મૂળ શ્લોકોને એના પદ્યાનુવાદ સાથે વાંચવાથી અનેરો આનંદ અનુભવાશે. એ પદ્યનુવાદની રચના મારા દ્વારા સાબરમતીના મારા નિવાસ દરમિયાન તારીખ ૨૮-૩-૧૯૫૩, ચૈત્ર સુદ ૧૪ રવિવારે કરવામાં આવેલી. એ મૂળ શ્લોકો અને એમનો કાવ્યાનુવાદ આ પ્રમાણે છે :

**३१. गोप्य ऊचुः**

ગોપીઓ બોલી :

जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ।
दयित दृश्यतां दिकषु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥०१॥
વિજયવાન છે વિશ્વમાં થયું, જનમિયા તમે તે થકી વ્રજ;
સતત ઈન્દિરાવાસ છે અહીં, સુખદ શ્રેષ્ઠ છે સર્વથી વ્રજ.
પણ નથી અમોને જરી સુખ, પ્રિય અમે તમોને જ શોધિયે.
પ્રિય તમે લઈ પ્રાણ ક્યાં ગયા? પ્રકટ થાવ સૌ, હાથ જોડિયે.

शरदुदाशये साधुजातसत् सरसिजोदरश्रीमुषा दृशा ।
सुरतनाथ तेऽशुल्कदासिका वरद निघ्नतो नेह किं वधः ॥०२॥
શરદ ઋતુના સરવરે ઉગ્યા, સરસ પદ્મથી દિવ્ય દ્રષ્ટિથી,
ઉર હણ્યા તમે, એ નથી વધ? પ્રભુ, અમે બધી શુદ્ર દાસિકા.

विष्जलाप्ययाद्व्यालराक्षसाद्वर्ष्मारुताद्वैद्युतानलात् ।
वृष्मयात्मजाद्विश्वतो भयादृष्भ ते वयं रकषिता मुहुः ॥०३॥
વિષય વારિથી ને અઘાસુર, પવન વૃષ્ટિ ને વીજ આગથી,
અસુર વ્યોમ ને વૃષલ બેય થી, બહુય રક્ષિયા હે પ્રભો! તમે.

न खलु गोपीकानन्दनो भवानखिलदेहिनामन्तरात्मदृक् ।
विखनसार्थितो विश्वगुप्तये सख उदेयिवान्सात्वतां कुले ॥०४॥
સુત નથી યશોદા તણા તમે, સકળ સૃષ્ટિના પ્રાણનાથ છો;
જગત રક્ષવા બ્રહ્મ પ્રાર્થતા, યદુકુલે તમે જન્મ છે ધર્યો

विरचिताभयं वृष्णिधूर्य ते चरणमीयुषां संसृतेर्भयात् ।
करसरोरुहं कान्त कामदं शिरसि धेहि नः श्रीकरग्रहम् ॥०५॥
ભવ ભર્યે ભર્યા લોકને સદા, અભય આપતો હાથ આપનો.

કમળહાથ તે શ્રી કર ગ્રહ, અમ શિરે મુકો કામ કાપતો.

व्रजजनार्तिहन्वीर योषितां निजजनस्मयध्वंसनस्मित ।
भज सखे भवत्किङ्करीः स्म नो जलरुहाननं चारु दर्शय ॥०६॥
વ્રજજનો તણાં કષ્ટ કાપતાં, સ્મિત થકી સદા ગર્વ ગાળતાં.
ચરણસેવિકા સૌ ખરે અમે, વદનપદ્મનું દાન દો તમે.

प्रणतदेहिनां पापकर्ष्णं तृणचरानुगं श्रीनिकेतनम् ।
फणिफणार्पितं ते पदाम्बुजं कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् ॥०७॥
પ્રણતલોકનાં પાપ ટાળતું, વનમહીં જતું શ્રીતણું ઘર,
ફણિફણા પરે મૂક્યુ જે તમે, ચરણ વિશ્વના એક હે વર!
અમ ઉરપ્રદેશે મૂકો હવે, હૃદય તાપ કે શાંત સૌ બને.

मधुरया गिरा वल्गुवाक्यया बुधमनोज्ञया पुष्करेक्षण ।
विधिकरीरिमा वीर मुह्यतीरधरसीधुनाप्याययस्व नः ॥०८॥
મધુરવાણીથી મોહ પામતાં, બુધજનોય હે પદ્મલોચન!
મધુરવાણીથી મોહ પામતી, બહુ પ્રભો, અમે ગોપીકા વન.
પ્રણયની સુધા પાવ પ્રેમથી, હૃદય દાન દો સૃષ્ટિના ધન!

तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् ।
श्रवणमङ्गलं श्रीमदाततं भुवि गृणन्ति ये भूरिदा जनाः ॥०९॥
મધુ કથાસુધા તપ્ત જીવને, પરમશાંતિને આપનાર છે.
કવિથકી ઘણી છે ગવાયેલી, વિપદ પાપથી તારનાર છે.
સુખદ ચારુ ને ગૂઢ છે ઘણી, શ્રવણથી સદા શ્રેય આપતી.
તવ કથાસુધા પાન જે કરે, પરમદાન તે વિશ્વને કરે.

प्रहसितं प्रियप्रेमवीक्षणं विहरणं च ते ध्यानमङ्गलम् ।
रहसि संविदो या हृदि स्पृशः कुहक नो मनः कषोभयन्ति हि ॥१०॥
પરમ હાસ્ય ને દ્રષ્ટિપાત ને, તુજ વિહાર સૌ ધ્યાન મંગલ
સુખદ શબ્દ એકાંત કાળના, હૃદય સ્પર્શતા નંદનંદન!
સ્મરણથી જ તે દુઃખ આપતાં, કપટમિત્ર હે, એકલા થતાં.

चलसि यद्व्रजाच्चारयन्पशून्नलिनसुन्दरं नाथ ते पदम् ।
शिलतृणाङ्कुरैः सीदतीति नः कलिलतां मनः कान्त गच्छति ॥११॥
પશુ લઈ તમે જાવ ચારવા, વ્રજ થકી વને ગાય પાળવા,

કમળથીય છે પાય કોમળા, નિરખતાં ખરે થાય છે વ્યથા.
તણખલાં વળી કષ્ટ આપશે, સહન દુઃખ એ શેં કરી થશે?
કઠિન ભૂમિનો સ્પર્શ શેં થશે? કઠિન ભૂમિનો સ્પર્શ શેં થશે?

दिनपरिक्षये नीलकुन्तलैर्वनरुहाननं बिभ्रदावृतम् ।
घनरजस्वलं दर्शयन्मुहुर्मनसि नः स्मरं वीर यच्छसि ॥१२॥
દિન પૂરો થતાં ગૌ લઈ ફરો, મધુરકેશ હે, ચિત્તને હરો;
રજ છવાયેલી પદ્મશા મુખે, નિરખિયે અમે દ્રશ્ય તે સમે,
હૃદયમાં થતો પ્રેમ તે સમે, મિલન માગતાં વીર હે અમે.

प्रणतकामदं पद्मजार्चितं धरणिमण्डनं ध्येयमापदि ।
चरणपङ्कजं शन्तमं च ते रमण नः स्तनेष्वर्पयाधिहन् ॥१३॥
સતત સેવતાં દિવ્ય ભક્તની, સકલ કામના પૂર્ણ જે કરે.
ચરણ પદ્મજા પૂજ્ય તે ખરે, ભૂષણ ભૂમિના કષ્ટને હરે.
ચરણ તે તમે પ્રેમથી સદા, ઉર પરે મૂકો તાપ કે ટળે.

सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुम्बितम् ।
इतररागविस्मारणं नृणां वितर वीर नस्तेऽधरामृतम् ॥१४॥
મિલન આશને જે વધારતી, સ્વરિત વેણુથી છે ચુમાયલી
ઈતર રાગ સૌને ભૂલાવતી, ક્ષણિક સ્વાદથી સ્વર્ગ આપતી,
પરમ પાવ તે ખૂબ પ્રેમથી, પ્રણયની સુધા ક્લેષ કાપતી.

अटति यद्भवानह्नि काननं त्रुटि युगायते त्वामपश्यताम् ।
कुटिलकुन्तलं श्रीमुखं च ते जड उदीक्षतां पक्ष्मकृद्दृशाम् ॥१५॥
વનમહીં તમે જાવ તે સમે, યુગસમી ક્ષણો દીસતી ખરે;
વદન કેશથી યુક્ત દેખતાં, દિન પૂરો થતાં શાંતિ શી મળે,
પણ થતું સદા ચિત્તમાં ફરી, મુરખ પાપણો જેહણે કરી.

पतिसुतान्वयभ्रातृबान्धवानतिविलङ्घ्य तेऽन्त्यच्युतागताः ।
गतिविदस्तवोद्गीतमोहिताः कितव योषितः कस्त्यजेन्निशि ॥१६॥
પતિ તજી તજી બંધુ ભ્રાતને, સ્વજનો સૌ અમે આવિયાં અહીં
મધુરગાનથી મોહ પામતાં, ઘર તજી અમે આવિયાં અહીં
તુજ વિના તજે કોણ નારને, મધુર રાતમાં પ્રેમસારને?

रहसि संविदं हृच्छयोदयं प्रहसिताननं प्रेमवीक्षणम् ।

बृहदुरः श्रियो वीक्ष्य धाम ते मुहुरतिस्पृहा मुह्यते मनः ॥१७॥
પ્રણયવાતથી પ્રેમ થાય છે, વદનના સ્મિતે પ્રાણ ન્હાય છે.
નયન શ્રી તણાં ધામ શું મહા, ઉર નિહાળતાં શાંતિ થાય છે.
મધુર રૂપ તે યાદ આવતાં, મિલન ચારૂ આ ચિત્ત ચ્હાય છે.

व्रजवनौकसां व्यक्तिरङ्ग ते वृजिनहन्त्र्यलं विश्वमङ्गलम् ।
त्यज मनाक्च नस्त्वत्स्पृहात्मनां स्वजनहृद्रुजां यन्निषूदनम् ॥१८॥
સકળ વિશ્વ ને વ્રજજનો તણી, વિપદ ટાળવા જન્મિયા તમે,
સ્મૃતિ નથી રહી એ વિચારની, હજુય ગુપ્ત તો કાં રહ્યા તમે?
પ્રણયપ્રાણની કૈં દવા કરો, નિજજનો તણાં દરદને હરો.

यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु ।
भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु ॥
तेनाटवीमटसि तद्व्यथते न किं स्वित् ।
कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥१९॥
છે કોમળાં કમળથી ચરણો તમારાં, બ્હિતા કઠોર હૃદયે મુકિયે અમારાં;
તેવાં લઈ ચરણ આ વનમાં ફરો છો, રાતે ખરે હૃદય શોક થકી ભરો છો;
કાંટા અને સખત કંકર કૈંક વાગે, એવા વિચાર કરતાં અતિદુઃખ જાગે.
અર્પ્યું અમે હૃદય હે પ્રભુજી તમોને, તો શીઘ્ર દર્શન હવે પ્રિય દો અમોને.

(ગોપી ગીત સમાપ્ત)

* * *

## ૭. ગોપીઓના પ્રશ્નો

પરમાત્માને પ્રેમસિંધુ કહેવામાં આવે છે. એ સિંધુને કિનારે જઈને બેસનારાને નિરાશ નથી થવું પડતું. એના બિંદુને પણ પામવાનો મનોરથ કરે છે એ બડભાગી બની જાય છે. એનું જીવન એ પ્રેમસિંધુની કૃપાથી કૃતાર્થ થાય છે. જીવ જો પરમાત્માના પવિત્ર પ્રેમસિંધુમાં સરિતાની પેઠે સમાવા માગે તો પરમાત્મા એને સત્કાર્યા વિના ના રહી શકે. સોય આકર્ષણને અનુભવે છે તો લોહચુંબક એને આકર્ષવાનું કાર્ય કરે છે. એકમેકના આકર્ષણમાં એવી રીતે ઉભયનું યોગદાન છે. આત્મા પરમાત્માને મળવા માગે છે તો પરમાત્મા એને મળ્યા વિના નથી રહી શકતા. એ સનાતન સત્યનો પ્રતિઘોષ ગોપીઓના સંબંધમાં પડ્યા વિના ના રહ્યો. ગોપીઓના વિરહવ્યથિત પ્રાણના પ્રેમપોકારોને સાંભળીને ભગવાન કૃષ્ણ એમની આગળ પ્રકટ થયા. અધિક કાળપર્યંત અદૃશ્ય રહી શક્યા જ નહિ. ગોપીઓના પ્રભુ પ્રકટ્યા.

શુકદેવજીએ એમનું પ્રેમપૂર્ણ વર્ણન કરતાં 'સાક્ષાન્મન્મથમન્મથઃ' શબ્દપ્રયોગ કરીને સૂચવ્યું છે ભગવાન કૃષ્ણ કામદેવના પણ કામદેવ હતા. મન્મથને પણ મથી નાખનારા કે વશ કરનારા. બીજા યોગીઓ કે મહાપુરૂષોની પેઠે એ કામથી અથવા કામોત્તેજક કહેવાતા પદાર્થોથી દૂર ના રહ્યા; એમને ભસ્મીભૂત કરવા માટે પ્રવૃત્ત ના થયા; પરંતુ એમની વચ્ચે વસીને અને એમનાથી વીંટળાઈને એમની અંદર પવિત્ર પ્રેમથી પ્રેરાઈને એમણે અલૌકિક આત્મદર્શન કર્યું. એ દૃષ્ટિએ જોતાં એમની અવસ્થા ખૂબ જ અનોખી હતી. ભોગપદાર્થોની વચ્ચે વસીને પણ ભોગભાવથી રહિત રહેવામાં અધિક આત્મબળની આવશ્યકતા રહે છે.

ગોપીકાઓ ભગવાન કૃષ્ણને નિહાળીને ઊભી થઈ. એમને અતિશય અનુરાગપૂર્વક ઘેરી વળી. એમને માટે મંગલ મધુમય મહોત્સવનો આરંભ થયો.

કૃષ્ણ વિનાનું જીવન મરણ બરાબર બની જાય છે. એવા જીવનમાં રસ, કસ, આનંદ નથી રહેતો.

એ અમૃતમય નથી થતું, વિષમય થાય છે.

ગોપીઓને એનો અપરોક્ષ અનુભવ થયો. એમને શાંતિ મળી.

કૃષ્ણે એમની સાથે યમુનાતટ પર પહોંચીને રેતીને સરખી કરી. કૃષ્ણની એકનિષ્ઠ આરાધનામાં મગ્ન ગોપીએ રેતી પર પોતાની ઓઢણી પાથરી. પ્રભુ એના પર પ્રેમપૂર્વક બિરાજ્યા. ગોપીઓએ એમની પ્રેમપૂર્વક પૂજા કરી. ચકોરી ચંદ્રને જુએ એમ એમના તરફ - એમના મધુમય મુખમંડલ તરફ જોઈ રહી. એમના મુખમધુને પીવા લાગી. કેટલાક કાળપર્યંત એના રસાસ્વાદમાં એક થઈ, ભાન ભૂલી, કે ખોવાઈ ગઈ. અદભુત રસસમાધિમાં ડૂબી ગઈ. એ પછી કેટલીક ગોપીઓ ભાવવિભોર બનીને પોતાના ભાવોને વ્યક્ત કરતાં કહેવા લાગી :

**श्रीगोप्य ऊचुः**

भजतोऽनुभजन्त्येक एक एतद्विपर्ययम् ।

नोभयांश्च भजन्त्येक एतन्नो ब्रूहि साधु भोः ॥१६॥ (અધ્યાય ૩૨, શ્લોક ૧૬)

ગોપીઓના એ કથનમાં ગૂઢ ભાવ સમાયલો. એ કથન દ્વારા એમણે એમના હૃદયને વાચા આપતાં જે પૂછ્યું એનો ભાવાર્થ આ પ્રમાણે હતો:

સંસારમાં એક પ્રકારના માણસો એવા છે જે ભજે છે તેને ભજે છે. બીજા પ્રકારના માણસો જે નથી ભજતા તેને પણ ભજે છે. ત્રીજા પ્રકારના માણસો જે ભજે છે તેને ને જે નથી ભજતા તેને પણ નથી ભજતા. એ બધા માણસોમાં તમારું સ્થાન ક્યાં છે ? તમારો સમાવેશ કયા પ્રકારમાં થઈ શકે ?

ગોપીઓના શબ્દોમાં રહેલા વ્યંગને ભગવાન સમજી ગયા. એ વ્યંગની પાછળ એમનો અપાર્થિવ અદભુત અતિગાઢ અનુરાગ હતો એની એમને માહિતી હતી. એટલે સહેજવાર શાંતિ રાખીને એમણે સ્વસ્થ સુધાસભર સ્વરે કહેવા માંડ્યું કે સ્વાર્થી માણસો ભજે છે તેમને ભજે છે. જે એમની સાથે સ્નેહસંબંધ રાખે છે તેમની સાથે સ્નેહસંબંધ રાખે છે. જેમને કોઈ પ્રકારના બદલાની ઈચ્છા નથી હોતી તેવા પરોપકારી પુરૂષો જે ના ભજે તેમને પણ ભજે છે, તેમની પ્રત્યે સ્નેહ રાખે છે. એમનું અપમાન થાય, એમને સંકટોનો સામનો કરવો પડે, એમની અનેકવિધ આલોચના કરવામાં આવે, અને એમને અપયશ વેઠવો પડે તો પણ એ પોતાના પ્રેમનો પરિત્યાગ નથી કરી શકતા. એમનો પ્રેમ સહજ અને સ્વાર્થરહિત હોય છે. એવા પ્રેમી આત્માઓમાં કૃપાળુ માતાપિતાનો ને આદર્શ સાચા સંતપુરૂષોનો સમાવેશ થાય છે. કૃતઘ્ની પુરૂષો પોતાના પ્રત્યે પ્રેમ રાખનારા અથવા પ્રેમ ના રાખનારા કોઈની પ્રત્યે પ્રેમ રાખતા નથી. એ કોઈને ભજી શકતા જ નથી. પોતાને માટે મોટામાં મોટો ભોગ આપનારને માટે પણ એમના અંતરમાં કોઈ પ્રકારનો સદ્ ભાવ નથી હોતો.

ભગવાને જણાવ્યું કે મને ભજનારને હું જલદી નથી ભજતો, એની ઉપર કૃપાની કલ્યાણકારક શીઘ્ર વર્ષા નથી કરતો, તેથી ભક્તનો મારા પ્રત્યેનો પ્રેમ વધારે ને વધારે પવિત્ર થાય છે ને વધે છે. એની અન્ય વાસનાની નિવૃત્તિ થાય છે. એની વ્યાકુળતા વધે છે. એ મારું ધ્યાન ધરે છે, મને જપે છે, ને મારે માટે બેચેન બને છે. તમે મારામાં કશું દોષદર્શન ના કરશો. હું તમારો આભારી છું. તમારા પ્રેમનું ઋણ મારાથી કોઈપણ પ્રકારે નહિ ચૂકવી શકાય. તમારા પવિત્ર પ્રેમનો બદલો વાળવા માટે આવા અનેક જન્મોને ધારણ કરું તો પણ પૂરો બદલો ના વાળી શકું. તમારો પ્રેમ એટલો બધો અસાધારણ છે, અને મારો પ્રેમ પણ એવો જ અપાર્થિવ છે. મારા સંબંધની સરખામણી સંસારના ઈતર સ્નેહસંબંધ સાથે ના થઈ શકે.

ભગવાન કૃષ્ણના સ્નેહસંયુત શબ્દો ગોપીકાઓ માટે અતિશય સુખકારક, શાંતિદાયક થઈ પડ્યા. એમનાં અંતર આનંદના અર્ણવમાં અવગાહન કરવા લાગ્યાં એમને એમનું શરીરધારણ સફળ અથવા સાર્થક થયેલું લાગ્યું.

ભગવાન ભક્તને પહેલાં રડાવે છે ને પછી હસાવે છે. પહેલાં તપાવે છે ને પછી કંચન કરે છે. પહેલાં વિયોગથી વ્યથિત કરે છે ને પછી યોગનો અવર્ણનીય અક્ષય આનંદ અર્પે છે. ભક્તના અંતરમાંથી, અણુઅણુમાંથી, અહંકારને ઓગાળી નાખીને એના જીવનમાં પોતે પ્રકટે છે. એ કૃપાનિધાન કલ્યાણસાગર કોઈનું ક્યાં કદી પણ અકલ્યાણ નથી કરતા. પોતાના શરણાગતનું તો નહિ જ.

પરમાત્મા પ્રત્યેક આત્માના સાચા પ્રેમી છે. એમનો પ્રેમ સાચો પ્રેમ છે. એ જીવને સદા સન્માર્ગે વાળે છે. ન્યાય, નીતિ, સત્ય, સદાચારના મંગલ માર્ગે ઉત્તરોત્તર આગળ વધારીને એનું સાચું શ્રેય સાધે છે.

પોતાના જીવનધ્યેયને ભૂલીને સાધનાપથથી ચ્યુત થનારા દુન્યવી-લૌકિક કે પારલૌકિક પ્રલોભનોમાં પડનારા, સાધકને જીવનધ્યેયની સ્મૃતિ કરાવીને, માયાવી બંધનોમાંથી મુક્તિ આપીને, સંરક્ષે છે, અને પોતાનું દૈવી દર્શન કરાવીને કૃતકૃત્ય કરે છે એને એ વિપથગામી નથી બનવા દેતા, શ્રદ્ધાભક્તિથી રહિત નથી થવા દેતા, નિરાશ અને નાહિંમત નથી રહેવા દેતા. સાધક કોઈક જ્ઞાત-અજ્ઞાત કારણે પોતાના સાચા કલ્યાણને ભૂલી જાય અને આડમાર્ગે ચઢી જાય તો પણ એ એને એની યાદ અપાવે છે તેમજ અસલ માર્ગે મૂકી દે છે. એના અકલ્યાણને એ સ્વપ્ને પણ નથી વિચારી શકતા. એમનું અંતર એને માટેની કલ્યાણભાવનાથી ભરપૂર હોય છે.

પરમાત્મા નિઃસ્વાર્થ પ્રેમી છે. એમને કશો સ્વાર્થ નથી. એ પોતાને માટે કશું જ નથી માગતા. ભક્તના સુખમાં સુખી ને દુઃખમાં દુઃખી હોય છે. ભક્ત ભૂલી જાય તો પણ એ એને નથી ભૂલતા. ભક્ત એમનો વિરોધી બની જાય તો પણ એ એના વિરોધી કદી નથી બનતા. વિરોધી બનવાનો વિચાર પણ નથી કરતા. નથી કરી શકતા. ભક્ત એમનું અપમાન કરે છે તો પણ એનું એ અપમાન નથી કરતા. એને માને છે, માન અપાવે છે. ભક્ત નિંદે છે તો પણ એ એની નિંદાને પસંદ કરતા નથી. ભક્તના સુખે સુખી તથા દુઃખે દુઃખી થાય છે. ભક્તનું અધઃપતન એમને સાલે છે. એને એમાંથી ઉગારવા માટે એ બનતું બધું જ કરી છૂટે છે. એમનો પ્રેમ અપાર્થિવ, સહજ, સ્વયંભૂ હોય છે. એથી કદી પણ કોઈયે કારણે નથી મટતો. કોઈ પ્રકારના બદલાની અપેક્ષા નથી રાખતો. પોતાનું કાર્ય કર્યા જ કરે છે.

ભગવાન પૂર્ણ પ્રેમી છે. એમના જેવો ને જેટલો પ્રેમ બીજા કોઈનો નથી. એમનો પ્રેમ કદી ઘટતો નથી. એ પ્રેમનો ગમે તેટલો આસ્વાદ અનુભવવામાં આવે તો પણ મન ઉપરામ નથી થતું, તૃપ્તિ નથી પામતું, થાકતું કે કંટાળતું નથી. એ પ્રેમ કદી પણ પુરાતન નથી થતો.

પરમાત્મા પરમ પવિત્ર, એકમાત્ર પ્રેમી છે. એમની અંદર અશુદ્ધિનો અંશ પણ નથી. એમની બરાબરી કરી શકે એવો પ્રેમી બીજો કોઈ જ નથી. બીજા લૌકિક પ્રેમીઓ ક્ષણજીવી અથવા કામચલાઉ સમયને માટે હોય છે. એમની શક્તિ પણ સ્વલ્પ કે સીમિત હોય છે. પરમાત્મા પરિપૂર્ણ શક્તિવાળા, સદાને માટે પ્રેમ કરનારા, શાશ્વત પ્રેમી છે. એમનો પ્રેમ જન્મજન્માંતર સુધી સતત રીતે ચાલુ જ રહે છે. એનો કદી કોઈપણ કારણે અંત નથી આવતો. એ પોતાના મંગલ મંદિરદ્વારને ઉઘાડું રાખીને શરણાગત ભક્તને સત્કારવા માટે સદાય તૈયાર રહે છે.

એમનો પ્રેમ અદભુત અને અલૌકિક હોય છે. એવો પ્રેમ જગતમાં બીજે ક્યાંય જોવા નથી મળતો. બીજા પ્રેમ તો તન-મનને શાંતિ અને આત્માને આનંદ આપે છે, પરંતુ એમનો પ્રેમ શાશ્વત શાંતિ તથા પરમાનંદ પૂરો પાડવાની સાથે સાથે આત્માનું અભ્યુત્થાન કરાવીને આત્મદર્શનનો અમૂલખ અવસર પૂરો પાડે છે.

* * *

ભગવાન કૃષ્ણના ઉદગારોને સાંભળીને ગોપીઓ પ્રસન્ન થઈ. શાંત બની. એમના પવિત્ર પતિતપાવન પ્રેમના સંબંધમાં એમને કશી શંકા નહોતી થઈ, તો પણ એ ઉદગારોને સાંભળીને એમને અવર્ણનીય આનંદ થયો. એમનો વિરહતાપ ટળી ગયો. એમને ઊંડી શાંતિ મળી.

એ પ્રસન્નતાથી પુલકિત બનીને પોતાની જાતને ધન્ય સમજવા લાગી.

એમનો અહંકાર પરિપૂર્ણપણે ઓગળી ગયેલો. એમનો અંતરાત્મા અણિશુદ્ધ બનેલો. એમની દૈવી સંપત્તિ, દિવ્યતા, સોળે કળાએ ખીલી ઉઠેલી.

સાધક સંપૂર્ણપણે શુદ્ધ થાય, પ્રભુનો બની જાય, પ્રભુ પ્રત્યે અભિમુખ બને, અને પ્રિયતમ પરમાત્માના દેવદુર્લભ દૈવી દર્શનથી ધન્યતાને અનુભવે, એ પછી શું શેષ રહે છે ? પરમાત્માના પરમદિવ્ય દર્શન પછી જીવનમાં, હૃદયમાં, રોમરોમમાં રસનો રાસ રચાય છે. એ રસમય રાસના રંગે રંગાઈને આત્મા પરમાત્મા સાથે એક બને છે, એકાત્મતા સાધે છે, જીવનમાં સંવાદ સધાય છે. અભેદ અનુભવાય છે. સમસ્ત જીવનમાં અલૌકિકતા છવાય છે.

ગોપીઓના જીવનમાં રાસરચનાની અને રાસના રસાસ્વાદની એ પરમપ્રસન્ન પાવન પળ આવી પહોંચી. એમની સ્નેહસાધના સંપૂર્ણપણે સફળ, સારવાહી, સાર્થક થઈ. સંપૂર્ણ, સર્વોત્તમ, સિદ્ધિસભર, આદર્શ બની ગઈ.

ભગવાન કૃષ્ણને એમની સર્વોચ્ચ સુયોગ્યતાની પ્રતીતિ થઈ.

એમણે એમની ઉપર કૃપાવર્ષા કરવાનો અને એમને સંપૂર્ણપણે કૃતકૃત્ય કે સફળમનોરથ બનાવવાનો નિર્ણય કર્યો.



** ** **

## ૮. રાસલીલા

ભગવાન કૃષ્ણે ગોપીઓના શરીરધારણને સંપૂર્ણપણે સફળ તથા સાર્થક કરવા માટે રાસલીલાની રચના કરી. સ્વનામધન્ય સ્વાનુભવ સંપન્ન સંતશ્રેષ્ઠ શ્રી શુકદેવજી ભાગવતના દસમા સ્કંધના ૩૩મા અધ્યાયના બીજા ને ત્રીજા શ્લોકમાં એ રસમય રાસલીલાને વર્ણવતાં જણાવે છે :

तत्रारभत गोविन्दो रासक्रीडामनुव्रतैः ।
स्त्रीरत्नैरन्वितः प्रीतैरन्योन्याबद्धबाहुभिः ॥०२॥
रासोत्सवः सम्प्रवृत्तो गोपीमण्डलमण्डितः ।
योगेश्वरेण कृष्णेन तासां मध्ये द्वयोर्द्वयोः ॥
प्रविष्टेन गृहीतानां कण्ठे स्वनिकटं स्त्रियः ।
यं मन्येरन्नभस्तावद्विमानशतसङ्कुलम् ।
दिवौकसां सदाराणामौत्सुक्यापहृतात्मनाम् ॥०३॥ (અધ્યાય ૩૩, શ્લોક ૨, ૩,)

ગોવિંદે રાસલીલાનો આરંભ કર્યો. રાસલીલાને આરંભનાર કોઈ સામાન્ય માનવ નહોતા. ગોવિંદ અથવા ઈન્દ્રિયોના અધીશ્વર હતા. યોગની શ્રેષ્ઠ શક્તિઓથી સંપન્ન કૃષ્ણે સ્ત્રીઓથી જ નહિ, પરંતુ સ્ત્રીરત્નોથી વીંટળાઈને રાસનો આરંભ કર્યો. કૃષ્ણ એમના યોગૈશ્વર્યથી અનેક રૂપોને ધારણ કરીને બે બે ગોપીઓની વચ્ચે ઊભા રહ્યા. ગોપીઓને લાગ્યું કે કૃષ્ણ અમારી સાથે ને પાસે જ છે. ગોપીઓ કૃષ્ણના હાથને હાથમાં લઈને પ્રેમથી પરિપ્લાવિત બનીને ઊભી રહી. ભગવાને એમના કંઠને પોતાના કોમળ કરપલ્લવથી શણગાર્યો.

કેટલું બધું અદભુત, આહ્લાદક, સુંદર દૃશ્ય ? એની કલ્પના પણ અનોખો આનંદ આપે છે. ભગવાનનો સુધાસભર પરમ શાંતિદાયક કલેશવિદારક સ્પર્શ સંજીવન સંચારક બની રહ્યો. એને પામીને ગોપીઓને અસાધારણ સુખની પ્રાપ્તિ થઈ.

સૌન્દર્ય, માધુર્ય, શીલ તથા સંયમના સુભગ સંગમ સરખા રાસને નિહાળવા માટે રાસલીલા રસોત્સુક દેવો દેવાંગનાઓ સાથે એકઠા થયા.

ગોપીઓએ સુંદર ગીત ગાવા માંડ્યું.

કૃષ્ણે એમની સાથે રસમય રાસલીલા કરી.

ભક્તકવિ નરસી મહેતાએ પોતાના પદમાં પ્રેમપૂર્વક ગાયું છે :

ધન્ય વૃંદાવન ધન્ય એ લીલા, ધન્ય એ વ્રજનાં વાસી રે,
અષ્ટ મહાસિદ્ધિ આંગણે ઊભી, મુક્તિ છે એમની દાસી રે.
એ રસનો સ્વાદ શંકર જાણે, જાણે શુકદેવ જોગી રે,
કૈં એક જાણે વ્રજની ગોપી, ભણે નરસૈંયો ભોગી રે.

એ રસરાસ વૃંદાવનની સુંદરમાં સુંદર સ્ત્રીઓની સાથે રમાયલો. એના રચયિતા રમેશ હતા. કોઈ સામાન્ય માનવ નહિ પરંતુ લક્ષ્મીના અધિપતિ ઈશ્વર. ભગવાન વિષ્ણુ એ કેવી રીતે રમ્યા તેને વર્ણવતાં શુકદેવજીએ અર્ભક શબ્દનો સહેતુક પ્રયોગ કર્યો છે. બાળક જેવી રીતે જન્મજાત નિર્દોષતાથી સંપન્ન હોય છે

તેવી રીતે એ એથી પણ અધિક નિર્દોષતાથી સંપન્ન હતા. રમેશ શબ્દમાં એવી વ્યંજના પણ રહેલી છે કે કૃષ્ણ કોઈ સુંદરીના સંપર્કમાં આવ્યા જ ના હોય એવું નહોતું, એ તો લક્ષ્મીના સ્વામી હતા, એટલે એમના અંતરમાં કોઈને માટે આકર્ષણ થાય તેમ નહોતું. બાળક કાચમાં પડનારા પોતાના પ્રતિબિંબ સાથે ખેલે અથવા અનેકવિધ અભિનયો કરે તેમ એ સ્વભાવસહજ સરળતાથી રાસલીલા કરી રહેલા. એમને મન ગોપીકાઓ પોતાના પ્રતિબિંબ જેવી હતી. એમની અંદર, બહાર અને એમના સ્વરૂપમાં એ એમના આત્માનું જ દર્શન કરતા. આત્મા સિવાય કશું અનુભવતા જ નહિ. એ અવસ્થાવિશેષમાં શારીરિક માનસિક વિકારોને માટે અવકાશ જ ક્યાં રહે છે ? ભાગવતમાં કહ્યું છે :

एवं परिष्वङ्गकराभिमर्श स्निग्धेक्षणोद्दामविलासहासैः ।

रेमे रमेशो व्रजसुन्दरीभिर्यथार्भकः स्वप्रतिबिम्बविभ्रमः ॥१६॥ (અધ્યાય ૩૩ શ્લોક ૧૬ )

ભગવાન કૃષ્ણ આત્મારામ હતા. આત્મતૃપ્ત હોવાથી એમને બહારથી કશું મેળવવાનું શેષ નહોતું. એ સ્વયં આત્મનિષ્ઠ, આત્મરત, આત્મદર્શી હતા. તો પણ ગોપીકાઓની સંતુષ્ટિ માટે રાસકર્મમાં પ્રવૃત્ત થયા. એ એમની લીલા હતી. એ લીલા અનેકને માટે કલ્યાણકારક હતી. ગોપીઓને તો એણે શાંતિ આપી જ પરંતુ અધ્યાત્મપથના અન્ય અનેક પ્રવાસીઓને માટે અનંત કાળની પ્રેરણા પૂરી પાડી.

ભગવાને રાસલીલા દરમિયાન પોતાની અચિંત્ય મહામહિમામયી યોગશક્તિનો આશ્રય લઈને અનેક રૂપોને ધારણ કર્યાં. જેટલી ગોપીઓ તેટલા જ કૃષ્ણ દેખાયા.

માનવ ગોપીતુલ્ય પવિત્ર, પ્રેમમય, પરમાત્માને સમર્પિત, બને છે પછી ભગવાનને પળેપળે, સ્થળેસ્થળે, સર્વાવસ્થામાં જુએ છે. એ એમને અખંડ રીતે અનુભવે છે :

ભાગવત જણાવે છે.

कृत्वा तावन्तमात्मानं यावतीर्गोपयोषितः।

रेमे स भगवांस्ताभिरात्मारामोऽपि लीलया ॥१९॥ (અધ્યાય ૩૩ શ્લોક ૧૯)

ભાગવતશ્વરે રાસલીલાને અનુલક્ષીને લખ્યું છે :

"દુદુંભિ વાગ્યાં, પુષ્પવૃષ્ટિ થઈ, ગંધર્વો પોતાની પત્નીઓ સાથે ઉલ્લાસ સહિત ગાવાં લાગ્યા. નૂપુરો ને કંકણો ચમકી તથા રણકી રહ્યાં. રાસ રમીને થાકી ગયા પછી શ્રમમુક્ત થવા માટે ભગવાન કૃષ્ણે ગોપીઓની સાથે યમુનામાં સ્નાન માટે પ્રવેશ કર્યો, દેવતાઓએ પ્રસન્નતાથી પ્રશસ્તિપૂર્વક પુષ્પવૃષ્ટિ કરી."

સંતશિરોમણિ શ્રી શુકદેવજીના શ્રીમુખથી રાસલીલાના એ પરમદિવ્ય અતિઅદભુત આહ્લાદક કથાપ્રસંગને સાંભળ્યા પછી પરીક્ષિતના મનમાં કેટલાક માનવસહજ વિપરીત વિચારો પેદા થયા. એ વિચારોનો પ્રતિઘોષ નીચેના શબ્દોમાં પડેલો સાંભળી શકાય છે.

જગદીશ્વર ભગવાન કૃષ્ણે અધર્મનો અંત આણવા, દુર્જનોને દમવા, અને સત્યધર્મની સંસ્થાપના કરવા માટે જગતમાં જન્મ લીધેલો. એ ધર્મના સેતુ સરખા, ધર્મના સદ્‌પદેશક, કર્તા તથા સંરક્ષક હોવા છતાં અન્ય સ્ત્રીઓની સાથે એવી રાસલીલા કેવી રીતે કરી શક્યા ? એમણે એવી અનુચિત પ્રવૃત્તિ કેમ કરી ?

રાસલીલાની અત્યાર સુધીની કથાને જેણે સારી પેઠે એકાગ્રતાપૂર્વક સાંભળી હોય એને એવા સંશયમૂલક વિપરીત વિચારો ભાગ્યે જ આવી શકે. કથામાં એમનું સમ્યક્ સ્પષ્ટીકરણ આવી જ જાય છે. છતાં પણ પરીક્ષિતને એ વિશે વિશેષ જાણવાની આકાંક્ષા હોય એમ એમણે એ પ્રશ્ન પૂછ્યો.

મહાપુરૂષોના જીવનવ્યવહારોની પાછળનાં રહસ્યોનો તાગ મેળવવાનું કામ કઠિન છે. એ કયું કામ શા માટે ને કેવી રીતે કરે છે તેનો નિર્ણય કરવાનું સહેલું નથી. એ જે કરે છે એનું અનુકરણ કરવાનું નથી હોતું. એમના બતાવેલા માર્ગે ચાલવાથી જ માનવનું કલ્યાણ થાય છે. મહાપુરૂષો સમર્થ હોય છે. જે કરે છે એનાથી અલિપ્ત રહે છે. અગ્નિને ઊધઈ નથી લાગતી. મહામણિને મેલ નથી લાગતો. તેવી રીતે સમર્થ મહાપુરૂષો સઘળાં કર્મોના દોષોથી મુક્ત રહે છે. એમની સ્વભાવસહજ શુદ્ધિને કોઈ આંચ નથી આવતી. ભગવાન ભક્તો પર અનુગ્રહ કરીને માનવશરીરને ધારીને જે જુદી જુદી લીલાઓ કરે છે તે અન્ય ધર્મપ્રેમી જનોને માટે શ્રેયસ્કર, સુખકારક, શાંતિદાયક ઠરે છે. એમને યાદ કરીને એમાંથી પ્રેરણા મેળવીને એ પ્રભુપરાયણ બને છે.

શુકદેવજીના પ્રત્યુત્તરનો સાર એવો હતો.

કેટલેક ઠેકાણે રાસલીલાની અક્ષરશઃ નકલ કરવામાં આવે છે. એને પરિણામે કેટલીક વિકૃતિઓ જન્મે છે ને વ્યક્તિ વિપથગામી કે ચારિત્ર્યભ્રષ્ટ બને છે. કાલીય નાગના મર્દનની, અસુરોના દમનની, અને ગોવર્ધનધારણની અનેકવિધ લીલાઓનું અનુકરણ જેમ નથી કરી શકાતું તેમ રાસલીલાનું અનુકરણ પણ નહિ કરી શકાય. કારણ કે માનવ પાસે એવી અસાધારણ ભાગવતી શક્તિ નથી. એવું અનુકરણ એને માટે આવશ્યક નથી. એકદમ અનાવશ્યક છે.

બ્રાહ્મમુહૂર્ત સમીપ આવ્યું ત્યારે ગોપીકાઓ કૃતકૃત્યતાને અનુભવતી અનિચ્છાએ પોતપોતાને ઘેર પાછી ફરી. ભગવાનની સવિશેષ શક્તિથી જે ગોપીઓ ગૃહિણી બનેલી તેમને તેમના પતિઓને સમસ્ત રાત્રીપર્યંત પોતાની પાસે જ જોઈ.

રાસલીલાની અધ્યાયની પરિસમાપ્તિનો અંતિમ શ્લોક ખાસ નોંધપાત્ર છે :

**विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः ।**
**श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद्यः ॥**
**भक्तिं परां भगवति प्रतिलभ्य कामं ।**
**हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥३९॥** (અધ્યાય ૩૩, શ્લોક ૩૯)

એ શ્લોકમાં કૃષ્ણને માટે વિષ્ણુ શબ્દ પ્રયોજીને કહેવામાં આવ્યું છે કે વ્રજની વનિતાઓની વિષ્ણુ ભગવાન સાથેની એ રાસલીલા કે વિશિષ્ટ ક્રીડાને જે શ્રદ્ધાપૂર્વક વારંવાર સંભળાવે છે તે ભગવાનની શ્રેષ્ઠ પ્રેમલક્ષણા રાગાત્મિકા ભક્તિને પામીને હૃદયરોગમાંથી મુક્તિ મેળવે છે અને કામથી રહિત બને છે.

એનો અર્થ સ્પષ્ટ છે કે ભગવાનની એ લીલા જીવનને પવિત્ર કરવા, કામરહિત બનાવવા અને ભગવદ્ ભક્તિને પ્રકટાવવા ને પ્રબળ બનાવવા માટે છે. એનું અગત્યનું એકમાત્ર લક્ષ્યાંક એ જ છે.

એની પાછળ જે વિલાસિતાને જુએ છે, એની બુદ્ધિ, વૃત્તિ ને દૃષ્ટિ મલિન છે એવું જ માનવું જોઈએ. એનો અભિપ્રાય ભાગવતાનુસાર નથી, કિન્તુ ભાગવત વિરોધી છે.

** ** **

ગોપીઓને માટે પ્રેમસિંધુ પરમાત્માને પ્રસન્ન કરવાનું કાર્ય કઠિન ના થયું. ગોપીઓ પ્રેમસ્વરૂપા હતી. પ્રેમ મૂંગા જીવોને, માનવોને પણ વશ કરી શકે છે તો પરમાત્માને કેમ વશ ના કરી શકે ? પરમાત્મા તો પ્રેમમૂર્તિ, પ્રેમના પરમ પવિત્ર પારાવાર છે. એમને એ પ્રેમ કેમ ના સ્પર્શે ? પ્રેમ સમસ્ત સાધનોનો સાર છે. ગોપીઓએ એ અકસીર અમોઘ સાધન વિશેષ દ્વારા ભગવાન કૃષ્ણની કૃપાની પ્રાપ્તિ કરી એવી રીતે કોઈ પણ કરી શકે છે.

પ્રેમ ગોપીઓના જીવનનું પરમપ્રેરક બળ કે ધ્રુવપદ હતું. એમના જીવનની એ મુખ્ય સનાતન સંજીવની શક્તિ હતી. એમના જીવનની સર્વોત્તમ સાધના એમાં જ સમાયલી. ભગવાન કૃષ્ણને પ્રેમ કરીને, શ્રદ્ધાભક્તિથી ભજીને, એ એમની પરમ કૃપાપાત્ર બની રહી. પ્રત્યેક જીવ એવી રીતે પરમાત્માનો પરમ કૃપાપાત્ર બની શકે.

રાસલીલાના ઉપસંહારમાં ભાગવતકારે જણાવ્યું છે :

**अनुग्रहाय भक्तानां मानुषं देहमास्थितः ।**

**भजते तादृशीः क्रीड याः श्रुत्वा तत्परो भवेत् ॥३६॥** (અધ્યાય 33 શ્લોક 36)

ભગવાન જુદા જુદા જીવો પર અનુગ્રહની વર્ષા વરસાવવા માટે સમય સમય પર અવતાર ધારણ કરીને જુદી જુદી ક્રીડાઓ કરે છે. એમની એ લોકોત્તર ક્રીડાઓ કે લીલાઓના શ્રવણમનનથી માનવ પરમાત્મપરાયણ બને છે. એનું મન પરમાત્મા તરફ વળે છે.

રાસલીલાના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. એના શ્રવણમનન દ્વારા માનવે પોતાના અંતરાત્માને ઉદાત્ત બનાવવાનો છે. ગોપીકાની પેઠે આત્માને પરમાત્માના પ્રેમથી પરિપ્લાવિત કરી, પરમાત્માનો સાક્ષાત્કાર સાધવાનો છે. રાસલીલાના શ્રવણની સાચી સફળતા તથા સાર્થકતા એમાં જ સમાયલી છે. એ જ એની સર્વોત્તમ ફળશ્રુતિ છે.

ગોપીઓનો ભગવાન કૃષ્ણને માટેનો પ્રેમભાવ કેટલો બધો પવિત્ર, પ્રબળ અપાર્થિવ હતો ? પ્રેમનો સંબંધ શરીર સાથે હોવો જ જોઈએ એવું સમજવા-સમજાવવા માટે ટેવાયલા લોકોને એ અણિશુદ્ધ અનુરાગનું વર્ણન વાંચીને આશ્ચર્ય થશે. પરંતુ એમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. અનંત જન્મોના તપવ્રતાદિ પુણ્યોદયને પરિણામે અંતઃકરણની શુદ્ધિ સધાતાં ગોપી બનાય છે અથવા પરમાત્માના પરમ કૃપાપાત્ર થવાય છે. ગોપીભાવમાં પ્રતિષ્ઠિત થયા સિવાય ગોપીઓની ભૂમિકાને સમજવામાં ના આવે ત્યાં સુધી અનેક પ્રકારની શંકા-કુશંકાઓ પેદા થાય અને એમનો અનુરાગ આકાશકુસુમ સમાન અશક્ય લાગે એ સહેલાઈથી સમજી શકાય તેવું છે.

ગોપીઓના ભગવાન કૃષ્ણને માટેના અસાધારણ અનુરાગની કલ્પના કરવાનું પણ કઠિન છે. એની વાસ્તવિકતાને સમજવાનું તો એથી પણ કઠિન. સામાન્ય માનવને તો સહેલાઈથી સમજાય પણ નહિ કે શરીરધારીઓમાં એટલો બધો અણિશુદ્ધ નિષ્કામ સ્નેહસંબંધ હોઈ શકે.

* * *

એકવાર વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદ અમેરિકામાં ગોપીપ્રેમ વિશે પ્રવચન કરી રહેલા. ગોપીઓના ભગવાન કૃષ્ણ સાથેના સ્નેહસંબંધનું એમણે અતિશય અસરકારક રીતે હૃદયસ્પર્શી ભાષામાં વર્ણન કર્યું. એને સાંભળીને સૌ મંત્રમુગ્ધ બની ગયાં, પ્રવચનને અંતે કેટલાક શ્રોતાઓએ શંકા કરી કે માનવ માનવ વચ્ચે આટલો બધો અસાધારણ અનુરાગ અને આવું અલૌકિક આકર્ષણ હોઈ શકે ?

સ્વામીજી એ શંકાને સાંભળીને શાંત રહ્યા.

એ ઘટના પછી થોડેક દિવસે એમનું પ્રવચન ચાલું હતું અને શ્રોતાઓ તલ્લીન બનીને સાંભળી રહેલા ત્યારે પ્રવચનને વચ્ચે જ પડતું મૂકીને ઝડપથી બહાર નીકળી ગયા. રસમાં ડૂબેલા શ્રોતાઓ અચાનક રસભંગ બનીને એમની પાછળ ચાલ્યા અને એમની પાસે જઈને ઊભા રહ્યા.

સ્વામીજીએ પૂછ્યું : તમે બધા મારી પાસે કેમ આવ્યા ?

એમણે ઉત્તર આપ્યો : અમારાથી આવ્યા વિના રહેવાયું જ નહીં. તમારા પ્રત્યે અમને એટલો બધો પ્રેમ છે. તમારા પ્રવચનથી અમારી અંદર એટલો બધો રસ પેદા થયેલો કે પ્રવચન અધૂરું રહ્યું એ અમને ગમ્યું જ નહીં. અમે તમારી પાસે દોડી આવ્યા.

સ્વામીજી એમને લઈને પ્રવચન ખંડમાં પહોંચી ગયા ને બોલ્યા : થોડાક વખત પહેલાં મને પૂછાયલા પ્રશ્નનો મેં ઉત્તર આપી દીધો. મારો પ્રેમ અને પ્રવચનરસ તો ભગવાન કૃષ્ણના પ્રખર પ્રેમ અને રસ આગળ કાંઈ જ વિસાતમાં નથી તો પણ એને લીધે તમને આટલું બધું આકર્ષણ થયું તો પછી પ્રેમમૂર્તિ પરમ રસભંડાર ભગવાન કૃષ્ણને માટે ગોપીઓને અદમ્ય આકર્ષણ અથવા અનુરાગનો અનુભવ થાય તો એમાં આશ્ચર્યકારક શું છે ? ગોપીઓ એમની અનુપસ્થિતિમાં બેચેન બની જાય અને એમના દર્શન માટે આકુળવ્યાકુળ થાય એમાં વિસ્મયકારક કે અતિશયોક્તિ જેવું કશું જ નથી.

સ્વામીજીના સ્પષ્ટીકરણથી શ્રોતાજનોને સંતોષ થયો. એમને કોઈ પ્રકારની શંકા ના રહી.

** ** **

## ૯. યુગલગીત

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ૩૫ મા અધ્યાયનું યુગલગીત ગોપીગીત જેવું જ સુંદર છે. એનો સારાંશ સંક્ષેપમાં જોઈ લઈએ તો અસ્થાને નહિ ગણાય.

ગોપીઓ ભગવાન કૃષ્ણની અનન્ય ભક્ત અથવા પ્રેમિકા હતી. એમનું મન, એ સંસારના વિવિધ વ્યવહારોની વચ્ચે વસતી તો પણ, ભગવાન કૃષ્ણના ચારુ ચરણમાં રમ્યા કરતું. એમના ચંદનચર્ચિત ચારુ ચરણના ને મુખમંડળના દર્શનથી એમને સ્વર્ગસુખનો સ્વાનુભવ થતો. કૃષ્ણ દિવસે ગાયોને લઈને વનમાં જતા ત્યારે એમનાં હૃદય રડી પડતાં ને કાળજાં કોરાઈ જતાં. એમને એકેક પળ યુગ જેવી લાંબી પ્રતીત થતી. આદર્શ ભક્ત ભગવાનની સતત સ્મૃતિમાં અને ભગવદ્ ભાવની અખંડ એકનિષ્ઠ અનુભૂતિમાં જ જીવતો હોય છે. એનું તન ગમે ત્યાં હોય તો પણ મન ભગવાનમાં જ હોય છે. આત્મામાં ભગવાનના અનુરાગનો એકતારો વાગતો હોય છે. એ ભગવાનની જ વાતો કરે છે. ભગવાનનું જ ધ્યાન ધરે છે. એનો શ્વાસ કે પ્રાણ ભગવાનને આધારે જ ટકે છે. ગોપીઓની અવસ્થા એવી જ અસામાન્ય, અનુરાગમય હતી. દિવસે કૃષ્ણ વનમાં વિદાય થતા ત્યારે એ તલ્લીન બનીને કૃષ્ણની લીલા ગાતી અને આનંદ પામતી.

આ રહ્યા એમના મનોભાવોના છૂટાછવાયા આછાપાતળા પ્રતિઘોષો :

वामबाहुकृतवामकपोलो वल्गितभ्रुरधरार्पितवेणुम् ।
कोमलाङ्गुलिभिराश्रितमार्गं गोप्य ईरयति यत्र मुकुन्दः ॥०२॥ (અધ્યાય ૩૫, શ્લોક ૨)

ડાબા હાથને ડાબા ગાલે મૂકી, વેણુને હોઠ પર રાખી, ત્રિભંગ કરીને ઊભા રહેલા ભગવાન મુકુંદ કરાંગુલિની મદદથી વેણુવાદન કરી રહ્યા છે.

व्योमयानवनिताः सह सिद्धैर्विस्मितास्तदुपधार्य सलज्जाः ।
काममार्गणसमर्पितचित्ताः कश्मलं ययुरपस्मृतनीव्यः ॥०३॥ (અધ્યાય ૩૫, શ્લોક, ૩)

વેણુને સાંભળીને સિદ્ધો અને ગંધર્વોની વ્યોમમાં વિરાજેલી વનિતાઓ મુગ્ધ બને છે, વિસ્મય પામે છે, અને તન્મય થાય છે, એમનાં વસ્ત્રો ઢીલાં થાય છે, એમની ઉપર અસાધારણ સંમોહન ફરી વળે છે.

हन्त चित्रमबलाः शृणुतेदं हारहास उरसि स्थिरविद्युत् ।
नन्दसूनुरयमार्तजनानां नर्मदो यर्हि कूजितवेणुः ॥०४॥ (અધ્યાય ૩૫, શ્લોક, ૪)

સખીઓ, જુઓ તો આ દૃશ્ય કેટલું બધું અદભુત છે ! હૃદય પર માળો છે. કૃષ્ણ સરસ સુમધુર વાંસળી વગાડીને દુઃખીજનોનાં દુઃખ હરે છે.

वृन्दशो व्रजवृषा मृगगावो वेणुवाद्यहृतचेतस आरात् ।
दन्तदष्टकवला धृतकर्णा निद्रिता लिखितचित्रमिवासन् ॥०५॥ (અધ્યાય ૩૫, શ્લોક ૫)

વેણુનો સુંદર સુમધુર સુધાસભર સ્વર સાંભળીને વૃંદાવનની ગાયો, વાછરડાં, મંત્રમુગ્ધ બનીને સ્તબ્ધ થઈને ઊભાં રહે છે, એમના મુખનું ઘાસ એવું જ રહી જાય છે, એમની આકૃતિઓ ચિત્રાંકિત તથા સમાધિસ્થ હોય એવી લાગે છે.

तर्हि भग्नगतयः सरितो वै तत्पदाम्बुजरजोऽनिलनीतम् ।

स्पृहयतीर्वयमिवाबहुपुण्याः प्रेमवेपितभुजाः स्तिमितापः ॥०७॥ (અધ્યાય ૩૫, શ્લોક ૭)

'યમુના વેણુનાદને સાંભળીને પોતાની ગતિને ભૂલીને ઊભી રહે છે ભગવાન કૃષ્ણની પવિત્ર પદરજને લઈને આવનારી પવનની લલિત લહરીના સુખદ સ્પર્શથી ઝંકૃતિ અનુભવે છે ને પોતાને કૃતકૃત્ય સમજે છે.

वनलतास्तरव आत्मनि विष्णुं व्यञ्जयन्त्य इव पुष्पफलाढ्याः ।

प्रणतभारविटपा मधुधाराः प्रेमहृष्टतनवो ववृषुः स्म ॥०९॥ (અધ્યાય ૩૫, શ્લોક ૯)

વેણુના સુધાસભર સ્વરોને સાંભળીને વૃક્ષો સંવેદનશીલ ને પ્રસન્ન બનીને પુષ્પોને પૃથ્વી પર વરસાવે છે.

दर्शनीयतिलको वनमाला दिव्यगन्धतुलसीमधुमत्तैः ।

अलिकुलैरलघु गीतामभीष्टमाद्रियन्यर्हि सन्धितवेणुः ॥१०॥ (અધ્યાય ૩૫, શ્લોક ૧૦)

કૃષ્ણનું મુખમંડળ મધુમય અને દર્શનીય છે. એમની તુલસીની દિવ્ય ગંધવાળી માળાની આજુબાજુ ભ્રમરની પંક્તિઓ ફરે છે, એ ભગવાન કૃષ્ણના ગુણાનુવાદ ગાય છે.

सरसि सारसहंसविहङ्गाश्चारुगीताहृतचेतस एत्य ।

हरिमुपासत ते यतचित्ता हन्त मीलितदृशो धृतमौनाः ॥११॥ (અધ્યાય ૩૫, શ્લોક ૧૧)

સરોવરમાં હંસ અને સારસ જેવાં વિહંગો વિહાર કરે છે, વેણુનું સુમધુર સંગીત સાંભળીને એ મંત્રમુગ્ધ બને છે ને લોચનને બંધ કરીને ઊંડા સમાધિસુખમાં ડૂબી જાય છે.

महदतिक्रमणशङ्कितचेता मन्दमन्दमनुगर्जति मेघः ।

सुहृदमभ्यवर्षत्सुमनोभिश्छायया च विदधत्प्रतपत्रम् ॥१३॥ (અધ્યાય ૩૫, શ્લોક ૧૩)

આકાશમાં વાદળ મંદમંદ ગર્જના કરે છે, ઝરમર વરસે છે, અથવા તો પ્રભુ પર પુષ્પવૃષ્ટિ કરે છે, અને એમને સુખદ છાયા ધરે છે.

व्रजति तेन वयं सविलास वीक्षणार्पितमनोभववेगाः ।

कुजगतिं गमिता न विदामः कश्मलेन कवरं वसनं वा ॥१७॥ (અધ્યાય ૩૫, શ્લોક ૧૭)

વ્રજની પવિત્ર ભૂમિમાં વિહાર કરતા કૃષ્ણ મધુર દૃષ્ટિથી અને સુખદ વંશીસ્વરથી મનને સંમોહિત કરે છે. એથી ભાન ભૂલાય છે, વસ્ત્રોનું, વેણીનું, શરીરનું ભાન નથી રહેતું.

क्वणितवेणुरववञ्चितचित्ताः कृष्णमन्वसत कृष्णगृहिण्यः ।

गुणगणार्णमनुगत्य हरिण्यो गोपिका इव विमुक्तगृहाशाः ॥१९॥ (અધ્યાય ૩૫ શ્લોક ૧૯ )

વેણુના સ્વરને સાંભળીને હરિણીનું ચિત્ત ચંચળ બને છે એ કૃષ્ણને કૃષ્ણમૃગ સમજીને એમની પાછળ ભમે છે. કૃષ્ણને સર્વગુણ સંપન્ન સમજીને ગોપીની પેઠે સ્વજનને છોડીને એમની પાછળ ફરે છે.

मदविघूर्णितलोचन ईष्त्मानदः स्वसुहृदां वनमाली ।

बदरपाण्डुवदनो मृदुगण्डं मण्डयन्कनककुण्डललक्ष्म्या ॥२४॥ (અધ્યાય ૩૫, શ્લોક ૨૪)

સાંજ પડતાં ભગવાન વનમાંથી પાછા ફરે છે ત્યારે સૌ એમને નિહાળીને શાંતિ પામે છે એમની પ્રતીક્ષા કરીને થાકેલાં નયન એમના દર્શનથી ધન્ય બને છે કૃષ્ણ એ વખતે ચંદ્ર જેવા ચારુ લાગે છે, મદ ભરેલાં લોચનથી એ પોતાના સુહૃદોને સત્કારે છે. એમના ગાલ ગોરા છે અને મુખ પર કનક કુંડળો શોભે છે.

यदुपतिर्द्विरदराजविहारो यामिनीपतिरिवैष् दिनान्ते ।
मुदितवक्त्र उपयाति दुरन्तं मोचयन्व्रजगवां दिनतापम् ॥२५॥ (અધ્યાય ૩૫, શ્લોક ૨૫ )

એ સ્મિત રેલીને સૌને પાવન કરે છે ને શાંતિ આપે છે, એમના દેવદુર્લભ દર્શનથી દિનભરના સંતાપ શમી જાય છે.

યુગલગીતના એ ઊર્મિમય ઉદગારો સૂચવે છે કે ગોપીઓનાં મન કૃષ્ણમય બની ગયેલાં. કૃષ્ણ વિના એમનાં તન, મન, અંતર અને સમસ્ત જીવનમાં કાંઈ જ શેષ નહોતું રહ્યું. એ જ એમના જીવન, પ્રાણ, આત્મા, પરમાત્મા સર્વ કાંઈ હતા.

આદર્શ ભક્તના ભાવો કેવા હોવા જોઈએ એ ગોપીઓના મનોભાવો પરથી સહેલાઈથી સમજી શકાય છે.

* * *

## ૧૦. વિયોગ

પરમાત્માને પામવા માટે મોટા મોટા મુનિવરો મનન કરે છે, યોગીઓ યોગાભ્યાસ કરે છે, ધ્યાન ધરે છે, તપસ્વીઓ તપે છે, એકાંતવાસી આત્મવાદીઓ આત્મવિચારનો આધાર લઈને આગળ વધે છે. એમનામાંથી પરમાત્માના સાક્ષાત્કારનો સ્વર્ગીય આનંદ કોઈકને જ મળે છે ને કોઈક બડભાગી પુરૂષ વિશેષનું જ જીવન ધન્ય બને છે. ગોપીઓને એમના સર્વોત્તમ સૌભાગ્યથી એ પરમાત્મા સામે પગલે ચાલીને પ્રેમ દ્વારા પ્રાપ્ત થયા. કૃષ્ણરૂપે પાર્થિવ પૃથ્વી પર પ્રકટેલા એ પ્રેમમૂર્તિ પરમાત્માએ પ્રસન્ન થઈને એમને જીવનની પરમ દિવ્યતાનું દાન કર્યું. એણે બતાવ્યું કે પરમાત્મા પ્રત્યે પ્રવાહિત કરાયલા પ્રેમમાં ને પરમાત્માની કૃપામાં અસીમ શક્તિ સમાયલી છે.

ગોપીઓની ઉપર પરમાત્માની પરમ કૃપા વરસી તે પછી પણ ગોપીઓની જીવનસરિતા પરમાત્માના પરમ સનાતન ક્ષીરસાગર તરફ વહેતી જ રહી. ગોપીઓ કૃષ્ણમય બનીને શ્વાસ લેતી. એમના જીવનમાં કૃષ્ણ વિના બીજું કાંઈ હતું જ નહીં. કૃષ્ણની સંનિધિમાં અને સ્મૃતિમાં એમનો સઘળો વખત અનિર્વચનીય આનંદાનુભવમાં વીતી જતો. એ સ્મૃતિ એમને માટે સહજ બની ગયેલી - શ્વાસ લેવા જેટલી સહજ. એ કરવી નહોતી પડતી, થયા કરતી. કૃષ્ણ એમને મન સ્વર્ગ, વૈંકુંઠ, પરમપદ, સાધનાત્મક જીવનના સારસર્વસ્વ હતા. એમનાં જીવન એમના આધારે, એમની શક્તિથી જ ટકી રહેલાં. એમનાથી ભગવાન કૃષ્ણનો વિયોગ કેવી રીતે સહી શકાય ? વિયોગની કલ્પના પણ કેવી રીતે કરી શકાય ?

પરંતુ જીવનમાં જેની કલ્પના કરી હોય છે તે જ થાય છે એવું થોડું જ છે ? જે કલ્પ્યું હોતું, તે થાય છે, તો કોઈવાર કલ્પેલું નથી પણ થતું. જીવનનો જટિલ પ્રવાસ પોતાની ઈચ્છા ને યોજના પ્રમાણે ચાલે છે ને નથી પણ ચાલતો. એની લીલા ખૂબ જ રહસ્યમયી છે. ગોપીઓને એનો અનુભવ થયો.

એમણે એક દિવસ સાંભળ્યું કે વ્રજમાં અક્રૂર આવ્યા છે. એ એમના નામ પ્રમાણેના ગુણવાળા હતા. અ-ક્રૂર, ન ક્રૂર, કઠોર કે ક્રૂર નહિ એવા. અતિશય કરુણાળુ, દયાળુ, નિર્મળ હૃદયના, દૈવી સંપત્તિથી સંપન્ન, પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધાભક્તિથી ભરેલા. ગોપીઓને એ એમના જીવનકાર્યને લીધે થોડાક ક્રૂર લાગ્યા. એમણે વિચાર્યું કે જેણે ખૂબ જ મોટી ભૂલ કરી છે. આપણે માટે તો એ અક્રૂર છે. જે વિધાતાએ એમને વ્રજમાં મોકલ્યા તે નિર્દય લાગે છે.

અક્રૂરજી કંસના સંદેશવાહક તરીકે આવેલા. મથુરામાં શરૂ થનારા મંગલ મહોત્સવમાં ભાગ લેવા માટે કંસે એમની દ્વારા કૃષ્ણને આમંત્રણ આપેલું. એ આમંત્રણને સાંભળીને કૃષ્ણે અને બળરામે સ્મિત કર્યું, અને નંદજીને સઘળા સમાચાર કહી સંભળાવ્યા એટલે નંદજીએ ગોપોને આદેશ આપ્યો કે સઘળા ગોરસને એકઠું કરો, ભેટસામગ્રી લઈ લો, ને ગાડાંને તૈયાર કરો. કાલે સવારે જ આપણે સૌ મથુરા માટે પ્રસ્થાન કરીશું ને કંસને ગોરસ આપીશું. મથુરાના મંગલ મહોત્સવને જોવા માટે જનતા મોટી સંખ્યામાં એકઠી થશે. આપણે પણ એનાં દર્શન કરીશું.

અક્રૂરજીના શુભાગમનના સમાચારે કૃષ્ણપ્રેમથી પરિપ્લાવિત પ્રાણવાળી ગોપીઓને વ્યથા પહોંચાડી. એ વ્યાકુળ બની ગઈ. કૃષ્ણના વિયોગનો વિચાર એમને માટે વસમો થઈ પડ્યો. કોઈના શ્વાસ ગરમ થઈ ગયા, કોઈનું મુખમંડળ મ્લાન બની ગયું, તો કોઈ તદ્દન શૂન્યમનસ્ક જેવી દેખાવા માંડી. ભગવાન કૃષ્ણના સુંદર સુધામય સ્વરૂપનું ચિંતન, મનન ને ધ્યાન કરવાને લીધે કેટલીક ગોપીઓ ભાવવિભોર બની ને સમાધિસ્થ થઈ. એમને પોતાના સ્થૂળ શરીરનો તથા સંસારનો કશો ખ્યાલ ના રહ્યો.

ગોપીઓ કૃષ્ણપ્રેમથી પ્રેરાઈને ઊંડી વ્યથાનો અનુભવ કરવા લાગી. એમની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. એમના મનોભાવોની અભિવ્યક્તિ ભાગવતમાં સરસ રીતે કરવામાં આવી છે. એનું આછુપાતળું અવલોકન કરી લઈએ તો એ અસ્થાને નહિ ગણાય.

अहो विधातस्तव न क्वचिद्दया संयोज्य मैत्र्या प्रणयेन देहिनः ।
तांश्चाकृतार्थान्वियुनङ्क्ष्यपार्थकं विक्रीडितं तेऽर्भकचेष्टितं यथा ॥१९॥ (અધ્યાય ૩૯, શ્લોક ૧૯)

હે વિધાતા, તમને કોઈ પ્રકારની દયા હોય એવું નથી લાગતું. પહેલાં તો તમે જુદા જુદા જીવોને પ્રેમ અને સહૃદયતાના ભાવોથી પેદા થનારા પારસ્પરિક સ્નેહસંબંધથી જોડો છો, પાસે લાવો છો, એક કરો છો, અને પછીથી એમની ઈચ્છાઓ પૂરી થાય ના થાય, એ સંતોષાનુભવ કરે ના કરે, એ પહેલાં જ એમને અળગાં કરી દો છો. તમારી એ રમત બાળકની રમત જેવી હશે. તમને તેની ગંભીરતાનું ભાન નહિ હોય. પરંતુ એ રમતનાં જે ભોગ બને છે તે તો દુઃખી જ થાય છે.

તમે પ્રથમ અમને પ્રેમને પ્રવાહિત કરનારા મુકુંદના મધુમય મુખમંડળનું દર્શન કરાવ્યું. એ દર્શન સર્વપ્રકારે શોકહર તેમજ સુખકર હતું. મુખમંડળના દૈવી દર્શનનો પૂરો આનંદ અનુભવીએ ના અનુભવીએ ત્યાં તો એને અમારાથી દૂર લઈ જવાની યોજના ઘડી. તમારું એ કામ જરા પણ સારું નથી.

અમે આમાં અક્રૂરનો દોષ છે એવું નથી માનતી. અક્રૂર તો કેવળ નિમિત્ત હોવાથી દોષારોપણનો ટોપલો એમના માથા પર ના નાખી શકાય. ખરો દોષ તો તમારો છે. તમે જ ક્રૂર છો. અક્રૂરનું નામ ધારીને વૃંદાવનમાં તમે જ આવ્યા છો અને તમે આપેલી આંખને અમારી પાસેથી છીનવી રહ્યા છો. એ દૈવી દૃષ્ટિ દ્વારા ભગવાન કૃષ્ણના એકેક અંગમાં અમે તમારા સર્જનના સંપૂર્ણ સૌન્દર્યને નિહાળી શકતી.

નંદનંદન કૃષ્ણને નવાનવા લોકો સાથે નેહ કરવાની ટેવ પડી છે. એમનો સ્નેહ, એમનો અમારે માટેનો અવર્ણનીય અસાધારણ આકર્ષણભાવ, એક ક્ષણમાં જ ક્યાં જતો રહ્યો ? અમે અમારાં ઘરબહાર, સ્વજન, સંબંધી, પતિ તથા પુત્રને પરિત્યાગીને એમની સેવિકા બની. આજે અમારાં અંતર એમને માટે અતિશય આતુર બની ગયાં છે. તો પણ એ અમારી તરફ જોતા કે અમારો વિચાર પણ કરતા નથી.

सुखं प्रभाता रजनीयमाशिषः सत्या बभूवुः पुरयोषितां ध्रुवम् ।
याः संप्रविष्टस्य मुखं व्रजस्पतेः पास्यन्त्यपाङ्गोत्कलितस्मितासवम् ॥२३॥ (અધ્યાય ૩૯, શ્લોક ૨૩)

આજની રાતને અનુસરનારો પ્રાતઃકાળ મથુરાપુરીની પ્રમદાઓને માટે ખરેખર ખૂબ જ મંગલકારક થઈ પડશે. એમની અનેક દિવસોની અભિલાષાઓ પૂરી થશે. વ્રજરાજ કૃષ્ણ પોતાની ચપલ દૃષ્ટિ અને સુમધુર સ્મિતથી સંપન્ન મુખકમળના માદક મોહક મધુનું વિતરણ કરતાં મથુરાપુરીમાં પ્રવેશશે ત્યારે એ એના રસપાનથી ધન્યતા અનુભવશે.

अद्य ध्रुवं तत्र दृशो भविष्यते दाशार्हभोजान्धकवृष्णिसात्वताम् ।

महोत्सवः श्रीरमणं गुणास्पदं द्रक्ष्यन्ति ये चाध्वनि देवकीसुतम् ॥२५॥ (અધ્યાય ૩૯, શ્લોક ૨૫)

મથુરાના દાશાર્હ, ભોજ, અંધક, વૃષ્ણિવંશી યાદવોનાં નેત્રો ભગવાન કૃષ્ણના દર્શનથી સાચેસાચ કૃતાર્થ થશે. એમને મંગલ મહોત્સવ થશે. ગુણસાગર રમારમણ દેવકીનંદન કૃષ્ણને જે માર્ગે જતા જોઈ લેશે તે પણ કૃતકૃત્ય બનશે.

આ અક્રૂર કેટલા બધા ક્રૂર છે ? કેટલા હૃદયહીન છે ? આપણે આટલા બધા દુઃખનો અનુભવ કરીએ છીએ અને એ આપણા પ્રિયતમ કૃષ્ણને આપણાથી દૂર લઈ જવા ઈચ્છે છે. એ ધીરજના બે શબ્દો નથી કહેતા અથવા આશ્વાસન પણ નથી આપતા. આવા ક્રુર પુરૂષનું નામ અક્રૂર ના હોત તો સારું. એ નામ એમના કામ સાથે મેળ નથી ખાતું.

આ નંદનંદન કૃષ્ણ પણ કાંઈ ઓછા કઠોર કે ક્રૂર નથી દેખાતા. એ પણ સહેજ પણ સંકોચ વગર રથમાં બેસી ગયા. પેલા ગોપો પણ પોતપોતાનાં ગાડાંમાં બેસવા માટે ઉતાવળા થયા છે. વૃંદાવનના વૃદ્ધો પણ આપણો વિચાર નથી કરતા. આ અવસ્થામાં આપણે શું કરવું તે નથી સમજાતું. વિધાતાનો વ્યવહાર સર્વપ્રકારે વિપરીત છે.

આપણે પોતે જ માધવને મથુરાને માર્ગે જતા રોકીએ. વૃંદાવનના વૃદ્ધો ને બીજા પુરૂષો આપણું શું કરવાના છે ? ભગવાન કૃષ્ણના સંગને એક અડધી ક્ષણને માટે પણ છોડવાની આપણી શક્તિ ના હોવા છતાં પણ, આપણા દુર્ભાગ્યે એમનો વિયોગ ઊભો કરીને આપણા મનને દુઃખી તથા નષ્ટ કર્યું છે.

निवारयामः समुपेत्य माधवं किं नोऽकरिष्यन्कुलवृद्धबान्धवाः ।

मुकुन्दसङ्गान्निमिषार्धदुस्त्यजाद्दैवेन विध्वंसितदीनचेतसाम् ॥२८॥ (અધ્યાય ૩૯, શ્લોક ૨૮)

એમની પ્રેમમયી મનોહર મુખાકૃતિ, એના પર પ્રકટનારું સુખદ સંજીવનદાયક સ્મિત, એમની મીઠીમીઠી રહસ્યમય વાતો, ચિત્તાકર્ષક દૃષ્ટિ અને પ્રેમાલિંગનના અલૌકિક આનંદને લીધે રાસલીલાની લાંબી રાતને આપણે એક ક્ષણની પેઠે પસાર કરી નાખેલી. હવે એમના સિવાય એમણે આપેલી વિરહવેદનાની પાર કેવી રીતે પહોંચી શકીશું ?

यस्यानुरागललितस्मितवल्गुमन्त्र ।
लीलावलोकपरिरम्भणरासगोष्ठाम् ॥
नीताः स्म नः क्षणमिव क्षणदा विना तं ।
गोप्यः कथं न्वतितरेम तमो दुरन्तम् ॥२९॥ (અધ્યાય ૩૯, શ્લોક ૨૯)

પ્રતિદિન સંધ્યા સમયે એ બળરામની સાથે ગોપબાળોથી ઘેરાયેલા વનથી ગાયોને ચરાવીને પાછા ફરે છે. એમના કાળાકાળા વાંકાચૂંકા વાળ અને ગળાના ફૂલહાર ગાયોની રજથી ઢંકાઈ જાય છે. વાંસળી વગાડતી વખતે મંદમંદ સુમધુર સ્મિત રેલીને ને વક્ર નજરે નિહાળીને એ અમારા હૃદયને વીંધી નાખે છે. એમના વિના આપણે કેવી રીતે જીવી શકીશું ?

एवं ब्रुवाणा विरहातुरा भृशं व्रजस्त्रियः कृष्णविष्क्तमानसाः ।

विसृज्य लज्जां रुरुदुः स्म सुस्वरं गोविन्द दामोदर माधवेति ॥३१॥ (અધ્યાય ૩૯, શ્લોક ૩૧)

એવા એવા અસાધારણ અનુરાગપૂર્ણ ગાઢ મનોભાવોમાં ડૂબેલી ગોપીઓ કૃષ્ણના વિરહને વિચારીને અતિશય વ્યાકુળ બની ગઈ, અને સર્વ પ્રકારના સ્ત્રીસહજ સંકોચને છોડીને હે ગોવિંદ, હે દામોદર, હે માધવ, એમ મોટા સ્વરે પોકારીને રાગથી રંગાયલા હૃદયે રડવા લાગી.

એમનું એ રુદન પથ્થર હૃદયના પુરૂષને પણ પીગળાવે તેવું હતું.

વિરહની ને વિરહના વિચારની વેદના એવી જ અસાધારણ અને અસહ્ય હોય છે. એ ભલભલાંનાં અંતરને વલોવી નાંખે છે. મોટા ભાગના માનવોને એમાંથી પસાર થવું પડે છે. માનવજીવનનો ને જગતનો ક્રમ જ કાંઈક એવો છે કે જે થાય તે બધું માનવની મરજી મુજબ, એના મનોરથને અનુસરીને નથી થતું. સ્નેહની સ્વર્ગસુખદ શીતળ છાયા સાંપડી ના સાંપડી, એનો આસ્વાદ અનુભવ્યો ના અનુભવ્યો, ત્યાં જ તે દૂર થાય છે. પિપાસુ પરબને પેખીને પરબ પાસે પહોંચીને એના પીયૂષપાણીને પીએ ને પિપાસાને પરિતોષે તે પહેલાં જ પરબ જતી રહે છે અથવા એનાથી અલગ થવું પડે છે. પુષ્પોની પરિપ્લાવિત ઉપવનની શોભાને માણી ના માણી ત્યાં જ ઉપવન અદૃશ્ય થાય છે. સિતારીના સુધાસ્વરને સંપૂર્ણપણે સુણ્યા ના સુણ્યા ત્યાં જ સ્વર અટકી પડે છે કે શાંત થાય છે. જીવનની ઘટમાળ એવી અસ્થાયી છે. એમાં કશું જ નિત્ય નથી. ગોપીઓને જીવનની એવી અનિત્યતાનો અનુભવ થયો. પરંતુ એને અટકાવવાનો બીજો કોઈ ઉપાય ન હતો.

જીવનમાં એકાએક ઊભી થતી ઘટનાઓથી માનવ કેટલીકવાર અસહાય બની જાય છે. એ ઘટનાઓનો ઉકેલ એને નથી જડતો. એમનો પ્રતિકાર નથી થઈ શકતો. કોઈવાર પ્રતિકાર કરવામાં આવે છે તો તે સફળ નથી થઈ શકતો. એ ઘટનાઓના મૂક સાક્ષી બનવાનું જ શેષ રહે છે.

ગોપીઓના સંબંધમાં પણ એવું જ બન્યું.

માનવ ગમે તેટલો શક્તિશાળી હોય તો પણ એના કરતાંય વિશેષ શક્તિશાળી વસ્તુ નથી એવું નથી. એ વસ્તુને દૈવ કહીએ, પ્રારબ્ધનું નામ આપીએ, કર્મસંસ્કાર કે ઋણાનુબંધના નામથી ઓળખીએ, અથવા ઈશ્વર તરીકે ઓળખાવીએ કે કોઈ બીજું નામ પ્રદાન કરીએ પરંતુ એની આગળ માનવનું કશું નથી ચાલતું એ એક હકીકત છે. એ માનવના જીવનપ્રવાહને પલટાવે છે અને એના પર શાસન કરે છે. એ કોઈ સરમુખત્યારશાહીમાં માનનારી શક્તિ કે સત્તા નથી, પરંતુ કર્મના ચોક્કસ નિયમોને અનુસરીને કાર્ય કરે છે. માનવને મોટેભાગે એ કર્મોની અને નિયમોની ખબર નથી હોતી એટલું જ. એટલે જ એ કેટલીય ઘટનાઓને અકસ્માતમાં કે કુદરતી કોપમાં ખપાવે છે. એ વસ્તુ, શક્તિ કે સત્તાની આગળ એ લાચાર બને છે. એનું કશું જ નથી ચાલતું.

ત્યાં સુધી એણે નમ્ર બનવું રહેશે. એના અહંકારને માટે કોઈ અવકાશ જ નથી. કૃષ્ણના વિરહનો વિચાર પ્રેમમયી ગોપીઓને માટે અતિશય અસહ્ય હતો.

વિરહની વ્યથામાં એ રાતભર રડતી રહી.

સવારે અક્રૂરે સંધ્યાવંદનાદિ નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈને રથમાં વિરાજીને રથને હાંકવા માંડ્યો. નંદે અને વિવિધરંગી વસ્ત્રધારી ગોપોએ એમની પાછળ ચાલવા માંડ્યું. એ વખતે અનુરાગથી આપ્લાવિત અંતરવાળી ગોપીઓ પોતાના પ્રાણપ્યારા કૃષ્ણ પાસે પહોંચી ગઈ. કૃષ્ણને નિહાળીને એમની વેદના કાંઈક ઓછી થઈ. ભગવાન કૃષ્ણ મથુરાના મહાપ્રસ્થાન માટે તૈયાર હતા. ત્યાં એમનું અન્ય જીવનકાર્ય પડેલું. એ

જો વ્રજમાં બેસી રહે તો એ કાર્ય કેવી રીતે કરી શકે ? ગોપીઓના સંતપ્ત અંતરની એમને માહિતી હતી. એમને સહાનુભૂતિ હતી તો પણ એ નિરુપાય હતા. દૂત દ્વારા એમણે ગોપીઓને 'હું આવીશ' એવો સંદેશો મોકલ્યો ને આશ્વાસન અપાવ્યું.

ગોપીઓ રથની આગળ ઊભી રહી. કોઈ કૃષ્ણને મનાવવા માંડી. કોઈ આંસુ સારવા લાગી તો કોઈ અનુરાગના અતિરેકથી અચેત જેવી બની ગઈ.

રથ ચાલ્યો એટલે એમનાં હૃદય પણ ચાલ્યાં. એ કૃષ્ણ કૃષ્ણ કરવા લાગી.

જ્યાં સુધી રથની ધજા અને રથ દ્વારા ઊડતી રસ્તાની રજ દેખાતી રહી ત્યાં સુધી ગોપીઓ ચિત્રાંકિત આકૃતિઓની પેઠે સ્થિરતાપૂર્વક ઊભી રહી અને છેવટે પાછી વળી.

એ સમજદાર તો હતી જ પરંતુ પ્રેમને પ્રકટાવ્યા વિના નહોતી રહી શકતી.

કૃષ્ણ થોડેક જઈને પાછા ફરશે એવી આશા પણ જ્યારે સફળ ના થઈ ત્યારે એમના અંતરમાં અંધારપટ ફરી વળ્યો.

ગોપીઓનાં જીવન હતાં જ કૃષ્ણમય. કૃષ્ણની સુખદ સંનિધિમાં કૃષ્ણપ્રેમના આધારે જ એ જીવી શકતી. કૃષ્ણ વિના એમના જીવનમાં રસકસ, આનંદ નહોતો. કૃષ્ણ જ એમના એકમાત્ર પ્રેરકબળ બનેલા. એટલે એમની અનુપસ્થિતિમાં એ અસહાય અને આર્ત બને એ સ્વાભાવિક હતું.

આદર્શ ભક્ત એવી રીતે ભગવાનની સુખદ સંનિધિ સિવાય નથી રહી શકતો. ભગવાન વિનાની પળ કે વિપળ એને કલ્પ જેવી લાગે છે. એને બીજા બધા વિના ચાલે છે પરંતુ ભગવાન વિના નથી ચાલતું.

* * *

## ૧૧. ઉદ્ધવની વ્રજયાત્રા - ૧

ભગવાન કૃષ્ણે ગોપીઓને માટે પુષ્કળ પ્રેમભાવ હોવા છતાં એમનો અને વૃંદાવનનો સ્થૂળ પરિત્યાગ કરીને મથુરામાં પ્રવેશ કર્યો એનું પ્રધાન કારણ એમની કર્તવ્યપ્રીતિ અથવા કર્તવ્યનિષ્ઠા હતું. એ ઘટના સૂચવે છે કે એમનો ગોપીઓ પ્રત્યેનો પ્રેમ પવિત્ર હતો. એમાં મમત્વ, આસક્તિ, કામના કે સ્વાર્થનો લવલેશ નહોતો. જો એ કોઈ સ્થૂળ લૌકિક લાલસા, કામના કે વાસનાથી પીડાતા હોત, જો ગોપીઓ પ્રત્યે એમને કોઈ શારીરિક આકર્ષણ હોત, તો તો એ વૃંદાવનને છોડીને એટલા સહેલાઈથી મથુરા જાત જ નહીં. એ કંસના રંગમહોત્વમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ મળ્યું હોવા છતાં એ આમંત્રણનો અસ્વીકાર કરત. અને ધારો કે મથુરા માટે વિદાય થાત તો પણ કંસના નાશ પછી ગોપીઓના સ્વર્ગીય સંનિધિસુખને માણવા માટે વહેલામાં વહેલી તકે, એક વિપળનાય વિલંબ વિના, વૃંદાવનમાં પાછા ફરત. અથવા આજના કેટલાક માણસો નોકરીધંધા માટે અપડાઉન કરે છે તેમ મથુરા અને વૃંદાવન વચ્ચે અપડાઉન કરત. એટલે કે દિવસ દરમિયાન મથુરામાં રહીને આવશ્યક સેવાકાર્યો કરત અને રાતે રાતે વૃંદાવનમાં રહીને ગોપીઓને મળત. પરંતુ ભગવાન કૃષ્ણનો પ્રેમભાવ ખૂબ જ પવિત્ર હોવાથી અને એ સર્વ પ્રકારની સાંસારિક વાસનાઓથી પર હોવાથી, એમને માટે એવો કોઈ પ્રશ્ન પેદા થવાનો સંભવ જ ન હતો. એમના સંબંધમાં એવી કલ્પના પણ કરી શકાય તેમ નહોતું.

અને ગોપીઓને પણ કોઈ લૌકિક લાલસા કે સ્થૂળ શારીરિક વાસના હોત તો એ વૃંદાવનમાં રહી શકત ખરી ? વૃંદાવનમાં વસીને પણ એ એક અથવા બીજા બહાને, અવારનવાર મથુરાની મુસાફરી કરીને કૃષ્ણને મળતી રહેત. પરંતુ એ પણ પરમવિવેકી હતી. એમને સંજોગોને સાનુકૂળ થતાં આવડતું હતું. એ દેહભાવથી પર રહીને આત્માના અલૌકિક જગતમાં જીવતી હોવાથી એમને અનાત્મ પદાર્થોનું આકર્ષણ નહોતું સતાવતું.

* * *

વૃંદાવનની વિદાય લઈને મથુરામાં પ્રવેશ્યા પછી ભગવાન કૃષ્ણના જીવનનો નવો જ તબક્કો શરૂ થયો. એ તબક્કા દરમિયાન કંસનો નાશ કરીને કૃષ્ણ કુબ્જાના અતિથિ થયા. એ પછીના દિવસોમાં કૃષ્ણને બળરામનો ઉપનયન સંસ્કાર કરવામાં આવ્યો અને એમણે ગુરૂકુળમાં પ્રવેશ કર્યો. નગરીમાં ક્ષિપ્રા નદીના પવિત્ર પ્રશાંત તટપ્રદેશ પર આવેલા સાંદીપનિ મુનિના ગુરૂકુળમાં રહીને એમણે વિદ્યાભ્યાસ કર્યો. એમણે વેદનાં ૭ અંગો, વેદો અને ઉપનિષદ જ્ઞાન પ્રાપ્ત કરવાની સાથે સાથે ધનુર્વેદ, મનુસ્મૃતિ જેવાં ધર્મશાસ્ત્રોનું ને ન્યાયશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ચોસઠ દિવસમાં ચોસઠ વિદ્યાઓમાં સિદ્ધહસ્તતા મેળવી. સાંદીપનિ મુનિના ગુરૂકુળમાં જુદી જુદી અનેક વિદ્યાશાખાઓ હતી. ભગવાન કૃષ્ણે બળરામ સાથે ત્યાં રહીને જે વિવિધ વિદ્યાઓમાં પ્રવિણતાની પ્રાપ્તિ કરી એ વિદ્યાઓના વિવરણથી આપણને આશ્ચર્યાનુભવ થાય છે કે એક જ વિશ્વવિદ્યાલય કે ગુરૂકુળમાં આટલી બધી વૈવિધ્યપૂર્ણ વિદ્યાઓ હોઈ શકે અને એમાં એક પુરૂષ સિદ્ધહસ્તતા

મેળવી શકે ? ભગવાન કૃષ્ણે બળરામ સાથે જે ચોસઠ વિદ્યાઓ કે કળાઓમાં પ્રવિણતા પ્રાપ્ત કરેલી એમની સૂચિ આ પ્રમાણે છે :

(૧) સંગીતવિદ્યા, (૨) વિવિધ પ્રકારનાં વાદ્યો વગાડવાની વિદ્યા, (૩) નૃત્ય, (૪) નાટક, (૫) ચિત્રકામ, (૬) ગાજ બટન તૈયાર કરવાં, (૭) ચોખા તથા પુષ્પાદિથી પૂજાની વિધિ સંપન્ન કરવી, (૮) પુષ્પોની પથારી કરવી, (૯) દાંત, વસ્ત્રો ને અંગોને રંગવાની વિદ્યા, (૧૦) મણિનો ચોક બનાનવવો, (૧૧) પથારીની રચના, (૧૨) પાણીને બાંધવાની કળા, (૧૩) જુદી જુદી સિદ્ધિઓનું પ્રદર્શન કરવું, (૧૪) માળાની રચના (૧૫) કાન ને કેશનાં ફૂલોમાં આભૂષણો બનાવવાં, (૧૬) વસ્ત્રો ને ઘરેણાં બનાવવાં, (૧૭) ફૂલોનાં આભૂષણોથી અલંકાર કરવા, (૧૮) કાનનાં પાંદડાં બનાવવાં, (૧૯) તેલ, અત્તર જેવાં સુવાસિત દ્રવ્યો બનાવવાં, (૨૦) જાદુવિદ્યા, (૨૧) ઈચ્છાનુસાર વેશ ધારણ કરવો, (૨૨) હાથની ચાલાકીના ખેલો, (૨૩) જુદી જુદી ખાદ્ય સામગ્રીઓ બનાવવી, (૨૪) જુદા જુદા પેય પદાર્થો તૈયાર કરવા, (૨૫) સાંધવાનું કામ, (૨૬) કઠપૂતળી બનાવવી, નચાવવી, (૨૭) રહસ્યજ્ઞાન, (૨૮) પ્રતિમાનું નિર્માણ, (૨૯) કૂટ નીતિ, (૩૦) ગ્રંથોના અધ્યાપન કાર્યની કુશળતા, (૩૧) કાવ્ય તથા નાટકની રચનામાં કુશળતા, (૩૨) સમસ્યાપૂર્તિ, (૩૩) લાકડી, પટ્ટી, બાણ બનાવવાની વિદ્યા, (૩૪) શેતરંજી, ગાલીચા બનાવવા, (૩૫) કોતરકામ, (૩૬) ગૃહનિર્માણ, (૩૭) સોના જેવી ધાતુની ને હીરા જેવાં રત્નોની પરીક્ષા, (૩૮) સોનું બનાવવું, (૩૯) મણિના રંગની ઓળખાણ, (૪૦) ખાણની ઓળખાણ, (૪૧) વૃક્ષોનો ઉછેર, (૪૨) મરઘાં તથા બતકને લડાવવાની રીત, (૪૩) મેના, પોપટ ને બીજાં પક્ષીઓની વાણી બોલવી, (૪૪) ઉચ્ચાટનની વિધિ, (૪૫) વાળને સજાવવાનું કૌશલ, (૪૬) મુઠ્ઠીની કે મનની વસ્તુ બતાવવાની વિદ્યા, (૪૭) બીજી ભાષાનાં કાવ્યોને સમજી લેવાં, (૪૮) જુદા જુદા દેશોની ભાષાઓનું જ્ઞાન, (૪૯) પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે શુભાશુભ અથવા શુકન-અપશુકન બતાવવાની કળા, (૫૦) યંત્રોનું નિર્માણ, (૫૧) રત્નોના અનેકવિધ આકાર કરવા, (૫૨) સાંકેતિક ભાષારચના, (૫૩) મનમાં સેનાનિર્માણ, (૫૪) નવી નવી વાતોને વહેતી કરવી, (૫૫) છળથી કામ કાઢવું, (૫૬) કોશોનું જ્ઞાન, (૫૭) છંદોનું જ્ઞાન, (૫૮) વસ્ત્રોને છૂપાવવાની કે બદલવાની વિદ્યા (૫૯) દ્યૂતક્રીડા, (૬૦) દૂરથી વસ્તુનું કે વ્યક્તિનું આકર્ષણ કરવાની કળા, (૬૧) બાળકોની રમતો, (૬૨) મંત્રવિદ્યા, (૬૩) વિજય આપનારી વિદ્યા અને (૬૪) વેતાલ જેવાને વશમાં રાખવાની વિદ્યા.

એ સૂચિ પરથી સમજાય છે કે એ વખતના ભારતમાં ભૌતિક વિદ્યાઓનો વ્યાપ ખૂબ જ મોટો હતો. અધ્યાત્મ વિદ્યાની સાથે એમનો પણ આદર કરાતો. એ વિદ્યાઓની પ્રાપ્તિ કરીને કૃષ્ણ બળરામ સાથે મથુરામાં પાછા ફર્યા ત્યારે પ્રજાની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. સુદીર્ઘ સમય પછી પોતાનું ખોવાયેલું ધન પાછું મળે અને જેવી શાંતિ થાય એવી સૌને શાંતિ થઈ.

* * *

એ સઘળા સમય દરમિયાન ગોપિકાઓ ભગવાનને ભૂલી શકી નહોતી. ભૂલી શકે તેમ જ નહોતી. ભૂલવાની ઈચ્છા પણ નહોતી રાખતી. કૃષ્ણ તો એમના જીવનસર્વસ્વ, પ્રિયતમ પરમાત્મા હતા. એ એમને કેવી રીતે ભૂલી શકે ને શા માટે ભૂલે ? એમનું સ્મરણ એમને અહર્નિશ થયા કરતું. સરિતાનું અભિસરણ સમુદ્રની દિશામાં જેમ અનાયાસે આપોઆપ થયા કરે અને ચંદ્રનાં ચારુ કિરણો ધરતી પર સ્વાભાવિક રીતે જ

ઢળે એમ એમના વિચારો, ભાવો, સંકલ્પવિકલ્પો તથા સંસ્કારો કૃષ્ણાભિમુખ બનીને વહેતા રહેતા. કૃષ્ણ સિવાય એમના જીવનમાં કશું જ શેષ નહોતું રહ્યું. એમની દૃષ્ટિમાં, વૃત્તિમાં, એમના હૃદયમાં ને રોમેરોમમાં કૃષ્ણનો રસરાસ રમાઈ રહેલો. આત્મજ્ઞાનીને જડચેતનાત્મક જગતમાં સર્વત્ર બ્રહ્મ જ દેખાય છે તેમ એમને સર્વત્ર ભગવાન કૃષ્ણની ઝાંખી થતી. એમને માટે જગત કૃષ્ણમય બની ગયેલું. એમનો કૃષ્ણ પ્રત્યેનો અપાર્થિવ પ્રેમ સમસ્ત વ્રજમંડળમાં વિખ્યાત થયેલો ને ચર્ચા-વિચારણાનો વિષય બનેલો.

ભક્ત કવિ સુરદાસજીએ એમના મધુર મનોભાવોનો પ્રતિઘોષ પોતાની પદપંક્તિઓમાં પાડતાં જણાવ્યું છે :

अब तो प्रगट भई जग जानी.
वा मोहनसों प्रीति निरंतर, नाहिं रहेगी छानी.
अब तो प्रगट भई जग जानी.

कहा कहौं सुंदर मूरत ईन, नयनन मांझ समानी;
निकसत नाहिं बहुत पचिहारी, रोमरोम उरझानी.
अब तो प्रगट थई जग जानी.

अब कैसे निर्वार जत है, मिले दूध ज्यों पानी ;
सुरदास प्रभु अंतर्यामी ग्वालिन मनकी जानी.
अब तो प्रगट भई जग जानी.

ગોપિકાઓનાં જ્યોતિર્મય જીવન ભગવાન કૃષ્ણને સમર્પિત થઈ ચૂકેલાં. એમનાં મન ભગવાન કૃષ્ણની આસપાસ ફર્યા કરતાં ને કૃષ્ણના સુધામય સ્વર્ગીય સ્પરૂપમાં સહજ સમાધિ પામતા. યોગીઓને માટે જે સમાધિ કષ્ટસાધ્ય હતી એ એમને સારુ સહજ બની ગઈ. એમનાં શરીરધારણ સંપૂર્ણપણે સફળ થયાં.

ગોપીઓ ભગવાન કૃષ્ણને ભૂલી નહોતી તો ભગવાન કૃષ્ણ પણ એમને ક્યાં ભૂલેલા ? વીતી ગયેલા સમયનાં સુખદ સંસ્મરણો એમના માનસપટ પર અવારનવાર ઊપસી આવતાં અને એમને આનંદ આપતાં. એ કઠોર કે કૃતઘ્ન થવા નહોતા માગતા. એવી કલ્પના પણ નહોતા કરી શકતાં. પોતાના શરીરધારણની અનિવાર્ય આવશ્યકતાને અનુસરીને એ કેટલાંક જનહિતનાં કલ્યાણકાર્યોમાં સંલગ્ન રહ્યા હતા તો પણ, ગોકુળ તથા વૃંદાવનના દૈવી દિવસોને અને એ દૈવી દિવસો દરમિયાન મહત્વનો ભાગ ભજવનારી ગોપિકાઓને પોતે ભૂલ્યા ન હતા. પ્રેમ સદાય અવિસ્મરણીય હોય છે. એને યાદ રાખવામાં અને એનો સમ્યક્ પ્રત્યુત્તર પૂરો પાડવામાં કૃતજ્ઞતા રહેલી છે એવી એમની માન્યતા હતી.

પ્રેમમૂર્તિ ગોપીઓ પોતાના વિયોગની વ્યથાને લીધે સંપૂર્ણ સુખી નહીં જ હોય એવી એમને પ્રતીતિ હતી. એ ગોપીઓને આશ્વાસન આપવાનો અથવા સાંત્વનનો સુખદ સંદેશ મોકલવાનો એમણે સંકલ્પ કર્યો.

એમણે એમના મિત્ર ને મંત્રી ઉદ્ધવજીને વિશેષ સંદેશવાહક તરીકે પસંદ કર્યો.

ભાગવતના દશમ સ્કંધના પૂર્વાર્ધના ૪૬ મા અધ્યાયના આરંભમાં જ કહેવામાં આવ્યું છે :

वृष्णीनां प्रवरो मन्त्री कृष्णस्य दयितः सखा ।
शिष्यो बृहस्पतेः साकषादुद्धवो बुद्धिसत्तमः ॥०१॥
तमाह भगवान्प्रेष्ठं भक्तमेकान्तिनं क्वचित् ।
गृहीत्वा पाणिना पाणिं प्रपन्नार्तिहरो हरिः ॥०२॥
गच्छोद्धव व्रजं सौम्य पित्रोर्नौ प्रीतिमावह ।
गोपीनां मद्वियोगाधिं मत्सन्देशैर्विमोचय ॥०३॥
ता मन्मनस्का तृष्ट्प्राणा मदर्थे त्यक्तदैहिकाः ।
मामेव दयितं प्रेष्ठमात्मानं मनसा गताः ।
ये त्यक्तलोकधर्माश्च मदर्थे तान्बिभर्म्यहम् ॥०४॥ (અધ્યાય ૪૬, ૧ થી ૪)

"વૃષ્ણિવંશી પુરૂષોમાં ઉદ્ધવજી અગ્રગણ્ય ગણાતા, એ સાક્ષાત્ બૃહસ્પતિના શિષ્ય, પરમ બુદ્ધિમાન; ભગવાન કૃષ્ણના સન્મિત્ર ને મંત્રી હતા, એમને એકવાર એકાંતમાં લઈ જઈને, એમના હાથને હાથમાં લઈને, શરણાગતનાં સંકટોને દૂર કરનારા ભગવાને પ્રેમપૂર્વક જણાવ્યું: સૌમ્ય સ્વભાવના ઉદ્ધવ, તમે વ્રજમાં જઈને મારાં પાલક માતાપિતા યશોદા અને નંદને આનંદ આપો, મારો પ્રેમ પહોંચાડો, અને મારા વિયોગના વ્યાધિજન્ય દુઃખથી દુઃખી થયેલી ગોપીઓને મારો સંદેશો સંભળાવો. એ મારામાં જ મનવાળી છે. એમના પ્રાણ મારે જ આધારે ટકે છે, એમના જીવન મારા પર નિર્ભર છે, અને મારે માટે એમણે દેહ, ગેહ, સ્વજન, સૌની મમતાનો ત્યાગ કર્યો છે. (એમણે મનબુદ્ધિથી મને જ પોતાનો પ્યારો, પ્રિયતમ, આત્મા માની લીધો છે.) જે મારે માટે લોકધર્મોનો ત્યાગ કરે છે તેમનું હું સર્વ પ્રકારે, પરિપૂર્ણપણે, પરિપાલન કરું છું. હું ગોપીઓનો પરમપ્રેમી છું. મારા મથુરાપ્રયાણથી એ મને દૂર સમજે છે, સ્મરે છે, ને મારા વિયોગથી વ્યથિત બને છે. મને યાદ કરીને મોહિત તથા મૂર્છિત થાય છે. એ મારા વિરહથી વિહ્વળ બનીને પોતાનાં જીવનને જેમ તેમ કરીને ટકાવી રહી છે. એ મારા પુનર્મિલનની આશામાં શ્વાસ લે છે. મારામાં જ તન્મય રહે છે. મારા સિવાય એમનું સુખ બીજે ક્યાંય નથી. એમને એક અથવા બીજી રીતે શાંતિ આપવાનું મારું કર્તવ્ય છે.''

ભગવાન કૃષ્ણ પૂર્ણાવતાર કહેવાય છે કારણ કે એ સર્વપ્રકારે પરિપૂર્ણ છે અને જગત તથા જીવનને પરિપૂર્ણપણે જુએ છે. એવા મહાપુરૂષ ગોપીઓનું વિસ્મરણ કેવી રીતે કરી શકે ? ઉદ્ધવજી એમની સંવેદનશીલતા તથા કૃતજ્ઞતાને નિહાળીને આશ્ચર્યચકિત બની ગયા. આનંદ પણ પામ્યા. એમને માટે અસાધારણ આદરભાવ થયો. એમના આદેશને અનુસરીને એ રથમાં બેઠા અને વૃંદાવનની પવિત્ર ભૂમિની દિશામાં ચાલી નીકળ્યા. સ્વનામધન્ય સંતશ્રેષ્ઠ શ્રી શુકદેવજી પરીક્ષિતને કહે છે.

**श्रीशुक उवाच**

इत्युक्त उद्धवो राजन्सन्देशं भर्तुराद्दतः ।
आदाय रथमारुह्य प्रययौ नन्दगोकुलम् ॥०७॥ (અધ્યાય ૪૬, શ્લોક ૭)

ઉદ્ધવજી વૃંદાવનમાં પહોંચ્યા ત્યારે સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. વનમાંથી ઘર તરફ પાછી ફરતી ગાયોની રજને લીધે વાતાવરણ ધૂલિધુસર લાગતું'તું. એ રજ ઉદ્ધવજીના સુખદ સ્વાગત માટે આગળ વધી અને ઉદ્ધવજીના રથની આજુબાજુ ફરી વળી. વૃંદાવનનું દૃશ્ય એ વખતે અતિશય આકર્ષક, આહ્લાદક દેખાતું

હતું. સર્વત્ર સુગંધીદાર દ્રવ્યોની સુવાસ પ્રસરી રહેલી. દીપકો પ્રકાશી રહેલા. એ આકાશના સુંદર ગ્રહનક્ષત્રોની સ્મૃતિ કરાવતા. વ્રજમંડળને અવનવી અનોખી શોભા ધરતા. રાત્રીની સોડમાં સૂતેલું વૃંદાવન સ્વર્ગ કરતાં વધારે સુખદ તથા સુંદર દેખાતું. સૌન્દર્યથી સંપન્ન વ્રજની શાંત ભૂમિમાં પ્રવેશીને ઉદ્ધવજીને અસાધારણ આનંદ થયો. વૃંદાવનમાં એમણે ભગવાન કૃષ્ણના સંદેશવાહક તરીકે પ્રવેશ કરેલો. એ પુણ્યપ્રવેશ પહેલાં જ એ પોતાને પરમ સૌભાગ્યશાળી સમજતા'તા. એક તો એટલા માટે કે એ ભગવાન કૃષ્ણની લીલાભૂમિમાં પ્રવેશવાના હતા જ્યાં કૃષ્ણે અનેક પ્રકારની લીલા કરેલી. એ ભૂમિ મહાન તીર્થભૂમિ હતી. એની રજેરજ પવિત્ર, પુણ્યપ્રદાયક, શાંતિકારક હતી. બીજી વાત એ કે ભગવાન કૃષ્ણના ચારુ ચરણકમળમાં પરમપવિત્ર પ્રીતિ રાખનારી, કૃષ્ણની કૃપાપાત્ર, કૃષ્ણને પોતાના પરમારાધ્ય માનનારી, અને કૃષ્ણને પોતાની પ્રશસ્તિ કરવા પ્રેરનારી, ગોપિકાઓ એ પવિત્ર પ્રદેશની નિવાસિની હતી. એમને મળવાની પણ ઉદ્ધવજીની ઈચ્છા હતી. એ ઉપરાંત નંદયશોદા પણ એ જ ભૂમિમાં વાસ કરતાં. એટલે એ ભૂમિનો પ્રવેશ પ્રવાસના રૂપમાં ન હતો પરંતુ એક પવિત્ર પુણ્યપ્રવાસના રૂપમાં અથવા યાત્રાના રૂપમાં હતો. વ્રજ એમને મન કોઈ સામાન્ય ભૂમિ ન હતી, પુણ્યભૂમિ હતી.

ઉદ્ધવને મળીને નંદજી ખૂબ જ પ્રસન્ન થયા.

એમણે એમનો ખૂબ જ, સાચા સ્નેહસહિત સત્કાર કર્યો.

કૃષ્ણ જાણે પોતે જ પધાર્યા હોય એવો એમને આહ્‌લાદ થયો.

ઉદ્ધવ પણ વૃંદાવનમાં પ્રવેશીને કૃષ્ણના સવિશેષ સુખદ સુધાસભર સ્મરણથી પરમાનંદ પામ્યા.

એમણે પોતાના શરીરધારણને સફળ કે સાર્થક માન્યું.

એમને રોમાંચ થયાં.

એમનાં લોચન છલકાવા લાગ્યા.

એમનું મન જીવનનો મંગલ મહોત્સવ માણી રહ્યું.

** ** *

## ૧૨. ઉદ્ધવની વ્રજયાત્રા - ૨

બીજે દિવસે વહેલી સવારે ભગવાન સૂર્યનારાયણનો ઉદય થયો ત્યારે ગૃહકાર્યથી નિવૃત્ત થઈને બહાર નીકળેલી કેટલીક ગોપિકાઓએ જોયું કે નંદજીના ભવ્ય ભવનના સુંદર ચિત્તાકર્ષક દ્વાર પર એક સુવર્ણરથ ઊભો રહ્યો છે. ગોપિકાઓને સમજાયું નહીં કે એ રથ કોનો છે અને એમાં બેસીને કોણ શા માટે આવ્યું છે. એમણે માનવસ્વભાવને અનુસરીને અનેક પ્રકારનાં અનુમાનો કરવા માંડ્યાં. કોઈએ કહ્યું કે કૃષ્ણને મથુરા લઈ જનારા અક્રૂરજી તો પાછા નથી આવ્યા ? પરંતુ હવે એ શા માટે આવે ? એમના આગમનનું કોઈ પ્રયોજન તો છે નહીં. તો પછી ? એમને બદલે કોઈક બીજું આવ્યું હશે ?

ગોપીઓ એવી રીતે વાતે વળગેલી ત્યાં તો એમની પાસે નિત્યકર્મથી નિવૃત્ત થઈને ઉદ્ધવજી આવી પહોંચ્યા. ઉદ્ધવજીની આકૃતિ અને વેષભૂષા કૃષ્ણને મળતી હોવાથી ગોપીઓ એમને વિલોકીને વિચારમાં પડી.

तं वीक्ष्य कृषानुचरं व्रजस्त्रियः ।
प्रलम्बबाहुं नवकञ्जलोचनम् ॥
पीताम्बरं पुष्करमालिनं लसन् ।
मुखारविन्दं परिमृष्टकुण्डलम् ॥०१॥ (અધ્યાય ૪૭, શ્લોક ૧)

કૃષ્ણને મળતા આવતા એ કૃષ્ણના અનુચર ઘૂંટણો સુધીની લાંબી ભુજાઓવાળા અથવા આજાનબાહુ, નૂતન કમળદળ જેવી કમનીય આંખોવાળા, શરીર પર પીતાંબરથી સુશોભિત, કંઠમાં કુસુમમાળાથી મંડિત, કાનમાં મણિમંડિત કુંડલની કાંતિવાળા અને પરમપ્રસન્ન મુખમંડળવાળા હતા. એમને દેખીને ગોપીઓને થયું કે આ પુરૂષ કોણ છે, ક્યાંથી આવ્યા છે, કોઈના દૂત હોય તો કોના દૂત છે ? એણે ભગવાન કૃષ્ણ જેવાં વસ્ત્રો શા માટે ધારણ કર્યાં છે ?

ગોપીઓ એ પુરૂષનો પરિચય પામવા અતિશય આતુર બની ગઈ. એમાંની કેટલીક ઉત્તમકીર્તિ ભગવાન કૃષ્ણના ચરણકમળોના આશ્રયવાળા ઉદ્ધવને ઘેરીને ઊભી રહી.

એ વખતનું દૃશ્ય અતિશય અદભુત, આકર્ષક, અસાધારણ, આનંદદાયક થયું.

ગોપીઓને છેવટે ખબર પડી કે એ તો પોતાને માટે ભગવાન કૃષ્ણનો સંદેશ લઈને આવ્યા છે ત્યારે એમણે વિનય, સ્મિત તથા સુમધુર વાણીથી એમનો સત્કાર કર્યો. ભગવાન કૃષ્ણના સંદેશવાહકને વિલોકીને એમનું હૈયું હાલી ઊઠ્યું. એમની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

ભક્તનો અંતરાત્મા ભગવાનને જોઈને તો પ્રસન્ન થાય જ છે પરંતુ ભગવાનના ભક્તને જોઈને પણ પ્રસન્ન થાય છે. મોર જેમ વરસાદના વાદળને વિલોકીને પ્રસન્ન થાય છે તેમ અથવા કહો કે એથી વધારે પ્રમાણમાં.

ગોપીઓના સ્મૃતિપટ પર કૃષ્ણલીલાના વિવિધ પ્રસંગો તાજા થયા. એ પાવન પ્રસંગોનું વર્ણન એમણે આજ સુધી અનેકવાર કરેલું અને એ દ્વારા અપાર્થિવ આનંદ અનુભવેલો છતાં પણ કૃષ્ણના સુંદર સંદેશવાહકને જોઈને એ બધા પ્રસંગોના સ્મૃતિજન્મ રસાર્ણવમાં એમણે અવગાહન કરવાનો આરંભ કર્યો.

કૃષ્ણની સંનિધિના એ દિવસો કેટલા બધા દિવ્ય હતા ? બહારથી જોતાં તો તે જતા રહ્યા, કાળના વિશાળ ગર્ભમાં સમાઈ ગયા. પરંતુ એમની સુવાસ સનાતન છે. એ ક્યાંય નથી ગયા. એ નથી મર્યા.

સ્મૃતિઓ પણ, કેટલી બધી સુખદ હોય છે ?

ગોપીઓએ ઉદ્ધવજીને જણાવ્યું :

ઉદ્ધવજી, અમે જાણીએ છીએ કે તમે યદુપતિના પાર્ષદ છો, એમનો સંદેશો લઈને પધાર્યા છો. તમારા સ્વામીએ પોતાનાં માતાપિતાને સુખ આપવા માટે તમને મોકલ્યા છે, માતાપિતાની સાથેના સ્નેહસંબંધને તો મોટા મોટા મુનિઓ પણ નથી છોડી શકતા.

**स्नेहानुबन्धो बन्धूनां मुनेरपि सुदुस्त्यजः ॥०५॥** (અધ્યાય ૪૭, શ્લોક ૫ ઉત્તરાર્ધ)

ભ્રમરોનો પુષ્પો સાથેનો સ્નેહસંબંધ ઉપરઉપરનો ને સ્વાર્થી હોય છે, વેશ્યાને ખબર પડે છે કે પોતાની પાસે પહોંચનારની પાસે ધન નથી ત્યારે એ એને છોડી દે છે, પ્રજા સમજે છે કે રાજા આપણી રક્ષા નથી કરી શકતો ત્યારે એની સાથે સહયોગ નથી કરતી. અધ્યયનની પરિસમાપ્તિ પછી શિષ્યો સદ્ ગુરૂની સંનિધિનો ને સેવાનો લહાવો નથી લેતા. યજ્ઞની દક્ષિણા મળ્યા પછી ઋત્વિજો ચાલી નીકળે છે. વૃક્ષો પર ફળ નથી રહેતાં એટલે વિહંગો આપોઆપ વિદાય થાય છે. ભોજનવિધિને પતાવ્યા પછી અતિથિ ગૃહસ્થ તરફ ભાગ્યે જ જુએ છે. અરણ્યમાં આગ લાગતાં પશુઓ નાસી છૂટે છે. સ્ત્રીના પ્રાણમાં ગમે તેટલો ઉત્કટ અસાધારણ પ્રેમ હોય તો પણ જારપુરૂષ પોતાનું પ્રયોજન પૂરૂં કર્યા પછી પાછું વળીને પેખતો પણ નથી.

ગોપીઓના શબ્દોનો સૂચિતાર્થ સ્પષ્ટ હતો. એમના પ્રાણમાં પીડા હતી. અંતરમાં કૃષ્ણને માટેનો અનંત અનુરાગ ભરેલો. આત્માનું અનુસંધાન કૃષ્ણ સાથે થયેલું. એમનું મન કૃષ્ણની આસપાસ રમ્યા કરતું. એમના હૃદયમાં કૃષ્ણ સિવાય બીજું કાંઈ જ નહોતું રમતું. ઉદ્ધવજીને નિહાળીને અને કૃષ્ણના સંદેશવાહક સમજીને ગોપીઓનો પ્રેમ પરાકાષ્ઠા પર પહોંચ્યો. એના પરિણામે એમના મુખમાંથી કેટલાક ઉદગારો અનાયાસે આપોઆપ નીકળી પડ્યા. શું બોલાઈ રહ્યું છે, કોની સમક્ષ ને શા માટે બોલાઈ રહ્યું છે એનો એમને ખ્યાલ પણ ના રહ્યો. ભગવાન કૃષ્ણની જુદીજુદી લીલાઓના જયગાનમાં એ એટલી બધી ડૂબી ગઈ કે એમને શરીરનો પણ ખ્યાલ રહ્યો નહીં. એ અતિશય ભાવવિભોર બનીને રડવા લાગી.

દેવર્ષિ નારદે ભક્તિદર્શનમાં જણાવ્યું છે કે ભક્ત માટે ભગવાનનો એક વિપળનો પણ વિયોગ ખૂબ જ કલેશકારક કે દુઃખદ થઈ પડે છે. માછલી પાણી વિના નથી રહી શકતી તેમ ભક્ત ભગવાન વગર રહી શકતો નથી. ગોપીઓના જીવનમાં ભગવાન કૃષ્ણ વિના બીજું કાંઈ જ નહોતું રહ્યું. કૃષ્ણ જ એમના જીવનના એક માત્ર રસ, કસ, સારસર્વસ્વ અથવા આનંદ હતા. એમની સ્થૂળ સંનિધિથી એ વંચિત હતી. એ એમના સ્થૂળ જ્યોતિર્મય જીવનની મોટામાં મોટી કરુણતા હતી. એ કરુણતાના સ્મરણે અથવા સ્વાનુભવે એમનાં અંતર આક્રંદ કરી ઊઠે એ સ્વાભાવિક હતું.

ગોપીઓના પ્રેમના પ્રતિઘોષ જેવા એ આક્રંદે દિશાપ્રદિશાને ભરી દીધી. ઉદ્ધવજીનું હૈયું પણ હાલી ઊઠ્યું. ગોપીઓના પવિત્રને પ્રખર પ્રેમ વિશે એમણે સમય સમય પર સાંભળેલું ખરૂં પરંતુ એ પ્રેમના સુખદ સ્વાનુભવનો પ્રસંગ આ પહેલો જ હતો. એનો પ્રભાવ એમના પર ઘણો ભારે પડ્યો. માનવના દિલમાં આટલો બધો અપાર્થિવ અનુરાગ હોઈ શકે છે એની એમને પરમ આશ્ચર્યકારક પ્રતીતિ થઈ. એ અનુરાગની

નિર્મળતા અને નૈસર્ગિકતાથી એ અતિશય આનંદ પામ્યા. જગતમાં અન્યત્ર એવો પ્રબળ પવિત્ર પ્રેમ ભાગ્યે જ જોવા મળે. એનું દર્શન કરવું એ પણ એક પરમ સૌભાગ્ય હતું.

ગોપીઓને માટે કોઈ વિકલ્પ ન હતો. એ વસતી વ્રજમાં પરંતુ એમના મન મનમોહનની આજુબાજુ રમ્યા કરતાં. એમનો અનુરાગ અખંડ હતો. ઉદ્ધવજીને એ જાણે કે પેલા સુંદર મધુર મંગલ મનોભાવોની અભિવ્યકતિવાળા પદની પેઠે કહેતી હતી :

અમે શું કરીએ રે અમે શું કરીએ રે
હવે તો થઈ ગઈ છે પ્રીત.

પ્રકટી પ્રાણે પરમાણુમાં પ્રસરી ગઈ અમીટ,
શમાવવી કે ઘટાડવી ના જાણીયે શી રીત. .. અમે શું કરીએ.

પૂર્વજન્મના પરિણામે આ પ્રકટ બન્યું નવનીત,
શાંત સ્વાદુ સંવાદી જાગ્યું સ્નેહતણું સંગીત. ... અમે શું કરીએ

ચરણે ચોટ્યું કેમ કરીને કહો તોડવું ચિત્ત.
ભલેને થતી શાશ્વત સ્નેહતણી જગમાંહી જીત. ... અમે શું કરીએ રે.

***

ભગવાન કૃષ્ણના પ્રેમથી પરિપ્લાવિત પ્રાણવાળી એક ગોપી ઉદ્ધવજીની આગળ ઊભી રહીને કૃષ્ણની લીલાનું સ્મરણ કરી રહેલી. એ વખતે એણે એક ભ્રમરને છેક જ પાસે ગુંજારવ કરતો જોયો. ભ્રમરને જોઈને એને એવું લાગ્યું કે કૃષ્ણે મને રીસાયલી સમજીને મનાવવા માટે મારી પાસે સંદેશવાહકને મોક્લ્યો છે. ભ્રમરને ઉદ્દેશીને એ એના મનોભોવોની અભિવ્યક્તિ કરતાં કહેવા લાગી : ‘‘મધુપ, તું છળ કરનારાનો સખા હોવાથી કપટી છે. અમારા પગનો સ્પર્શ ના કરતો. ખોટા પ્રણામ કરીને અમારો અનુનય-વિનય ના કર. તું પોતે પણ કોઈ કુસુમને નિષ્ઠાપૂર્વક પ્રેમ નથી કરતો. એક પુષ્પથી બીજા પુષ્પ પર ઊડ્યા કરે છે. તું તારા સ્વામીના જેવો જ છે. તું તારા સ્વામીના જેવો જ શ્યામ છે. તારા સ્વામી પણ તારી પેઠે જ ચંચળ છે. અને પોતાના પ્રેમરસનું પાન કરાવીને તારા સ્વામી પણ કોણ જાણે ક્યાં ચાલી નીકળ્યા છે ! કેટલાય દિવસથી એ અમને મળ્યા જ નથી. એવા ચંચળ પ્રકૃતિના પુરૂષ રત્નની સેવા લક્ષ્મી કોણ જાણે કેવી રીતે કરે છે ! બીજી કોઈક સામાન્ય સ્ત્રી હોત તો કંટાળી જાત. પરંતુ એમણે એના મનને મોહાવનારી વિવિધ વાતોથી મુગ્ધ કર્યું લાગે છે. એના ચિત્તને ચોરી લીધું લાગે છે. અમારું મન એવી રીતે ભરમાઈ જાય કે મુગ્ધ બની જાય તેવું નથી. અમે તો ઘર વિનાની વનમાં વિહરનારી સ્ત્રીઓ છીએ. અમારે માટે કૃષ્ણનું ચિંતનમનન કાંઈ નવું નથી. અમે એ યદુનંદનનો અનુભવ એકવાર કરેલો છે. મથુરામાં કૃષ્ણે કરેલી નવી સુંદર સખીઓની આગળ કૃષ્ણના પ્રેમપ્રસંગોનું ગાન કર, તો એ ગુણસંકીર્તનથી પ્રસન્ન બનીને એ સુંદરીઓ તને મનગમતું વરદાન આપશે. કપટયુક્ત સુંદર હાસ્ય તથા ભ્રૂવિલાસવાળા કૃષ્ણને પૃથ્વી, સ્વર્ગ કે રસાતલમાં રહેલી કઈ સ્તુત્ય

સ્ત્રીઓ દુર્લભ છે ? લક્ષ્મી સ્વયં એમના ચરણની રજને સેવે છે તો અમારો શો હિસાબ છે ? તો પણ તારે એમને એટલું તો અવશ્ય કહેવું કે જે દીન જનોને મદદ કરે છે તે જ ઉત્તમશ્લોક નામને યોગ્ય ઠરે છે.

दिवि भुवि च रसायां काः स्त्रियस्तद्दुरापाः ।
कपटरुचिरहासभ्रूविजृम्भस्य याः स्युः ॥
चरणरज उपास्ते यस्य भूतिर्वयं का ।
अपि च कृपणपकषे ह्युत्तमःश्लोक शब्दः ॥१५॥ (અધ્યાય ૪૭, શ્લોક ૧૫)

તારા મસ્તકને અમારા પગમાં ના મૂક. દૂતકર્મને યોગ્ય એવી વાતોને કૃષ્ણ પાસેથી શીખીને તેં એમની અંદર પ્રવીણતાની પ્રાપ્તિ કરી છે. પરંતુ તારા કપટને અમે જાણીએ છીએ. કૃષ્ણની પેઠે તું પણ વિશ્વાસપાત્ર નથી જ.

અમે કૃષ્ણને માટે જ પતિ, પુત્ર તથા પરિવારનો ત્યાગ કર્યો છે તો પણ એ અકૃતજ્ઞ મનવાળા કૃષ્ણે અમારો પરિત્યાગ કર્યો છે તો એમની સાથે કેવી રીતે ને શું સમાધાન કરવું ? જેમણે પ્રથમ રામાવતારમાં પારધીની પેઠે ક્રૂરતા કરીને વાનરરાજ વાલિને વીંધી નાખેલો, અને કામુકતાથી પ્રેરાયેલી શૂર્પણખાને સીતાની આસક્તિને લીધે નાક-કાન કાપીને કદરૂપી કરેલી, તથા વામન અવતારમાં બલિ રાક્ષસને બાંધેલો, તે કાળા કૃષ્ણની મિત્રતા અમારે નથી કરવી. તો પણ એમની કથાઓ અમારાથી તજી શકાતી નથી. એમના લીલાચરિત્રરૂપી અમૃતના એકાદ બિંદુના આસ્વાદને અનુભવીને અસંખ્ય મનુષ્યો રાગદ્વેષાદિ દ્વંદ્વોમાંથી મુક્તિ મેળવી ગૃહ તથા પરિવારને પરિત્યાગી, દીન તેમજ ભોગરહિત બની, પક્ષીઓની પેઠે બિસ્તરા પર નિર્વાહ કરતાં વિહરે છે.

सपदि गृहकुटुम्बं दीनमुत्सृज्य दीना ।
बहव इह विहङ्गा भिकषुचर्यां चरन्ति ॥१८॥ (અધ્યાય ૪૭, શ્લોક ૧૮ ઉત્તરાર્ધ)

કાળા મૃગની મૃગલીઓ પારધીના સંગીતને સત્ય સમજીને શરથી ઘાયલ થઈને પીડા ભોગવે છે તેમ અમે નિર્દોષ ગોપીઓ કૃષ્ણનાં કપટયુક્ત વચનોને સાચાં માનીને વ્યથા અનુભવીએ છીએ. એ કૃષ્ણની વાતને હવે જવા દે.

કૃષ્ણે ફરી મોકલવાથી તું પાછો આવ્યો છે ? દૂત હોવાથી તું અમારે મન પૂજ્ય છે. તો તું શું માગે છે ? તારી શી ઈચ્છા છે ? તું અમને કૃષ્ણ પાસે લઈ જવા માગે છે ? પરંતુ કૃષ્ણ તો એકલા રહેતા જ નથી. તેમની પાસે તેમની પ્યારી પ્રિયતમા લક્ષ્મી હમેશાં રહેતી હોય છે. કૃષ્ણ અત્યારે મથુરામાં છે ? પિતા નંદના ઘરને ને મિત્ર ગોવાળોને તે કદી યાદ કરે છે ? કોઈવાર અમારા વિશે વાતો કરે છે ?''

ગોપીઓનાં વચનો વ્યંગાત્મક હોવાની સાથેસાથે પ્રેમથી પરિપ્લાવિત, માર્મિક, સંવેદનસભર વ્યથાવાળાં હતાં.

એ વચનો એમના અંતરના સાચા પ્રખર કૃષ્ણ પ્રેમની પ્રતીતિ કરાવતાં. ઉદ્ધવજી એમને સાંભળીને આશ્ચર્યચકિત બની ગયા. સ્તબ્ધ થયા. એમને ગોપીઓને માટે સહાનુભૂતિ તો હતી જ. હવે પરમ આદરભાવ પ્રકટ્યા વિના ના રહ્યો.

ગોપીઓની માનસિક ભૂમિકાની કલ્પના એ અનાયાસે કરી શક્યા.

સંતપુરૂષો ઈશ્વરના અમોઘ આશીર્વાદ જેવા, જીવોનું કલ્યાણ કરવા અને એમને શાંતિ આપવા તેમજ પથપ્રદર્શન પહોંચાડવા પ્રકટ થતા હોય છે. એ સંતપ્ત અંતરને શાંતિ આપે છે અને આર્તને આનંદ.

ઉદ્ધવજી એમાં અપવાદરૂપ નહોતા.

એ કૃષ્ણવિરહથી વ્યથિત ગોપિકાઓને આશ્વાસન આપતાં કહેવા માંડ્યા :

**श्रीउद्धव उवाच**

अहो यूयं स्म पूर्णार्था भवत्यो लोकपूजिताः ।
वासुदेवे भगवति यासामित्यर्पितं मनः ॥२३॥
दानव्रततपोहोम जपस्वाध्यायसंयमैः ।
श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते ॥२४॥
भगवत्युत्तमःश्लोके भवतीभिरनुत्तमा ।
भक्तिः प्रवर्तिता दिष्ट्या मुनीनामपि दुर्लभा ॥२५॥ (અધ્યાય ૪૭, શ્લોક ૨૩ થી ૨૫)

ગોપિકાઓ, તમે સૌ સાચે જ પૂર્ણકામ છો, સંસારને માટે પૂજનીય છો, કારણકે તમારાં મન ભગવાન કૃષ્ણની એકનિષ્ઠ ભક્તિ દાન, વ્રત, તપ, હોમહવન, જપ, સ્વાધ્યાય, સંયમ તથા આત્મકલ્યાણનાં બીજાં સાધનોથી સાધી શકાય છે. તમે એવી ઉત્તમોત્તમ અને મોટામોટા મુનિઓને પણ દુર્લભ ભક્તિને પુણ્યશ્લોક ભગવાનને માટે મેળવી છે એ ઓછા આનંદની વાત નથી લાગતી.

પુત્રોનો, પતિઓનો, શરીરનો, સ્વજનોનો ને ઘરબારનો પ્રસન્નતાપૂર્વક પરિત્યાગ કરીને તમે પરમપુરૂષ શ્રીકૃષ્ણને વરી છો એથી સર્વોત્તમ સુખદ સદ્ ભાગ્ય બીજું કયું હોઈ શકે ? ભગવાનની વિયોગાવસ્થામાં તમને જે અતીન્દ્રિય પરમપ્રેમની અનુભૂતિ થઈ છે તે પ્રેમને પેખીને મારી પ્રસન્નતાનો પાર નથી રહેતો. મારું સૌભાગ્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. તમારી કૃપાથી જ મને તમારા વાસ્તવિક પ્રેમસ્વરૂપનું દર્શન થયું છે.

ઉદ્ધવજીના ઉદગારો એમના ગુણગ્રાહી વ્યક્તિત્વના પરિચાયક હતા. એવા વ્યક્તિત્વને લીધે એ ગોપીઓના કૃષ્ણ પ્રત્યેના અસાધારણ અનુરાગને અનાયાસે સહાનુભૂતિ સહિત સમજી શક્યા. એથી એમનું અંતર આનંદી ઊઠ્યું. એમને ગોપીઓને માટે હમદર્દી થઈ.

પરંતુ એ તો સંદેશવાહક હતા. ગોપીઓને માટે ભગવાન કૃષ્ણનો સવિશેષ સંદેશો લઈને આવેલા. એટલે એમણે ગોપીઓને ભગવાન કૃષ્ણનો સ્નેહસંદેશો સંભળાવ્યો :

કૃષ્ણે પોતાના સુખકારક સ્નેહસંદેશમાં કહેલું :

**श्री भगवानुवाच**

भवतीनां वियोगो मे न हि सर्वात्मना क्वचित् ।
यथा भूतानि भूतेषु खं वाय्वग्निर्जलं मही ।
तथाहं च मनःप्राण भूतेन्द्रियगुणाश्रयः ॥२९॥
आत्मन्येवात्मनात्मानं सृजे हन्म्यनुपालये ।
आत्ममायानुभावेन भूतेन्द्रियगुणात्मना ॥३०॥ (અધ્યાય ૪૭, શ્લોક ૨૯,30)

ગોપીઓ તમને મારો વાસ્તવિક વિયોગ છે જ નહીં. થવાનો પણ નથી. જીવને મારો વાસ્તવિક પરિપૂર્ણ વિયોગ કદાપિ થઈ શકે તેમ છે જ નહીં. હું સર્વનો આત્મા અને સૌનું ઉપાદાનકારણ હોવાથી જેમ સર્વે સ્થાવર જંગમ પદાર્થોમાં આકાશ, વાયુ, અગ્નિ, પાણી ને પૃથ્વી રહેલાં છે તેમ મન, પ્રાણ, પંચ મહાભૂતો, ઈન્દ્રિયો તેમજ ગુણોના આશ્રયરૂપે તે સર્વમાં રહેલો છું. હું મારી માયાના પ્રભાવથી મારામાં પાંચ ભૂતો, ઈન્દ્રિયો અને ગુણોરૂપે મને પોતાને સર્જુ છું. પાળું છું, ને જ્ઞાનસ્વરૂપ છું એટલે કોઈ પણ ગુણો મારો સ્પર્શ નથી કરી શકતા.

મનુષ્યે સમજવું જોઈએ કે જાગૃતિદશામાં પ્રતીત થનારા ઈન્દ્રિયોના પદાર્થો કે વિષયો સ્વપ્નમાં દૃષ્ટિગોચર થતા પદાર્થોની જેમ જ મિથ્યા છે. એ વિષયોના ચિંતન-મનનમાંથી મનને પાછું વાળીને મારો સાક્ષાત્કાર કરવો જોઈએ.

સરિતાઓનું છેવટનું ગંતવ્યસ્થાન સમુદ્ર છે તેમ વેદ, યોગ, સાંખ્ય, સંન્યાસ, સ્વધર્મ, સત્ય, ઈન્દ્રિયસંયમ એ સર્વનું તાત્પર્ય માનસિક સંયમ જ છે.

હું તમારાથી દૂર રહું છું એનું કારણ એ છે કે તમને મારું ધ્યાન રહે અને એથી તમારા મનને મારી પાસે રાખી શકાય. દૂરસ્થ પતિમાં સ્ત્રીઓનાં મન જેટલાં પરોવાયલાં રહે છે એટલાં સમીપસ્થ પતિમાં પરોવાયલાં નથી રહેતાં. માટે મનને સમગ્ર વૃત્તિઓથી છૂટું પાડી, મારામાં જ સ્થાપી દઈ, મારું નેહપૂર્વક નિત્ય ચિંતન કરો તો થોડા સમયમાં જ મને પામી લેશો.

ગોપીઓ કૃષ્ણના આત્મજ્ઞાનથી અલંકૃત સારગર્ભિત સંદેશને સંવેદનશીલ બનીને સાંભળી રહી.

એમનું હૈયું હાલી ઊઠ્યું. રોમેરોમ રસથી આપ્લાવિત બની રડવા લાગ્યું.

એમના મનમાં મંથન આરંભાયું.

કૃષ્ણના સ્નેહસંદેશથી એ ઊંડે ઊંડે પ્રસન્ન થઈ.

માનવસ્વભાવ સામાન્ય રીતે છે જ એવો. જેના પર એ પ્રીતિ રાખે એ એને યાદ કરે છે, એવું જાણીને પણ એ ઉલ્લાસ અનુભવે છે. પોતાને બડભાગી કે કૃતકૃત્ય માને છે. પોતાને પોતાના પ્રિયજન યાદ કરે છે, દૂર રહીને પણ યાદ કરે છે, એવી કલ્પના જ એને માટે રોચક અથવા આહ્લાદક થઈ પડે છે.

ગોપીઓએ ઉદ્ધવજીને કૃષ્ણનો સ્નેહસંદેશ સાંભળીને કહ્યું : યાદવોના શત્રુ દુઃખદાયી કંસનો કૃષ્ણે એના અનુયાયીઓ સાથે નાશ કર્યો એ સારું કર્યું. સર્વે મનોરથોથી પરિપૂર્ણ સ્વજનો સાથે કૃષ્ણ સુખપૂર્વક સમય પસાર કરે છે તે પણ સારું છે. એ અમારી ઉપર જેવી પ્રીતિ કરતા તેવી પ્રીતિ મથુરાપુરીની સ્ત્રીઓ પર કરે છે ? કોઈ પ્રસંગે તે સુંદરીઓના સમૂહમાં ઈચ્છાનુસાર મુક્તમને વાતચીત થતી હોય ત્યારે કૃષ્ણ અમારા જેવી ગામડાની નિર્દોષ ભોળી અને છતાં પણ ભાવમયી સ્ત્રીઓને યાદ કરે છે ?

अपि स्मरति नः साधो गोविन्दः प्रस्तुते क्वचित् ।
गोष्ठिमध्ये पुरस्त्रीणाम्ग्राम्याः स्वैरकथान्तरे ॥४२॥
ताः किं निशाः स्मरति यासु तदा प्रियाभिर् ।
वृन्दावने कुमुदकुन्दशशाङ्करम्ये ॥
रेमे क्वणच्चरणनूपुररासगोष्ठ्याम् ।

अस्माभिरीडितमनोज्ञकथः कदाचित् ॥४३॥ (અધ્યાય, ૪૭ શ્લોક ૪૨, ૪૩)

કમળ, મોગરા અને ચંદ્રથી સુંદર બનેલા વૃંદાવનમાં, પગના નૂપુરના ઝંકારવાળી રાસમંડળીમાં પોતાની સુંદર કથાઓને સાંભળતાં, અમને પ્રિયતમાઓ માનીને રમેલા, તે રસમય રાતને કદી યાદ કરે છે ખરા ?

એ અમને નવજીવન આપવા માટે અમારી પાસે આવી પહોંચશે ?

એમને રાજ્ય મળ્યું, શત્રુઓ પર વિજય સાંપડ્યો, સ્વજનોની પ્રાપ્તિ થઈ, અને રાજકન્યાઓની સાથે લગ્ન કરીને આનંદપૂર્વક રહેવાનો અવસર મળ્યો. હવે એમને અમારા જેવી સ્ત્રીઓની શી આવશ્યકતા ? એ પોતે લક્ષ્મીપતિ, પૂર્ણકામ અને પૂર્ણ છે.

અમે સમજીએ છીએ કે નિરાશા પરમસુખ છે તો પણ એમની આશા નથી છૂટતી. ઉત્તમ કીર્તિવાળા ભગવાન કૃષ્ણના સ્વર્ગીય સંસર્ગને કોણ છોડે ?

બળદેવની સાથે રહીને કૃષ્ણે સેવેલી સરિતા, પર્વત, વનપ્રદેશો, ગાયો તથા વાંસળીના સુમધુર સ્વરો અમને એમનું અવારનવાર સ્મરણ કરાવે છે. અમે એમને સ્વપ્ને પણ નથી ભૂલી શકતી. એમના દિલને ડોલાવનારી સરસ ગતિ, એમનું ચિત્તાકર્ષક સ્મિત, આહ્લાદક અવલોકન અને અમૃતમય વચનથી અમારું હૈયું હરાઈ ગયું હોવાથી અમે એમને કેવી રીતે ભૂલી શકીએ ? એમને ભૂલવાનું અશક્ય છે. અમે એમને ભૂલવા નથી માગતી.

हे नाथ हे रमानाथ व्रजनाथार्तिनाशन ।

मग्नमुद्धर गोविन्द गोकुलं वृजिनार्णवात् ॥५२॥ (અધ્યાય ૪૭, શ્લોક ૫૨)

હે નાથ, હે લક્ષ્મીપતિ, હે વ્રજપતિ ! હે સર્વપીડાહારક, હે ગોવિંદ ! કૃપા કરીને દુઃખના દરિયામાં ડૂબેલા ગોકુળનો ઉદ્ધાર કરો.

ગોપીઓએ ઉદ્ધવનો સમુચિત સત્કાર કર્યો. ઉદ્ધવે એમને પોતાની વિશિષ્ટ રીતે શાંતિ પ્રદાન કરવાનો પ્રયાસ કરતાં વ્રજમાં થોડાક મહિનાઓ સુધી વાસ કર્યો. કૃષ્ણના જ્યોતિર્મય જીવનની જુદી જુદી કથાઓ સંભળાવીને એમણે સૌને અસાધારણ આનંદ આપ્યો. એ દિવસો વ્રજવાસીઓને માટે અનેરા આનંદદાયક થઈ પડ્યા.

ગોપીઓના કૃષ્ણ પ્રત્યેના પાવન પ્રેમને પેખવાનું સદ્ ભાગ્ય ઉદ્ધવજીને એ દૈવી દિવસો દરમિયાન સહેજે સાંપડ્યું. એથી એ અતિશય પ્રભાવિત થયા. એવો પવિત્ર પ્રબળ પ્રેમ એમણે ક્યાંય નહોતો જોયો. એવા અપાર્થિવ પ્રેમને પેખીને એમણે એમને પ્રસન્નતાપૂર્વક પરમપૂજ્યભાવે પ્રણામ કર્યા અને એમને આદરભાવની અસામાન્ય અદભુત અંજલિ આપતાં જે જણાવ્યું તે સુવર્ણાક્ષરે લખવા લાયક અને ચિરસ્મરણીય છે. એ આટલાં બધાં વરસો પછી આજે પણ એટલું જ, બલકે એથી પણ વધારે પ્રેરક છે.

एताः परं तनुभृतो भुवि गोपवध्वो ।<br>
गोविन्द एव निखिलात्मनि रूढभावाः ॥<br>
वाञ्छन्ति यद्भवभियो मुनयो वयं च ।<br>
किं ब्रह्मजन्मभिरनन्तकथारसस्य ॥५८॥

क्वेमाः स्त्रियो वनचरीर्व्यभिचारदुष्टाः ।
कृष्णे क्व चैष् परमात्मनि रूढ़भावः ॥
नन्वीश्वरोऽनुभजतोऽविदुषोऽपि साकषाच् ।
छ्रेयस्तनोत्यगदराज इवोपयुक्तः ॥५९॥ (અધ્યાય ૪૭, શ્લોક ૫૮, ૫૯)

પૃથ્વીમાં આ ગોપીઓનું શરીરધારણ સાચેસાચ સફળ છે. ગોપીઓનાં જીવન ધન્ય છે. કારણ કે સંસારમાંથી છૂટવા માગનારા મોટામોટા મુનિઓ અને અમે જેની અહર્નિશ આકાંક્ષા રાખીએ છીએ તે ગોવિંદ ભગવાનનાં ચારુ ચરણોમાં એમણે અનંત અને અખંડ શ્રદ્ધાભક્તિની પ્રાપ્તિ કરી છે. ભગવાનની કથાવાર્તાઓનો ને ભગવાનના સુંદર સ્વરૂપના ધ્યાનનો રસ જેમને પ્રાપ્ત થયો છે તેમને બ્રહ્માના પદની પણ શી પરવા છે ?

સંસારના પદાર્થોમાંથી પોતાના મનને પાછું વાળીને ભગવાનમાં લગાડનારી આ અરણ્યમાં ફરનારી ગોકુલ તથા વ્રજની ગોપીઓ ક્યાં ને પરમાત્મામાં પ્રતિષ્ઠિત પ્રખર પ્રેમભાવ ક્યાં ? અમૃતનો આસ્વાદ લેનારનું સર્વ પ્રકારે કલ્યાણ થાય છે તેમ ભગવાન પોતાને શ્રદ્ધાભક્તિથી ભજનાર અજ્ઞાનીને પણ તારે છે. સૌનું શ્રેય સાધે છે.

ગોપીઓ પર ભગવાનની જેવી કૃપા થઈ છે તેવી કૃપા દેવાંગનાઓ તથા લક્ષ્મીદેવીની ઉપર પણ નથી થઈ. તો બીજી સર્વસામાન્ય સ્ત્રીઓની તો વાત જ શી કરવી ?

आसामहो चरणरेणुजुषामहं स्यां ।
वृन्दावने किमपि गुल्मलतौष्धीनाम् ॥
या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा ।
भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम् ॥६१॥ (અધ્યાય ૪૭,શ્લોક ૬૧)

ગોપીઓએ જેમનો ત્યાગ કરવાનું કાર્ય અતિશય કઠિન છે તે સ્વજનોનો ને લોકાચાર તથા વેદાચારોનો ત્યાગ કરીને વેદોના પરમપ્રાપ્તવ્ય પરમાત્માની પ્રીતિ કરીને તેમની સાથે તન્મયતા સાધી છે. એમના પવિત્ર ચારુ ચરણકમળને સ્પર્શનારાં વૃંદાવનનાં વૃક્ષો, વલ્લરીઓ અથવા ઔષધિઓમાંથી એક તરીકે જન્મું એવી મારી પ્રાર્થના ને ભાવના છે.

वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ।
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥६३॥ (અધ્યાય ૪૭, શ્લોક ૬૩)

જેમનું હરિકથા સંગીત ત્રણે લોકને પાવન કરે છે તે નંદના વ્રજની સ્ત્રીઓની પવિત્ર પદરજને હું વારંવાર વંદન કરું છું.

* * *

ઉદ્ધવજી મથુરા જવા માટે તૈયાર થયા ત્યારે એમને ભાતભાતની ભેટો આપવામાં આવી. સૌનાં અંતર સંવેદનશીલ બન્યાં. ઉદ્ધવજી પોતે પણ ભાવવિભોર બની ગયા. વિદાય વખતે નંદે અને ગોપીએ એમને જે કહ્યું તે ખાસ યાદ રાખવા જેવું છે. એમાં એમની પવિત્ર પ્રીતિ તથા શ્રદ્ધાભક્તિ ટપકે છે. એમણે કહ્યું :

मनसो वृत्तयो नः स्युः कृष्ण पादाम्बुजाश्रयाः ।
वाचोऽभिधायिनीर्नाम्नां कायस्तत्प्रह्वणादिषु ॥६६॥
कर्मभिर्भ्राम्यमाणानां यत्र क्वापीश्वरेच्छया ।
मङ्गलाचरितैर्दानै रतिर्नः कृष्ण ईश्वरे ॥६७॥ (અધ્યાય ૪૭,શ્લોક ૬૬, ૬૭)

અમારા મનની વૃત્તિઓ કૃષ્ણના ચરણકમળનો આશ્રય કરો. વાણી એમના મંગલમય નામના અનવરત ઉચ્ચારમાં રત બનો. શરીર એમને સેવો ને સદા માટે નમસ્કાર કરો. અમારાં જુદાં જુદાં કર્મોના ફળ સ્વરૂપે ઈશ્વરેચ્છાનુસાર જે પણ યોનિમાં અમે વિચારીએ તે યોનિમાં અમારાં મંગલ ઉચ્ચ આચરણોથી ને દાનોથી અમને કૃષ્ણ ભગવાનમાં એકનિષ્ઠ અખંડ અનંત અનુરાગ થાવ.

શરીરધારી માનવને માટે એથી ઉત્તમ કામના, ભાવના કે પ્રાર્થના બીજી કઈ હોઈ શકે ? આજે પણ એ એટલી જ અગત્યની, આનંદદાયક, આશીર્વાદરૂપ છે. એ કામના, ભાવના કે પ્રાર્થના સાથે આપણું અંતર અથવા જીવનસર્વસ્વ સાર પુરાવે છે.

ગોપીઓનાં જીવન એ પ્રાર્થનાના પ્રતીક જેવાં હતાં. એમને અવલોકીને ઉદ્ધવની કાયાપલટ થઈ.

જ્ઞાની ઉદ્ધવ પરમાત્મપ્રેમના મંગલમય મહિમાને સમજીને પ્રેમી ઉદ્ધવ બન્યાં.

ગોપીઓનો સમાગમ એમના જીવનમાં ચિરસ્મરણીય બની ગયો.

ગોપીઓના પવિત્ર પ્રેમનો વિચાર કરતા એ રથમાં બેસીને મથુરાને માર્ગે આગળ વધ્યા ત્યારે એમની આંખ છલકાઈ ગઈ.

* * *

ગોપીઓના કૃષ્ણ પ્રત્યેના અસાધારણ અનુરાગની અભિવ્યક્તિ કરતાં ભક્તકવિ સુરદાસે પોતાના પદમાં જે આલેખ્યું છે એ આનંદદાયક છે. એનો આસ્વાદ લેવાનું કાર્ય અસ્થાને નહીં ગણાય.

ભક્તો તથા કવિતા રસિકોને એ ગમશે.

अखियां हरिदरसनकी प्यासी.
देख्यो चाहत कमल नैनको. निसिदिन रहत उदासी... अखियां.
केसर तिलक मोतन की माला वृंदावन के वासी,
नेह लगाय त्यागि गये तृन सम डारि गये गल-फांसी....अखियां.
काहूके मनकी कोउ न जानत, लोगन के मन हांसी;
सुरदास प्रभु तुम्हारे दरस बिन लै हौं करवत काशी....अखिया.

* * *

## ૧૩. કુરૂક્ષેત્રમાં કૃષ્ણનો સમાગમ

ગોપીઓના પ્રેમપ્રસંગો પ્રેરક છે. વધારે પ્રેરક એટલા માટે કે ભાતભાતના દુન્યવી વિરોધાભાષી વાયુમંડળની વચ્ચે વસનારા મોટા ભાગના માનવો પૂછે છે કે આવા વાતાવરણમાં વસીને જીવનોત્કર્ષને મંગલમય માર્ગે આગળ વધીને ઈશ્વરની કૃપા મેળવી શકાય ? એવા માનવોને ગોપીઓના પ્રેમપ્રસંગોમાંથી ઉત્સાહ મળશે. સામર્થ્ય સાંપડશે. આશાનાં કિરણો લાધશે. માનવે ગમે તેવા વાતાવરણમાં વસીને ગોપી બનવું જોઈએ. ગોપી બનતાં શીખવું જોઈએ. એવા જ શીલસંયમથી સંપન્ન, પરમકૃપાપાત્ર થવાની ઈચ્છાવાળાનું આગળનું કામ પછી ઈશ્વર કરી દે છે. સઘળું સરળ બને છે, સાનુકૂળ થાય છે.

વૃંદાવનમાં ગોપીઓએ મથુરાથી આવેલા બે મહાપુરૂષોને જોયા. અક્રૂરને માટે ગોપીઓના અલૌકિક અનુરાગને સમજવાનું કાર્ય કઠિન હતું. ગોપીઓના પ્રેમભાવની એમને કલ્પના પણ આવી શકે તેમ ન હતી. ગોપીઓના કૃષ્ણને માટેના અપાર્થિવ અપાર પ્રેમભાવને પેખીને એમનું મન મુગ્ધ થયું. એમને ભગવાન કૃષ્ણે પોતાના વાસ્તવિક વિરાટ સ્વરૂપનો પરિચય કરાવવાની ઈચ્છા કરી હોય તેમ એમના જીવનમાં એક અલૌકિક અનુભવ થયો. એ અનુભવને લીધે એ ભગવાન કૃષ્ણની લોકોત્તરતાને સમજી શક્યા અને ગોપીઓના પ્રેમની ભૂમિકાને પણ અલ્પ પ્રમાણમાં અનુભવી શક્યા.

એ અલૌકિક અનુભવનું આલેખન દસમા સ્કંધના ૩૦ મા અધ્યાયમાં કરવામાં આવ્યું છે.

અક્રૂરે કૃષ્ણ અને બળરામને રથમાં બેસાડીને મથુરાની દિશામાં આવેલી યમુનાના નિર્મળ નીરનું આચમનાદિ કરીને બળરામ સાથે રથમાં પ્રવેશ કર્યો. એમની અનુમતિ મેળવીને અક્રૂરે યમુનામાં જઈને સ્નાન કરવા માંડ્યું. પાણીમાં ડૂબકી મારીને એમણે વેદમંત્રના જપ કરવા માંડ્યા તો એ વખતે પાણીની અંદર કૃષ્ણ અને બળરામને જોયા. અક્રૂરને એવા દર્શનથી આશ્ચર્ય થયું કારણ કે એ બંને તો રથમાં વિરાજેલા. એમણે પાણીમાં પુનઃ ડૂબકી મારી તો એમાં સિદ્ધો, ચારણો, ગંધર્વો અને અસુરો દ્વારા સ્તુતિ કરાતા ભગવાન શેષનાગનું દર્શન કર્યું. એમના ખોળામાં મેઘ જેવા શ્યામ, પીતાંબરધારી ભગવાન દેખાયા. એ ચતુર્ભુજ અને શાંત હતા. એમના દર્શનથી એમની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. એમણે ભગવાનની સ્તુતિ કરી.

યમુનામાંથી બહાર નીકળીને એ કૃષ્ણ તથા બળરામ પાસે પહોંચ્યા ત્યારે એમની દૃષ્ટિ, વૃત્તિ તથા બુદ્ધિમાં આમૂલ પરિવર્તન થઈ ગયેલું.

એ અલૌકિક અનુભવ પછી ગોપીઓની કૃષ્ણ પ્રત્યેની ભાવનાને એ વધારે સારી રીતે સમજી શક્યા.

** ** **

પરમાત્માના પરમપવિત્ર પ્રબળ પ્રેમસંસ્કારોને પોતાના રાગમય હૃદયમાં ધારણ કરીને ગોપીઓ ઘરમાં, વિવિધ પ્રકારના વ્યવસાયોની વચ્ચે, વ્રજમાં રહી તો પણ એમનાં મન કૃષ્ણની આજુબાજુ જ રમ્યાં કરતાં. એમને માટે એ મોટામાં મોટું તપ હતું. કૃષ્ણના સ્થૂલ દર્શન વિનાના કેટલાય દિવસો એમ ને એમ પસાર થઈ ગયા. કૃષ્ણની જાતજાતની લીલાઓની સ્મૃતિ કરીને ગોપીઓ માનસિક સુખશાંતિ, સંતોષ તથા

પ્રેરણાની પ્રાપ્તિ કરતી. કૃષ્ણને મળવાની આશાજ્યોતિ એમના જીવનમાં એકદમ મંદ પડી ગઈ, ત્યારે એક દિવસ આશાનો સૂર્યોદય થયો.

કુરૂક્ષેત્રમાં એ વરસે મહાન સૂર્યગ્રહણ થયું. એમાં ભાગ લેવા માટે કૃષ્ણ તથા બળરામ દ્વારકાથી પધારેલા. સમંતપચંક ક્ષેત્રમાં થયેલા એ ખગ્રાસ સૂર્યગ્રહણનો લાભ લેવા નંદયશોદા, ગોપગોપીઓ, જુદાજુદા રાજાઓ તથા યાદવો પણ પહોંચેલા. ગોપીઓને ત્યાં એ અલૌકિક અવસર પર વરસો પછી કૃષ્ણનો મેળાપ થયો.


દશમ સ્કંધના ઉત્તરાર્ધના અધ્યાય ૮૨ના શ્લોક ૪૦માં કહેવામાં આવ્યું છે કે ગોપીઓ ભગવાન કૃષ્ણનું દૈવી દર્શન કરીને પરમ પ્રસન્નતા પામી. ભગવાનના અખંડ અનિમેષ દર્શનમાં વિક્ષેપરૂપ બનનારી નેત્રો પરની પાંપણો રચવા માટે વિધાતાને ઠપકો આપનારી ગોપીઓ કૃષ્ણને મળીને એમની સાથે યોગીઓને પણ દુર્લભ એવી આત્મિક એકતા પામી. કૃષ્ણે એમને એકાંતમાં મળીને સુમધુર સ્વરે જણાવ્યું, તમને છોડીને મારે મારા જીવનકાર્યને કરવા માટે મથુરા જવું પડ્યું તેનું તમને દુઃખ નથી થતું ? તમે મને કૃતધ્ન તો નથી માનતી ? મારી અવગણના તો નથી કરતી ? ઈશ્વર જ કર્મ સંસ્કારોને અનુલક્ષીને જુદાં જુદાં પ્રાણીઓને એકબીજાં સાથે જોડે છે ને છૂટાં પાડે છે. તમને મારી ઉપર પ્રેમ થયો છે ને મારામાં ભગવદ્ બુદ્ધિ પ્રકટી છે તે અત્યંત કલ્યાણકારક છે, કારણ કે ભગવાનની એકનિષ્ઠ ભક્તિથી જ જીવોનો મોક્ષ થાય છે.

ગોપીઓએ એમની પાસે માગણી કરી કે અમને તમારા ચરણકમળોનું નિરંતર ધ્યાન રહે. એ ચરણકમળોનું મોટામોટા મુનિવરો ને યોગીઓ પણ ધ્યાન ધરે છે અને એ સંસારરૂપી કૂપમાં પડેલાને માટે અમોઘ આલંબનરૂપ છે. અમારાં મનમાં, હૃદયમાં, રોમરોમમાં, તમારા સુધાસભર સ્વરૂપનો પ્રકાશ હો !

આદર્શ ભક્ત કે પ્રેમી એથી અધિક શું ઈચ્છે ?

** ** **

## ABOUT THE AUTHOR



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

*